# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

## ભાગ-૫



: વિવેચનકાર :

**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

**સ્વ. ગુરુદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની**
**જન્મશતાબ્દિના ઉપલક્ષમાં**

# બત્રીશીના સથવારે
# કલ્યાણની પગથારે

**(ભાગ-૫, ૮, ૯, ૧૧મી બત્રીશી)**

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :
શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**


પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૬૭

卐

મૂલ્ય :
રૂા. ૪૦-૦૦


**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦



**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.



ભરત ગ્રાફિક્સ, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : (૦૭૯) ૨૨૧૩૪૧૭૬, મો. ૯૯૨૫૦૨૦૧૦૬



**સકળસંઘહિતૈષી, ૧૦૮ વર્ધમાનતપઓળીના આરાધક, હજારો યુવાનોના પ્રતિબોધક ગુરુદેવ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ની જન્મશતાબ્દી અંગે તેઓશ્રીના અનંત ઉપકારોના ઋણની સ્મૃતિમાં આ ગ્રન્થની શ્રુતરચના સકળ વિશ્વનું મંગળ કરો.**

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે...ના ૪૨ થી ૪૭ અને ૬૨ થી ૬૫ લેખો પાંચમા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પૂ.આ. શ્રી વિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ.આ. **શ્રી વિજય અભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.
- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી શાંતિનાથ ભગવાન્ શ્વે. જૈન સંઘ, મુરુડ જંજીરાને** હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.
- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.
- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું અધ્યયન કરવાની વિનંતી સાથે...



દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

⊙ સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત **પદાર્થો અદ્ભુત-અલૌકિક-**અનુપમ હોય જ એ નિઃશંક છે. આવા પદાર્થોને **ન્યાયાચાર્ય ન્યાયવિશારદ** મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી મહારાજ**નો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના આઠમી-નવમી બત્રીશીના ૪૨ થી ૪૭ નંબરના તથા અગ્યારમી બત્રીશીના ૬૨ થી ૬૫ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં પ્રકાશિત થઈ રહ્યા છે.

⊙ દશમી બત્રીશીના ૪૮ થી ૬૧ નંબરના લેખો ચોથા ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.


⊙ સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા., શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા. આ સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

⊙ પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

પોષ સુદ-૧૨, ૨૦૬૭
સ્વ. ગુરુદેવશ્રીનો
દીક્ષાદિન

ગુરુપાદપદ્મરેણુ
**અભયશેખર**

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર
**શ્રી શાંતિનાથ ભગવાન્ શ્વે.જૈન સંઘ**
**મુરુડ જંજીરાને**
**ફરી ફરી અભિનંદન**



## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

(૧) પ્રકાશક

(૨) ડૉ. હેમંતભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬

(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી
૬-૧૦૯૯, ગોળશેરી, ગલેમંડી, સુરત-૩૯૫ ૦૦૩,
ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨

(૪) નીતિનભાઈ અ. ધામી
૬-એ, શ્યામ સર્જિત એપાર્ટમેન્ટ, મથુરદાસ એક્સ્ટેન્શન રોડ,
કાંદીવલી, (વેસ્ટ) મુંબઈ--૪૦૦૦૬૭.
ફોન : ૨૮૦૭૮૮૩૩

# લેખાંક ૪૨

સાતમી બત્રીશીમાં ભક્ષ્ય શું-અભક્ષ્ય શું ? ગમ્ય કોણ- અગમ્ય કોણ-વાસ્તવિક તપ કયો કહેવાય ? વાસ્તવિક દયા કોને કહેવાય ? વગેરે નિરૂપણ કર્યું. આ ભક્ષ્ય-અભક્ષ્ય વગેરે અંગે અન્ય દર્શનકારો અન્ય પ્રકારની વ્યવસ્થા દર્શાવે છે એટલે કઈ ધર્મવ્યવસ્થા નિર્દોષ છે ? યોગ્ય છે ? વગેરે નિર્ણયો માટે પરસ્પર વિચાર-વિમર્શરૂપ વાદ જરૂરી બને છે. એટલે હવે આઠમી બત્રીશીમાં વાદનું નિરૂપણ કરવામાં આવશે. એમાં સૌ પ્રથમ વાદના પ્રકારો -

તત્ત્વજ્ઞોએ વાદના ત્રણ પ્રકાર આ રીતે જણાવેલ છે-શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ. હવે 'યથોદ્દેશં નિર્દેશઃ' (જે ક્રમે ઉલ્લેખ કરેલો હોય એ ક્રમે નિરૂપણ કરવું) એ ન્યાયે સૌ પ્રથમ શુષ્કવાદનું નિરૂપણ કરાય છે -

દુષ્ટપ્રતિવાદી સાથે કરાતો વાદ એ શુષ્કવાદ છે. જે વાદ કરનારો હોય તે વાદી અને જેની સાથે વાદ કરવાનો હોય છે એ પ્રતિવાદી. આમાં પ્રતિવાદી જો અત્યંત અહંકારી હોય તેમજ તીવ્ર દ્વેષી- તીવ્ર ક્રોધી હોય તો એ દુષ્ટપ્રતિવાદી છે. આવા પ્રતિવાદી સાથે કરાતો વાદ એ શુષ્કવાદ છે. આવા વાદમાં વિજય થાય તો પ્રતિવાદીને અનર્થ થાય છે અને જો પરાજય થાય તો જૈન શાસનની લઘુતા થાય છે. તે આ રીતે-આપણો વિજય થવામાં પ્રતિવાદીનો અહંકાર ઘવાય છે. એના કારણે એને એવો જોરદાર આઘાત લાગે છે કે જેથી કદાચ એ મરી જાય કે કદાચ એ ગાંડો પણ બની જાય. કદાચ આવું ન થાય તો પણ પોતાનું અભિમાન તોડનાર જૈનવાદી પર એના દિલમાં વૈરની ગાંઠ સર્જાય છે, તીવ્રદ્વેષ સર્જાય છે. જેના કારણે એનું સંસાર પરિભ્રમણ વધે છે. પ્રતિવાદીને આવા બધા અનર્થો થાય છે. વળી કદાચ જો એ રાજકીયવગ વગેરેરૂપ કોઈપણ વિશેષ સામર્થ્ય ધરાવતો હોય તો માનભંગ થવાથી ગુસ્સે ભરાયેલો એ,

વિજેતા બનનાર એ વાદી સાધુને મૃત્યુદંડ સુધીની સજા પણ કરાવી શકે છે. અથવા તો એ પૂરા રાજ્યમાંથી શાસનનો ઉચ્છેદ કરાવે એવું પણ બની શકે છે. આ સ્વપક્ષે થનારા અનર્થો છે. શ્રી ખંધકસૂરિ પૂર્વાવસ્થામાં જ્યારે સ્કંદકકુમાર હતા ત્યારે એમનો પાપી પાલક સાથે વાદ થયેલો. પાલકનો એમાં પરાજય થયેલો. પરાજિત થયેલા એણે ત્યારથી મનમાં વૈરની ગાંઠ બાંધેલી. જેના કારણે અવસર મળતાં જ એણે ૫૦૦ શિષ્યો સાથે ખંધકસૂરિને ઘાણીમાં પીલ્યા.

વળી કદાચ જો જૈનસાધુ એ દુષ્ટ પ્રતિવાદી સાથેના વાદમાં હારી જાય તો એ પ્રતિવાદી વધુ ગર્વિત થઈને 'જૈન સાધુ હારી ગયા, માટે જૈનશાસન તુચ્છ છે' વગેરેરૂપે પ્રવચનની હલ્કાઈ કરે... આમ આવા વાદમાં વિજય થાય કે પરાજય થાય, તો પણ કોઈ લાભ થતો નથી. એટલે કે સ્વ-પરને તત્ત્વની પ્રાપ્તિ ... કે માર્ગની પ્રાપ્તિ વગેરે કશો લાભ થતો નથી. તેથી આમાં વાદદરમ્યાન બોલ બોલ કરવાથી માત્ર ગળુ-તાળવું વગેરે સૂકાય છે. માટે આને 'શુષ્ક વાદ' કહે છે.

હવે વાદનો બીજો પ્રકાર-**વિવાદ....**

લાભ, ખ્યાતિ, માન-સન્માન વગેરેના અર્થી દુઃસ્થિત પ્રતિવાદી સાથે જે કરાય છે અને જેમાં છલ-જાતિની પ્રધાનતા હોય છે તે વિવાદ છે. આ વાદનું પણ વિજયની અપ્રાપ્તિ કે વિઘ્નકારિતા એ જ ફળ છે. **પ્રશ્ન :** આમાં દુઃસ્થિતપ્રતિવાદી કોને કહેવાય ? **ઉત્તર :** જે પ્રતિવાદી ધન-ખ્યાતિ- સ્થાન વગેરેની બાબતમાં દરિદ્ર-હીન હોય તે દુઃસ્થિત પ્રતિવાદી છે. આવો પ્રતિવાદી જો ધનપ્રાપ્તિ વગેરેના પ્રયોજનથી વાદ કરવા આવ્યો હોય તો, પોતાનું એ પ્રયોજન પાર પાડવા માટે 'ગમે તે રીતે જીતવું' એ જ એનું લક્ષ્ય હોય છે. તેથી પોતાની બાજી જો બગડતી દેખાય તો એ છલ અને જાતિનો પણ આશ્રય લે છે. જેના અનેક અર્થ સંભવિત હોય એવી વાતને, જે અર્થના અભિપ્રાયથી વાદીએ કહેલી હોય એના કરતાં જુદા

અર્થના અભિપ્રાયથી કહેવાયેલી છે એ રીતે જણાવી પછી એમાં દૂષણ દર્શાવવા એ **છલ** છે. જેમ કે 'નવી કાંબલીવાળો દેવદત્ત આવે છે' આવા અભિપ્રાયે કહેવાયેલા नवकम्बलो देवदत्त आगच्छति આ વાક્યને 'નવ (૯) કાંબલીવાળો દેવદત્ત આવે છે' આ અભિપ્રાયવાળું ઘટાવી એને ખોટું ઠેરવવું એ છલ પ્રયોગ છે. અસત્ય ઉત્તર આપવો એ જાતિ છે. અર્થાત્ વાદીએ સમ્યગ્હેતુ કે સમ્યગ્ હેત્વાભાસનો પ્રયોગ કર્યો હોય ત્યારે તેમાં રહેલા દોષને શીઘ્ર ન પકડી શકવાથી કંઈક હેતુ જેવો જે લાગે તેનાથી ખંડન કરી દેવું એ **જાતિ** છે. જેમકે વાદીએ આવો પ્રયોગ કર્યો હોય કે 'શબ્દ અનિત્ય છે, કારણકે કૃતક (= કરાયેલો) છે, જેમ કે ઘડો' - તો એને ખાલી સાધર્મ્ય પકડીને આમ ખોટી રીતે તોડવાનો પ્રયાસ કરવો કે 'ઘડાની જેમ કૃતક હોવાથી શબ્દ જો અનિત્ય છે તો એ રીતે આકાશની જેમ અમૂર્ત્ત હોવાથી શબ્દ, આકાશની જેમ નિત્ય સિદ્ધ થઈ જશે.' આ જાતિપ્રયોગ છે. આવા છલ અને જાતિની બહુલતાવાળો વાદ વિરુદ્ધ વાદ-વિવાદ બને છે. આમાં સામો પણ છલ-જાતિ વગેરેનું ઉદ્ભાવન કરવામાં પાવરધો હોઈ પ્રાયઃ વિજયપ્રાપ્તિ થતી નથી. વાદી તત્ત્વપ્રતિષ્ઠા માટે ગમે એટલી યુક્તિસંગત દલીલો આપે, તો પણ પ્રતિવાદી એમાં છલ-જાતિ પ્રયોગ કરી અસંગતિનો આભાસ ઊભો કરે છે અને તેથી તત્ત્વની પ્રતિષ્ઠા થતી નથી. કદાચ વાદી અત્યંત અપ્રમાદી-જાગૃત રહે અને તેથી પ્રતિવાદીના દરેક છલ- જાતિનો એ પરિહાર કરે અને એ રીતે વિજય પ્રાપ્ત કરે તો પણ સામા દુઃસ્થિત પ્રતિવાદીને વિઘ્ન કરવાનો દોષ લાગે છે. પ્રતિવાદીનો પરાજય થવાથી એને સ્વઈષ્ટ ધન-ખ્યાતિ વગેરેની પ્રાપ્તિ થતી નથી, કેમકે પરાજય ધનપ્રાપ્તિ વગેરેમાં અવશ્ય વિઘાત કરનાર છે. આ રીતે બીજાને અર્થપ્રાપ્તિમાં વિઘ્ન વગેરે રૂપ અપાયમાં નિમિત્ત બનવું એ પણ સાધુની પરલોક સાધનાનો બાધક છે. તેથી વિવાદમાં પણ વાદીનો વિજય થાય કે પરાજય થાય તો પણ સ્વ-પર ઉપકાર રૂપ અભીષ્ટ કાંઈ ફળ મળતું નથી એ સ્પષ્ટ છે.

વાદના ત્રીજા પ્રકાર **ધર્મવાદનું** સ્વરૂપ - સ્વ = પોતાના શાસ્ત્રતત્ત્વના જાણકાર પાપભીરુ મધ્યસ્થ પ્રતિવાદી સાથે તત્ત્વને પામવા- પમાડવાની બુદ્ધિથી જે ચર્ચા વિચારણા થાય એ 'ધર્મવાદ' કહેવાયો છે. સ્વશાસ્ત્ર એટલે પોતે સ્વીકારેલ દર્શન. એને માન્ય તત્ત્વને જે જાણતો હોય તે જ ચર્ચાવિચારણા દ્વારા એ તત્ત્વ યોગ્ય છે કે અયોગ્ય ? એ જાણી શકે છે અને એના દ્વારા સ્વદર્શન દૂષિત છે કે નિર્દોષ ? એ પણ જાણી શકે છે. આવા સ્વદર્શનનો જાણકાર પણ મધ્યસ્થ હોવો જોઈએ. એટલે કે એ સ્વદર્શનના આત્યંતિક અનુરાગ અને પરદર્શનના આત્યંતિક દ્વેષથી રહિત હોવો જોઈએ. 'સ્વદર્શન યુકિત અસંગત છે' એવું સમ્યગ્યુકિત વગેરેથી સમજાવનાર મળવા છતાં એ સમજવાની કે સ્વીકારવાની તૈયારી ન હોવા રૂપ અપ્રજ્ઞાપનીયતા જેનાથી આવે છે એવા દષ્ટિરાગરૂપે પરિણમેલો સ્વદર્શનનો જે ગાઢ અનુરાગ એ અહીં આત્યંતિક અનુરાગ જાણવો. એમ અન્યદર્શનનો એવો તીવ્ર દ્વેષ કે જે એની યુક્તિસંગત વાતોનો પણ સ્વીકાર ન કરવા દે એ અહીં આત્યંતિક દ્વેષ જાણવો. દરેક વાદી-પ્રતિવાદીમાં સામાન્યકક્ષાના સ્વદર્શનરાગ- અન્ય દર્શન દ્વેષ તો લગભગ હોય જ છે. પણ એ યુક્તિ અસંગત વાતોના ત્યાગમાં અને યુક્તિસંગત વાતોના સ્વીકારમાં બાધક ન હોવાથી ધર્મવાદમાં પણ બાધક બનતા નથી. માટે અહીં 'આત્યંતિક' એવું વિશેષણ મૂકયું છે. આત્યંતિક રાગ-દ્વેષશૂન્ય પ્રતિવાદીને તત્ત્વનું પ્રતિપાદન કરવું સરળ હોય છે, અન્યને નહીં.

પાપભીરુ પ્રતિવાદી અસમંજસ બોલતો નથી. એટલે કે પોતાની હાર જેવું દેખાય તો છલ-જાતિ વગેરે કે બીજું પણ ગમે તે બોલીને વાદને ભાંગી નાંખવા પ્રયાસ કરતો નથી. અને તેથી તત્ત્વની પ્રતિષ્ઠા થઈ શકે છે. તત્ત્વબુદ્ધિથી થતો આવો વાદ ધર્મવાદ = ધર્મના પ્રાધાન્યવાળો વાદ કહેવાય છે.

**પ્રશ્ન :** આ વાદ ધર્મના પ્રાધાન્યવાળો શી રીતે છે ?

**ઉત્તર :** વાદીનો વિજય થાય તો પ્રતિવાદીને ધર્મબોધ વગેરે રૂપ મહાન ફળ પ્રાપ્ત થાય છે. પ્રતિવાદીથી પોતાનો પરાજય થાય તો પોતાના મોહનો નાશ થાય છે. ઉપરોક્ત 'મધ્યસ્થ' વગેરે વિશેષણવાળા પ્રતિવાદીને સ્વદર્શનનો તેવો તીવ્ર રાગ હોતો નથી. એટલે જ્યારે વાદી સાધુનો વિજય થાય છે અને તેથી એ રીતે જૈનદર્શનની વાતો યુક્તિસિદ્ધ હોવી સિદ્ધ થાય છે ત્યારે એ પ્રતિવાદી પોતાના દર્શનને યુક્તિઅસંગત તરીકે સમજી-સ્વીકારી શકે છે અને તેથી તેનો ત્યાગ પણ કરી શકે છે. એ ત્યાગ કરીને એ યુક્તિસંગત તરીકે સિદ્ધ થયેલ જૈન દર્શનને સરળ રીતે સ્વીકારી શકે છે. આમ એને શ્રુતધર્મ કે ચારિત્રધર્મની પ્રાપ્તિરૂપ મહાન લાભ થાય છે. વળી પોતાને પરાજિત કરનાર સાધુ જૈનદર્શન વગેરે પર એને દ્વેષ થતો નથી ને સ્વદર્શનનો અયોગ્ય પક્ષપાત રહેતો નથી. વળી આ બેના કારણે, વિજયી બનેલા સાધુનો કે જૈનદર્શનનો અવર્ણવાદ કરવા એ પ્રેરાતો નથી. આ પણ કાંઈ જેવું તેવું ફળ નથી. કદાચ જો એ પ્રતિવાદીથી વાદી સાધુ પરાજિત થઈ જાય તો પણ એ મધ્યસ્થ પ્રતિવાદી ખોટો ગર્વ કરી મેણાં-ટોણાં નથી મારતો. તેમજ મધ્યસ્થ વાદીને પોતે માનેલા તત્ત્વમાં કયાં દોષ છે- પોતે એ બાબતમાં કઈ રીતે ઉંધી સમજ પકડી બેઠો છે-જેના કારણે પોતે હાર્યો એનો ખ્યાલ આવવાથી પોતાની અતત્ત્વને તત્ત્વરૂપ માનવાની એ વિપરીત સમજ સ્વરૂપ મોહને એ દૂર કરી શકે છે. આમ વાદીનો વિજય થાય કે પ્રતિવાદીનો, બંને રીતે સ્વ-પરને ધર્મનો લાભ થવાથી ધર્મવાદ તો સફળ જ બને છે એ આનાથી સ્પષ્ટ થયું. માટે આ વાદ ધર્મપ્રધાન છે.

(ધર્મવાદ જ બધી રીતે સફળ બને છે એ નિશ્ચિત થયે ગ્રન્થકાર કંઈક ઉપદેશ આપે છે)

આમ ધર્મવાદ ઉભયથા લાભ કરનારો હોવાથી તત્ત્વજ્ઞ તપસ્વીએ ધર્મવાદ જ કરવો જોઈએ. આ ધર્મવાદ તેમજ અન્ય (શુષ્કવાદ કે વિવાદ) પણ દેશ વગેરેની અપેક્ષાએ ગુરુ લાઘવ જોઈને

કરવો જોઈએ. જ્યાં વાદ કરવો છે તે દેશ કુતીર્થિક વગેરેની પ્રચુરતાવાળો છે કે અલ્પતાવાળો ? કાલ દુર્ભિક્ષ છે કે સુભિક્ષ ? રાજા અને સભ્યો તત્ત્વના જાણકાર છે કે અજાણ ? મધ્યસ્થ છે કે પક્ષપાતવાળા ? પ્રતિવાદી વાદ માટે યોગ્ય છે કે અયોગ્ય ? સ્વયં વાદ કરવા માટે સમર્થ છે કે અસમર્થ ? આ બધાની અપેક્ષાએ ગૌરવ-લાઘવનો વિચાર કરવો જોઈએ. એટલે કે આવા દેશ વગેરેમાં વાદ કરવાથી પ્રવચનનું અને મારું ગૌરવ વધશે કે લઘુતા થશે ? લાભ વધુ થશે કે નુકશાન ? એ વિચારવું જોઈએ. જે રીતે ગૌરવ થાય-લાભ સંભવે એ રીતે વાદ કરવો જોઈએ. આમ દેશ વગેરેની અપેક્ષાએ ગુરુ લાઘવનો નિર્ણય કરી મુખ્યતયા ધર્મવાદ જ કરવો. પણ જો વિવક્ષિત દેશ વગેરેમાં ધર્મવાદથી નહીં, અને શુષ્કવાદ કે વિવાદથી લાભપ્રાપ્તિ વધુ હોય અને નુકશાન ઓછું હોય એવું જાણવા મળે તો તેવા દેશ વગેરેમાં શુષ્કવાદ કે વિવાદ પણ કર્તવ્ય છે. આ અપવાદપદે જાણવું. દેશાદિની અપેક્ષાનું સમર્થન કરતા ગ્રન્થકાર કહે છે -

વાદ દેશ વગેરેની અપેક્ષાએ કરવો જોઈએ એવું જે કહ્યું તેમાં પ્રભુ મહાવીરસ્વામીનું દૃષ્ટાન્ત જાણવું. પ્રથમ સમવસરણમાં સભા અયોગ્ય હતી. એટલે ભગવાને ત્યાં ધર્મદેશના આપી નહીં. અને અન્ય પ્રતિબોધ યોગ્ય જીવોથી યુક્ત દેશમાં ધર્મદેશના આપી હતી. એટલે સામાન્યથી ધર્મદેશના માટે પણ દેશ આદિ વગેરેની યોગ્યતા -અયોગ્યતાનો જો વિચાર કરવાનો છે તો વાદ માટે તો એ વિચાર આવશ્યક છે જ એ સમજવું સુગમ છે.

સાંખ્ય વગેરેના ષષ્ટિતંત્ર વગેરે સ્વ-સ્વશાસ્ત્રમાં અહિંસા વગેરે જે ધર્મના સાધનો કહેવાયા છે તે ધર્મવાદનો વિષય છે. એટલે કે અંગે ધર્મવાદ કરવો જોઈએ. કદાગ્રહ દૂર થયે તે ધર્મસાધનો પ્રસ્તુત અર્થ-મોક્ષ માટે ઉપયોગી બને છે. આશય એ છે કે ધર્મવાદથી જ કદાગ્રહ દૂર થાય છે જેથી ઈતરના શાસ્ત્રોમાં કહેલા અહિંસા

વગેરેનો પણ યથાર્થ રૂપે સ્વીકાર થવાથી માર્ગાભિમુખતા થાય છે, જે પરંપરાએ યાવત્ મોક્ષ પ્રાપક બને છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ ધર્મસાધનો છે. જૈન વગેરે દર્શનકારોએ એ બધાનું સ્વસ્વદર્શનમાં વ્રત, ધર્મ, યમ, કુશલધર્મ વગેરે શબ્દોથી કથન કર્યું છે. તે આ રીતે-જૈનો આ પાંચને 'મહાવ્રતો' કહે છે. ભાગવતો આને 'વ્રતો' કહે છે. તેઓ કહે છે કે *"પાંચ વ્રતો છે અને પાંચ ઉપવ્રતો. આમાં વ્રત એટલે અહિંસા વગેરે યમ અને ઉપવ્રત એટલે નિયમ."* પાશુપતો આને ધર્મ કહે છે. તેઓએ આ પ્રમાણે દશ ધર્મ કહ્યા છે. *"અહિંસા, સત્યવચન, અસ્તૈન્ય, અકલ્પના, બ્રહ્મચર્ય, અક્રોધ, આર્જવ, શૌચ, સંતોષ અને ગુરુશુશ્રૂષા એમ દશ ધર્મો કહેવાયા છે."* સાંખ્યોએ અને વ્યાસના અનુયાયીઓએ આને 'યમ' કહ્યા છે. તે આ પ્રમાણે- *"પાંચ યમ છે અને પાંચ નિયમ છે. તેમાં અહિંસા, સત્ય, અસ્તૈન્ય, બ્રહ્મચર્ય અને અવ્યવહાર આ પાંચ યમ છે અને અક્રોધ, ગુરુશુશ્રૂષા, શૌચ, આહારલઘુતા અને અપ્રમાદ આ પાંચ નિયમો છે."* બૌદ્ધો આને 'કુશલધર્મ' કહે છે. તદ્યથા *"દશ અકુશલ આ પ્રમાણે છે-હિંસા-સ્તેય, અન્યથાકામ (પારદારિકતા), પૈશુન્ય, પરુષાનૃત (કઠોર અસત્યવચન) સંભિન્નઆલાપ (અસંબદ્ધ ભાષણ), વ્યાપાદ (પરપીડા ચિંતન), અભિધ્યા (ધન વગેરેનો અસંતોષ એટલે કે પરિગ્રહ), દગ્વિપર્યય (મિથ્યાઅભિનિવેશ) અને પાપકર્મ. આ દશ અકુશલધર્મોનો મન, વચન, કાયાથી ત્યાગ કરવો."* આ દશનો વિપર્યય એ દશ કુશલધર્મ છે. આ જ રીતે આને વૈદિકો વગેરે 'બ્રહ્મ' વગેરે કહે છે. આમ આ ધર્મ સાધનો દરેક દર્શનકારોને જુદા જુદા નામથી માન્ય છે.

**શંકા** - જો દરેક દર્શનકારોને અહિંસા વગેરે સમાન રીતે માન્ય છે તો એ બધા જ મોક્ષમાર્ગના યથાર્થ પ્રરૂપક બની જશે !

**સમાધાન** - બધા દર્શનોએ અહિંસા વગેરે ધર્મસાધનોને જણાવ્યા

છે એ વાત ખરી. તેમ છતાં કયા દર્શનમાં આ અહિંસા વગેરે મુખ્યવૃત્તિએ-અનુપચરિત રીતે ઘટે છે અને કયા દર્શનમાં એ રીતે નથી ઘટતા તે, ધર્મની વિચારણા કરવામાં જેઓ નિષ્ણાત હોય તેવા પ્રાજ્ઞોએ વિચારવું જોઈએ. વળી આ વિચારણા પણ અવ્યગ્ર મનથી કરવી. એટલે કે સ્વશાસ્ત્રનીતિના પ્રણિધાનથી કરવી. આશય એ છે કે જે દર્શનમાં જેવા હિંસા વગેરે પ્રરૂપાયેલા હોય તેવા, તે જ દર્શનના સિદ્ધાન્તોથી ઘટે છે કે નહીં એની વિચારણાનું પ્રણિધાન રાખવું. એક શાસ્ત્રોક્ત અહિંસાદિની વિચારણામાં અન્ય શાસ્ત્રોક્ત સિદ્ધાન્તોને ઘુસાડવા એ વ્યગ્રતા છે, તે ન જોઈએ, કેમકે અન્ય શાસ્ત્રમાન્ય સિદ્ધાન્તોથી અન્યશાસ્ત્રમાં કહેલા પ્રકારવાળી અહિંસા વગેરે ન ઘટી શકે એ તો સ્પષ્ટ જ છે. એટલે સ્વશાસ્ત્રનીતિના પ્રણિધાનથી જ વિષયવ્યવસ્થાનો વિચાર કરવો એ સફળ બને છે. આમ તે તે શાસ્ત્રમાં કહેલ અહિંસા વગેરેનો તે તે શાસ્ત્રના સિદ્ધાન્તોથી વિચાર કરવો જોઈએ એ નક્કી થયું, અન્ય કોઈ બાબતનો વિચાર નહીં, કેમકે એમાં ધર્મવાદનો અભાવ રહે છે.

આ અંગેની વિશેષ વાત આગામી લેખમાં કરીશું. પણ આ લેખમાં જે કહ્યું છે કે *"ઉત્સર્ગમાર્ગે તો ધર્મવાદ જ કરવો જોઈએ. પણ અપવાદપદે દેશ-કાળાદિની અપેક્ષાએ શુષ્કવાદ કે વિવાદ પણ કરવો જોઈએ."* એના પર થોડો વિસ્તાર જરૂરી છે. શ્રી સંઘમાં વર્તમાનમાં તિથિ- નવાંગી ગુરુપૂજન વગેરે જે વિષયો અંગે અલગ-અલગ વિચારધારા ચાલે છે તેના પુરસ્કર્તાઓ પોતપોતાની રીતે શાસ્ત્રપાઠ આપે છે ને એના અર્થઘટન કરે છે... આમાંથી કયું અર્થઘટન યોગ્ય છે એનો નિર્ણય સંવિગ્નગીતાર્થ સિવાય અન્ય કોણ કરી શકે ? શબ્દોની- વાકયોની અર્થબોધ કરાવવામાં ઘણી ઘણી મર્યાદાઓ હોય છે. સંદર્ભ બદલાય... બોલવાની ઢબ બદલાય... તો એના એ જ શબ્દોનો અર્થ સાવ વિપરીત થઈ જતો હોય એવું પણ શકય હોય છે. પ્રસ્તુત શાસ્ત્રવચન સિવાયના શાસ્ત્રવચનો શું

કહે છે ? એનો પણ પ્રસ્તુત શાસ્ત્રવચનના અર્થઘટન પર પ્રભાવ હોય છે. આ બધા જ શાસ્ત્રવચનોને-એના રહસ્યાર્થને ગીતાર્થો સિવાય અન્ય તો કોણ યથાર્થ રીતે જાણતા હોય ? એટલે અન્ય ક્ષેત્રમાં ગમે તેવી અગ્રણી- વિદ્વાન વ્યક્તિ પણ, એમને પ્રસ્તુત શાસ્ત્રવચનો આપવામાં આવે તો પણ, યથાર્થ અર્થઘટન જ કરશે એવી આશા શી રીતે રાખી શકાય ? કારણકે એ ગીતાર્થ ન હોવાથી અન્ય શાસ્ત્રાર્થથી અજાણ છે. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉપદેશપદમાં જે પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ જણાવેલ છે, એમાંથી પ્રસ્તુત વિદ્વાન્ વધુમાં વધુ પદાર્થ સુધી જ પહોંચી શકે છે, કારણકે અન્ય શાસ્ત્રાર્થ એમને ઉપસ્થિત જ ન થવાથી વાક્યાર્થ વગેરે સ્ફુરવા સંભવિત હોતા નથી.

એમાં પણ જેમને સંસ્કૃત-પ્રાકૃતભાષાનો કશો પરિચય હોતો નથી, એમણે તો બીજાએ કરેલા તરજુમા પર જ આધાર રાખવાનો હોય છે. એટલે એમની પાસેથી પ્રસ્તુત શાસ્ત્રવચનનો રહસ્યાર્થ મળી શકે એવી આશા શું રાખી શકાય ?

એટલે જ, ભલે બે ગીતાર્થોના અર્થઘટનમાં ભેદ પડી શકે.. પણ જો બંને આત્માર્થી હોય ને તેથી તત્ત્વનિર્ણય કરવા ચાહતા હોય તેઓ તો સંવિગ્નગીતાર્થોને વાસ્તવિક નિર્ણય આપવાની વિનંતી કરે. ગીતાર્થોમાં સર્વાનુમતે એક નિર્ણય ન થાય તો બહુમતે નિર્ણય કરાય અને એ બધાએ માન્ય કરવાનો રહે. આ શ્રી જૈનશાસનની મર્યાદા છે. કારણકે શ્રી જૈનશાસનમાં ગીતાર્થોની સર્વાનુમતિની જેમ બહુમતિ પણ માન્ય જ છે, એ વાત શ્રી ધર્મરત્ન પ્રકરણમાં કહેલ છે.

આના બદલે જો કોઈ, શાસ્ત્રીયવાતનો નિર્ણય કોર્ટમાં કેસ કરીને કોર્ટ દ્વારા મેળવવા માગે તો એમાં વાસ્તવિક તત્ત્વનિર્ણય મેળવવાની ઇચ્છા કરતાં પૈસા વગેરેના જોરે સ્વમાન્યતાનો નિર્ણય મેળવવાની ઇચ્છા હોવાની શંકા કેમ ન પડે ? 'લાખો રૂપયિાનું દેવદ્રવ્ય પણ વેરીને પોતે લખી આપેલ ચુકાદો મેળવાય છે' આવું

પણ ઘણા સજ્જનો કહેતા હોય છે. 'અમારી માન્યતા સત્ય નથી' ને તેથી જ મધ્યસ્થ ગીતાર્થો સમક્ષ જવામાં તો આપણી હાર જ થાય એમ છે, એના કરતાં જજ પાસેથી યેનકેન પ્રકારેણ સ્વાભિમત નિર્ણય મેળવવાની શકયતા ઘણી જ ઘણી છે, માટે એનો પ્રયાસ જ કેમ ન કરવો ? આવી કોઈ ગણતરી જો હોય તો ત્યાં 'આત્માર્થીપણું નથી... મધ્યસ્થપણે તત્ત્વનિર્ણય કરવાની ઇચ્છા નથી... પણ સ્વાભિમત વાતનો કદાગ્રહ છે.. ને તેથી આ ધર્મવાદ નથી' આવું બધું સિદ્ધ કેમ ન થાય ?

આ અંગેની વિશેષ વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૪૩

શ્રીસંઘમાં શાસ્ત્રવચનોના અર્થઘટનમાં મતભેદ સર્જાય તો સંવિગ્નગીતાર્થ મહાત્માઓ સમક્ષ એ વાત રાખી એનો વાસ્તવિક તત્ત્વનિર્ણય કરાવવો જોઈએ એ શ્રીજૈનશાસનની મર્યાદા છે, આ વાત ગયા લેખમાં આપણે વિચારી રહ્યા હતા. એટલે જ સચ્ચારિત્રચૂડામણિ, સુવિશાલસમુદાય સર્જક સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે પણ પોતાના સમુદાયમાં આ રીતની વ્યવસ્થા કરી હતી. એ વખતે સમુદાયમાં અગ્રણી મહાત્માઓમાં જે સંવિગ્નગીતાર્થો હતા, તેઓની તેઓશ્રીમદે એક સમિતિ બનાવેલી. આ અંગે તેઓના અંતિમઆજ્ઞાપત્રમાં નીચે મુજબની વ્યવસ્થા જણાવેલી - શાસનના તથા સમુદાયના મહત્ત્વના પ્રસંગોમાં નીચે જણાવ્યા મુજબના સ્થવિરોની બનાવેલી સમિતિની સમ્પૂર્ણ સમ્મતિપૂર્વક નિર્ણય તથા અમલ કરાવવો. તેમજ શાસ્ત્રીય પ્રશ્નોમાં મુનિશ્રી જયઘોષ વિ.ની પણ સલાહ લેવી.

(૧) આચાર્ય જમ્બૂસૂરિજી (૨) આ. યશોદેવસૂરિજી (૩) પં.

કનક વિ. (૪) પં. કાન્તિવિ. (૫) પં. ભદ્રંકર વિ. (૬) પં. મૃગાંક વિ. (૭) પં. હેમંત વિ. (૮) પં. મુક્તિ વિ. (૯) પં. હિમાંશુ વિ. (૧૦) પં. ભાનુ વિ. (૧૧) પં. માનતુંગ વિ.

સીધી વાત છે, જે ગીતાર્થ ન હોય તે પોતાના અજ્ઞાનના કારણે અને જે ગીતાર્થ હોવા છતાં સંવિગ્ન ન હોય (= પાપભીરુ ન હોય) તે પોતાના અંગત સ્વાર્થ-અહંકાર-વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા વગેરેના કારણે વાસ્તવિક તત્ત્વનિર્ણય ન જ થવા દે એ અસંભવિત નથી. એટલે એવી વ્યક્તિ અગ્રણી હોય તો પણ એને દૂર રાખવી જ પડે.

અસ્તુ. હવે પ્રસ્તુતમાં આવીએ - વાસ્તવિક તત્ત્વનિર્ણય ધર્મવાદથી જ આવી શકે છે એ વાત આપણે જોઈ. હવે ધર્મવાદથી પણ નિર્ણય શાનો કરવો જોઈએ? છેવટે તો ધર્મસાધના કરીને આત્માને સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પમાડવો એ જ બધાનું મુખ્ય પ્રયોજન છે. એક વાત સમજવા જેવી છે. ભારતદેશને આર્યદેશ કેમ કહેવાય છે ? એટલા માટે કે અહીંથી પ્રાદુર્ભાવ પામેલા ધર્મો-દર્શનોમાંથી એક ચાર્વાકને છોડી દો... કારણ કે એ તો બિલકુલ નાસ્તિક છે. પણ એ સિવાયના બધા દર્શનોનો પાયો એક જ છે, ચાહે એ જૈનદર્શન હોય - બૌદ્ધદર્શન હોય... સાંખ્ય-વેદાંત કે નૈયાયિક દર્શન હોય... બધા જ આત્મતત્ત્વ માને છે, અનાદિકાળથી એમાં કંઈક અશુદ્ધિ વળગેલ છે... આ અશુદ્ધિના કારણે સંસારમાં પરિભ્રમણ છે... આ અશુદ્ધિ યોગ્ય પુરુષાર્થ દ્વારા દૂર થઈ શકે છે. એને દૂર કરવી એ જ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય છે. આ પાયો બધાનો એકસમાન છે. પછી ભલે આત્માનું સ્વરૂપ, અશુદ્ધિનું સ્વરૂપ તથા નામ, અશુદ્ધિને દૂર કરવાના માર્ગની સાધનાનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ... આ બધામાં પરસ્પર મતભેદ હોય... જ્યારે ભારતની બહાર જે ધર્મો ઉદ્ભવ પામ્યા છે જેમકે ઈસાઈ-મુસ્લિમ-યહુદી-પારસી વગેરે... એમાં ક્યાંય મોક્ષની વાતો જાણવા-સાંભળવા મળતી નથી. વધુમાં વધુ સ્વર્ગ સુધી

એમની નજર પહોંચે છે. ઇન્દ્રિયો પર - કષાયો પર સંપૂર્ણ વિજય મેળવવાની કોઈ કલ્પના જ નથી, પછી જીવનના ઉદ્દેશ્ય તરીકે એ વાતો શી રીતે આવે ? એટલે અમુક કક્ષા સુધીના દયા-દાન વગેરે ગુણોવાળું - ભૌતિકદૃષ્ટિએ પણ થોડું ઉન્નતિકર જીવન એ જ લગભગ એમનું લક્ષ્ય જોવા મળે છે.

પણ બૌદ્ધાદિ આર્યદર્શનોનું જ્યારે બધાનું લક્ષ્ય એક જ છે, ત્યારે એને સિદ્ધ કરવાના સાધનભૂત ધર્મસાધનોનો નિશ્ચય કરવો એ જ ધર્મવાદનો મુખ્ય વિષય રહેવો જોઈએ એ વાતનો હવે વિચાર આવે છે - આત્મામાં ધર્મની સિદ્ધિ કરી આપે એવા ધર્મસાધન તરીકે બધા દર્શનોએ અહિંસા વગેરે કહ્યા છે. પણ કયા દર્શનમાં આ અહિંસા વગેરે સીધે સીધા મુખ્ય રીતે ઘટે છે, અને કયા દર્શનમાં એ તે રીતે ઘટતા નથી, ને તેથી પછી ઉપચાર કરીને ઘટાવવા પડે છે. આ બધો નિશ્ચય કરવાનો છે. વસ્તુનો કે વસ્તુસ્થિતિનો જેનાથી નિઃશંક નિશ્ચય થાય એ પ્રમાણ કહેવાય છે. એના વિષયને પ્રમેય કહે છે અને એ નિશ્ચયાત્મક બોધને પ્રમા કહે છે. આમાં પ્રમાણ મુખ્ય છે. આ પ્રમાણ કોને કહેવાય ? એ લક્ષણની અન્ય-અન્ય દર્શનકારોએ ખૂબ વિસ્તૃત ચર્ચાઓ કરી છે. કોઈક કહે છે કે *'જે અવિસંવાદીજ્ઞાન હોય તે પ્રમાણ...'* બીજા કહે છે કે *'સ્વ-પરનો નિશ્ચય કરાવી આપે એવું જ્ઞાન એ પ્રમાણ છે...'* વળી અન્ય કહે છે કે *'અર્થના બોધમાં કારણ બને તે પ્રમાણ...'* તથા ચોથા કોઈક એમ કહે છે કે *'પૂર્વે નિશ્ચિત નહીં કરેલા અર્થનો જે બોધ કરાવે તે પ્રમાણ છે...'* વગેરે વગેરે. આમ પ્રમાણનાં અલગ-અલગ લક્ષણો (= વ્યાખ્યાઓ) અન્ય-અન્ય દર્શનમાં ખૂબ ચર્ચેલાં છે. પછી દરેક દર્શનકાર પોતાના લક્ષણને નિર્દોષ અને અન્યના લક્ષણને સદોષ સાબિત કરવા માટે ખૂબ મથે છે. આ પણ એક મગજનું દહીં કરી નાખનાર વિસ્તૃત-ક્લિષ્ટ ચર્ચા બની રહે છે અને પછી જે મહત્ત્વની ધર્મના સાધનોની વિચારણા આવશ્યક હોય છે તે સાવ કોરાણે રહી

જાય છે. કારણ કે એ માટે સમય કે બુદ્ધિ-વિચારણાશક્તિ ફાજલ રહી શકતા નથી. માટે આપણા પૂર્વાચાર્યો કહે છે કે પ્રમાણનું લક્ષણ શું હોય શકે ? એની ચર્ચામાં પડવું જરૂરી નથી.

**શંકા** - પણ પ્રમાણના લક્ષણનો નિશ્ચય ન થયો હોય તો પ્રમાણ કોને કહેવાય ? એનો જ નિશ્ચય નહીં થવાથી આગળ પ્રમેય વગેરે પણ શી રીતે નિશ્ચિત થશે ?

**સમાધાન** - પ્રમાણનું લક્ષણ પણ છેવટે પ્રમાત્મક જ્ઞાનનો વિષય બનતું હોવાથી એક પ્રકારનું પ્રમેય જ છે. આ પ્રમેયનો નિશ્ચય પણ પ્રમાણથી જ કરવાનો હોય છે. એ નિશ્ચય કરાવનાર પ્રમાણ, જો લક્ષણનો નિશ્ચય થયા પછી જ નિશ્ચય કરાવનાર હોય તો ક્યારેય નિશ્ચયાત્મક બની શકશે નહીં, એ સ્પષ્ટ છે. અને પ્રમાણ લક્ષણાત્મક આ પ્રમેયનો નિશ્ચાયક બની શકશે નહીં, એ સ્પષ્ટ છે. અને પ્રમાણલક્ષણાત્મક આ પ્રમેયનો નિશ્ચય જો, પ્રમાણના લક્ષણના નિશ્ચય વગર પણ શક્ય છે તો અન્ય અહિંસાદિ ધર્મસાધન વગેરે પ્રમેયનો નિશ્ચય પણ એ રીતે શક્ય શા માટે ન બને ? શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે ન્યાયાવતારગ્રન્થના બીજા શ્લોકમાં કહ્યું છે કે *- પ્રમાણો લોકમાં સ્વયં પ્રસિદ્ધ છે = રૂઢ થઈ ગયેલા છે. વળી તે પ્રમાણોથી થયેલ સ્નાન-પાન-દહન-પચન વગેરે ક્રિયારૂપ વ્યવહાર પણ સ્વયં પ્રસિદ્ધ છે. તેથી પ્રમાણના લક્ષણનું જે કથન કરવામાં આવે છે તેનું કોઈ પ્રયોજન દેખાતું નથી.*

આશય એ છે કે પ્રત્યક્ષ-અનુમાન વગેરે પ્રમાણો લોકમાં એટલા રૂઢ છે કે જેથી એના લક્ષણને નહીં જાણનારા એવા પણ ગોપાળ, બાળક, સ્ત્રીઓ વગેરે પ્રત્યક્ષાદિથી ઘટ-પટાદિ પદાર્થોનો બોધ કરે જ છે, પર્વત પર ધૂમાડો જોઈને અગ્નિનો નિશ્ચય કરે જ છે. એમ સ્નાનાદિ ક્રિયારૂપ વ્યવહાર પણ કરે જ છે. પછી પ્રમાણનું લક્ષણ શું છે ? એની પંચાતમાં પડવાનું કોઈ પ્રયોજન જણાતું નથી.

તેથી અહિંસા વગેરે ધર્મસાધનના નિશ્ચય માટે પણ પ્રમાણનું લક્ષણ વગેરે અનુપયોગી હોઈ પ્રસ્તુત ધર્મવાદમાં તેની ચર્ચા અનુપયોગી છે. એટલે હવે અહિંસા વગેરે ધર્મસાધનોનો વાસ્તવિક નિશ્ચય થઈ શકે એવી જ ચર્ચા ધર્મવાદમાં કરવાની રહે છે. એમાં તે તે દર્શનકારોને અહિંસાદિનો નિશ્ચય કરાવનાર પોતપોતાના ષષ્ટિતંત્ર વગેરે ધર્મશાસ્ત્ર જ છે. વળી, આ અહિંસા-સત્ય વગેરે ધર્મસાધનોનો આશ્રય આત્મા છે. એટલે તે તે દર્શનકારોએ પોતાના શાસ્ત્રોમાં આત્માને જેવો માનેલો હોય એવો માનવામાં ખરેખર અહિંસાદિ ઘટે છે કે નહીં ? એનો જ ધર્મવાદમાં મુખ્યરૂપે વિચાર કરીશું.

આ વિચારણા કરીએ તો જણાય છે કે સાંખ્યદર્શન-નૈયાયિક દર્શન વગેરેએ 'આત્મા નિત્ય જ છે' એવો નિત્ય એકાન્ત માન્યો છે. તો તેઓના મતે હિંસા વગેરે મુખ્યવૃત્તિએ શી રીતે ઘટે ? આશય એ છે કે આ દર્શનકારોએ આત્માને એકાન્તે નિત્ય માન્યો છે, એટલે કે કૂટસ્થનિત્ય માન્યો છે... એટલે કે આત્મામાં ક્યારેય પણ કશો પણ ફેરફાર કોઈપણ રીતે થઈ શકતો નથી. જેવો હતો, સોએ સો ટકા એવો જ હમણાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે તો પછી બીજા જીવની હિંસા શું ?

**શંકા** - શરીરથી આત્માને અલગ પાડવો એ હિંસા... આમ ન કહી શકાય ?

**સમાધાન** - પણ આત્મામાં જ્યારે કોઈ ફેરફાર શક્ય જ નથી, ત્યારે 'એ શરીરથી જોડાયેલો હતો અને હિંસા દ્વારા છૂટો પડ્યો...' આવું પણ શી રીતે કહી શકાય ? કારણકે શરીરથી જોડાયેલાપણું અને શરીરથી છૂટ્યાપણું... આ બે ધર્મો જુદા-જુદા હોવાથી કૂટસ્થનિત્યતા ઊભી ન રહી શકે. એટલે જ મૂળમાં તો શરીરને ધારવાપણું પણ સંભવિત ન બનવાથી જન્મ જ ન માની શકાવાના કારણે મૃત્યુ પણ શી રીતે માની શકાય ? વિવક્ષિત શરીર

ધારવાપણું અને એ પૂર્વે એને ન ધારવાપણું... આવો ફેરફાર પણ કૂટસ્થનિત્યમાં સંભવતો નથી જ.

**શંકા** - જ્યાં = જે આકાશપ્રદેશોમાં આત્મા રહ્યો હોય ત્યાં જ શરીરનું પણ રહેવું એ જ જન્મ અને ત્યાંથી એ ખસી જવું એ જ મૃત્યુ... આમ માનવાથી જન્મ-મૃત્યુ ઘટી શકશે ને !

**સમાધાન** - આત્માને કશી જ અસર ન હોવા છતાં શરીરના સંબંધમાત્રથી જન્મ-મરણ થતા હોય તો આકાશના પણ એ થવા જોઈએ. કારણ કે શરીરનો તો ત્યાં-ત્યાં આકાશ સાથે પણ સંયોગ-વિયોગ થતા જ રહેતા હોય છે. પણ શરીર આવો કે જાવ... આકાશને કશી અસર નથી, માટે એના જન્મ-મરણ કહેવાતા નથી.... એટલે આત્માના જન્મ-મરણ જો કહેવા છે તો એને અસર પણ કહેવી જ પડે... અને તો પછી કૂટસ્થનિત્યત્વ રહી જ ન શકે.

**શંકા** - પરમાર્થથી = વસ્તુતઃ તો આત્માના જન્મ-મરણ વગેરે કશું છે જ નહીં, માત્ર એવા લોકવ્યવહારથી જ એ કહેવાય છે.

**સમાધાન** - **જો મરણ** વાસ્તવિક **નથી તો** તો પછી હિંસા-અહિંસા પણ વાસ્તવિક **છે જ નહીં**. અને જે **વાસ્તવિક** નથી, માત્ર ઉપચારથી **છે એવી** હિંસા ન મોક્ષનો પ્રતિબંધ **કરી શકે કે એવી** અહિંસા ન મોક્ષનું કારણ બની શકે. જે વાસ્તવિક ગાય નથી, એવી પથ્થરની ગાય લોકવ્યવહારમાં ગાય કહેવાતી હોવા માત્રથી કાંઈ દૂધ આપતી નથી.

**શંકા** - શરીરના ટૂકડા કરવા એ જ હિંસા છે, ને એ ન થવા દેવા - એ અહિંસા છે... આમ કહીએ તો ?

**સમાધાન** - તો પણ આરો નથી. કારણ કે પછી તો મૃતદેહ પણ શરીર તો છે જ, એનો નાશ કરનાર પણ હિંસક કહેવાશે. વળી, કીડીના શરીરના ટૂકડા થવા પર પણ કોઈ માનવની હિંસા કહે તો એને અટકાવશો શી રીતે ? કારણ કે આત્મા તો બધાના જ બિલકુલ નિર્લેપ-સર્વથાભિન્ન જ માન્યા છે.

તથા, આત્મા કૂટસ્થ નિત્ય હોય તો એને કર્મબંધ પણ શી રીતે સંભવે ? વિવક્ષિતકર્મથી અબદ્ધ આત્મા, એ કર્મના બંધ પછી બદ્ધ બને કે અબદ્ધ જ રહે ? જો બદ્ધ કહેશો તો અબદ્ધમાંથી બદ્ધ થવાના કારણે કૂટસ્થનિત્યતા ન રહે. જો અબદ્ધ જ કહેશો તો આત્મા બદ્ધ જ નથી, પછી મુક્ત પણ શી રીતે થશે ? કારણકે જે બદ્ધ હોય તે જ મુક્ત થાય છે. એટલે આત્માને કૂટસ્થનિત્ય માનવામાં કર્મના બંધ - મોક્ષ સંભવી શકતા નથી. એ જ રીતે સુખ-દુઃખ, જ્ઞાની-અજ્ઞાની... ક્રોધી-ક્ષમાશીલ... વગેરે કશું પણ સંભવી શકતું નથી. કેમકે આત્મામાં જો કોઈપણ ફેરફાર ક્યારેય પણ શક્ય ન હોય તો સુખી આત્મા ત્રણે કાળમાં હંમેશા સુખી જ રહેવો જોઈએ. દુઃખી આત્મા હંમેશા ત્રણે કાળમાં દુઃખી જ રહેવો જોઈએ. એમ ક્રોધી હંમેશા ક્રોધી... ક્ષમાશીલ હંમેશા ક્ષમાશીલ... આમાં ક્યારેય પણ કોઈપણ ફેરફાર થવો ન જોઈએ... વળી ક્રોધ-ક્ષમા વગેરેની માત્રામાં પણ ક્યારેય પણ ફેરફાર ન જ થવો જોઈએ... કારણકે એ થાય તો કૂટસ્થનિત્યતા સંભવી ન શકે.

**શંકા** - આત્માને નિત્ય તો આપણે પણ માનીએ છીએ. પછી આ બધી અસંગતિઓ આપણને પણ આવશે જ ને ?

**સમાધાન** - ના, કારણ કે નિત્ય-નિત્ય માનવામાં પણ ઘણો ફરક છે. એ લોકો આત્માને કૂટસ્થનિત્ય માને છે, જ્યારે આપણે એને પરિણામીનિત્ય માનીએ છીએ. એટલે કે તેઓ એવું માને છે કે આત્મા ક્યારેય પણ કોઈપણ રીતે - કોઈપણ સ્વરૂપે ઉત્પન્ન થતો નથી કે નાશ પામતો નથી... જેવો છે એવો જ - સંપૂર્ણ સ્વરૂપે એવો જ - અંશમાત્ર પણ ફેરફાર વિનાનો હંમેશા રહે છે. જ્યારે આપણે એમ માનીએ છીએ કે આત્મા આત્મદ્રવ્યસ્વરૂપે જ ઉત્પાદ-વિનાશ પામતો નથી... એટલે કે એ રૂપે જ એ નિત્ય છે. પણ આત્માનું માત્ર આટલું જ (= દ્રવ્યાત્મક જ) સ્વરૂપ છે એવું નથી, એનું કથંચિદ્ ભિન્ન એવું પર્યાયાત્મક સ્વરૂપ પણ છે. એટલે કે મનુષ્ય-દેવાદિ

ગતિઓ, ક્રોધ-ક્ષમાદિભાવો, જ્ઞાની-અજ્ઞાની, બદ્ધ-મુક્ત, સંસારી-સિદ્ધ... વગેરે અવસ્થાઓ સ્વરૂપ પર્યાયો પણ આ આત્માનું જ પર્યાયાત્મક સ્વરૂપ છે. એ સ્વરૂપે આત્મા તે તે કાળે ઉત્પન્ન પણ થાય છે અને કાળાન્તરે નાશ પણ પામે જ છે. આ બધા આત્મદ્રવ્યના પરિણામો છે અને આત્મદ્રવ્ય એ પરિણામોનો 'પરિણામી' છે. આ પરિણામીરૂપે એ નિત્ય હોવાથી એને પરિણામીનિત્ય કહેવાય છે. આવો પરિણામી નિત્ય હોવાથી જ એનો શરીર-પ્રાણો સાથે સંબંધ થવારૂપ જન્મ અને એનો વિયોગ થવારૂપ મૃત્યુ-હિંસા વગેરે પણ સંભવી શકે છે. એમ આત્માના ક્રોધાદિ ભાવો... એના કારણે કર્મબંધ અને ક્ષમાદિ સંયમધર્મ વગેરેરૂપ ભાવો... એના કારણે કર્મનિર્જરા - મોક્ષ... વગેરે પણ વાસ્તવિક રીતે સંભવી શકે છે.

માટે આત્માને સાંખ્ય વગેરે દર્શનકારોએ જેવો કૂટસ્થનિત્ય માન્યો છે એવો ન માનવો, પણ જૈનદર્શને જેવો પરિણામીનિત્ય માન્યો છે એવો માનવો... તો એમાં પરમાર્થથી હિંસા-અહિંસા વગેરે બધું જ સંગત બની રહે છે.

વળી, નૈયાયિકોએ આત્માને વિભુ = બ્રહ્માંડવ્યાપી = સર્વવ્યાપી માનેલો છે. આ વાત પણ બરાબર નથી, કારણ કે તો પછી એ સર્વવ્યાપક હોવાથી ક્યાંય જવાનું ઊભું જ નહીં રહે. પછી સંસાર = સંસરણ = એક શરીરમાંથી બીજા શરીરમાં - એક ભવમાંથી બીજા ભવમાં સંસરણ કરવું તે... વગેરે સંગત શી રીતે ઠરે ? તથા વિભુ આત્માને તો આખા વિશ્વમાં રહેલા બધા પુદ્ગલો સાથેસમાન રીતે સંબંધ છે. વળી આત્મા તો કશી ક્રિયા કરતો નથી (કારણ કે નૈયાયિક વગેરેએ વિભુદ્રવ્યમાં આકાશની જેમ કોઈ ક્રિયા માની નથી.) તો ક્યાં તો વિશ્વના બધા જ પુદ્ગલોનું ગ્રહણ થઈ જવું જોઈએ, ક્યાં તો કોઈનું થવું ન જોઈએ... પણ અમુકનું જ થઈને શરીર બને... આવું તો ન જ થવું જોઈએ.

**પ્રશ્ન** - આત્મા જો વિભુ નથી... તો કેવો છે ?

**ઉત્તર** - આત્મા શરીરપ્રમાણ છે. જેટલું જે ભાવમાં શરીર... એટલો આત્મા... કારણકે શરીરમાં જ આત્માના સુખ-દુઃખાદિ ગુણોનો અનુભવ થાય છે, એની બહાર નહીં... માટે શરીરની બહાર આત્માનું અસ્તિત્વ માનવાની જરૂર ન હોવાથી એ વિભુ નથી.

**શંકા** - માટી, ચાકડો, દંડો... વગેરે કારણસામગ્રી જો જિનદત્તના ઘરે છે, તો માટલું કાંઈ દેવદત્તના ઘરે ઉત્પન્ન થતું નથી, એટલે જણાય છે કે જ્યાં કાર્ય ઉત્પન્ન થતું હોય ત્યાં જ કારણસામગ્રી હાજર જોઈએ. વળી તે તે વ્યક્તિના ઉપભોગમાં આવનારી ચીજ કેવી સારી કે નરસી બનશે એમાં એ વ્યક્તિનું અદષ્ટ (= કર્મ-ભાગ્ય) પણ કારણ બનતું હોય છે. હવે એ વસ્તુ તો દુનિયાના કોઈ પણ છેડે બનતી હોય છે. એટલે એ વ્યક્તિનું કર્મ પણ ત્યાં ત્યાં સર્વત્ર માનવું પડે છે. તથા આ અદષ્ટ એ આત્માનો ગુણ છે. ગુણ એ ગુણી વિના રહેતો નથી. માટે તે તે આત્મા વિશ્વના તે તે દરેક સ્થળે રહેલ છે. ઉપભોગમાં આવનાર કોઈક વસ્તુ આજે અહીં ઉત્પન્ન થઈ રહી છે, કાલે અન્યત્ર ઉત્પન્ન થશે... વળી પરમે ઓર અન્યત્ર... એમ ત્રણે કાળમાં સર્વક્ષેત્ર આવરાઈ શકે છે. આ બધા ક્ષેત્રમાં ઉપભોક્તાનું અદષ્ટ અને એના આધાર તરીકે આત્મા હોવા જ જોઈએ. માટે આત્મા વિશ્વવ્યાપી વિભુ છે.

**સમાધાન** - કેટલાંક કારણો અચિન્ત્ય મહિમાવાળા હોય છે. એટલે મોટા ભાગના કારણો સ્વસ્થાનમાં જ કાર્યોત્પાદ કરનારા હોવા છતાં કોઈક કારણ અન્યસ્થાનમાં પણ કાર્યોત્પાદ કરી શકતું હોય છે. જેમકે લોહચુંબક દૂર રહેલા લોખંડને પણ ખેંચી શકે છે. પુદ્ગલના પરિણામ વિચિત્ર હોય છે. એટલે શરીરસ્થ આત્મામાં રહેલ કર્મ પણ દૂર-સુદૂર સ્વીકાર્ય કરી શકે છે. માટે તે તે સ્થાનમાં કર્મની હાજરી માનવી જરૂરી ન રહેવાના કારણે આત્માને પણ ત્યાં ત્યાં સર્વત્ર માનવો જરૂરી ન રહેવાથી આત્મા વિભુ નથી, પણ શરીરસ્થ જ છે. જેમ દીવાના પ્રકાશ પર ગ્લાસ મૂકો તો ગ્લાસ

જેટલા એરિયામાં ફેલાશે. તપેલી-બાલ્ટી મૂકો તો એટલા-એટલા એરિયામાં ફેલાશે... એટલે કે પ્રકાશ સંકોચ-વિકાશશીલ છે. જેવો આધાર મળે એ પ્રમાણે નાનો-મોટો થાય છે. આત્મદ્રવ્ય પણ આવું જ, સંકોચ વિકાશશીલ છે. શરીર જેવું નાનું મોટું મળે છે એમ જીવ નાનો-મોટો થાય છે. કીડીના શરીરમાં કીડી જેટલો અને હાથીના શરીરમાં હાથી જેટલો. હા, કેવલિસમુદ્ઘાતમાં ચોથા સમયે એ સર્વલોકવ્યાપી વિભુ થાય છે, પણ એ એક સમય માટે જ.

માટે સામાન્યથી સંસારી આત્મા શરીરપ્રમાણ હોય છે અને સિદ્ધાવસ્થામાં એ, ચરમભવમાં નિર્વાણ પામવાની અવસ્થામાં શરીરની જે અવગાહના હોય એના બે તૃતીયાંશભાગની અવગાહના વાળો હોય છે, એવું માનવું યોગ્ય છે. પણ એને વિભુ માનવો એ યોગ્ય નથી.

તથા, વસ્તુનું અર્થક્રિયાકારિત્વ એ જ એનું સત્ત્વ = વિદ્યમાનત્વ છે. આવું લગભગ બધાને માન્ય છે. જીવ વગેરે જો કૂટસ્થનિત્ય હોય તો આ અર્થક્રિયાકારિત્વ જ એમાં ન સંભવવાથી એ અસત્ જ બની જાય છે. આ વાત આ રીતે સમજવી - જીવ જે ત્રણે કાળમાં જુદા-જુદા કાળે જુદી-જુદી ક્રિયાઓ કરે છે તે એક જ સ્વભાવથી કે જુદા-જુદા સ્વભાવથી ? જો એક જ સ્વભાવથી... એમ લઈએ તો એ સ્વભાવ તો પ્રથમ સમયે પણ હાજર હોવાથી પ્રથમ સમયે જ બધી ક્રિયાઓ શા માટે ન થઈ જવી જોઈએ ? વળી એ બધી પ્રથમ સમયે જ થઈ જાય તો બીજા સમયથી કશું કરવાનું ન રહેવાથી અર્થક્રિયાકારિત્વ જ ન રહેવાના કારણે વસ્તુ અસત્ જ બની જાય. અને તો પછી વસ્તુમાં ક્ષણિકત્વ જ આવી જાય.

**શંકા** - એનો તો એક જ સ્વભાવ છે. પણ જ્યારે જે સહકારી મળે એને અનુરૂપ કાર્ય થાય છે. માટે કાર્યો ક્રમશઃ થાય છે.

**સમાધાન** - આ વાત પણ બરાબર નથી. કારણ કે સહકારી પણ મૂળભૂત વસ્તુમાં કાંઈ ફેરફાર કરે છે કે નહીં ? જો કરે તો

કૂટસ્થનિત્યતા ન રહે. હવે જો નથી કરતા, તો એ સહકારી અકિંચિત્કર બનવાથી 'એ સહકારી છે, બીજા સહકારી નથી...' આવો ભેદ પણ શું ? વળી કૂટસ્થનિત્યમાં તો સહકારી પ્રાપ્તિ અને અપ્રાપ્તિ એવા બે ધર્મો શી રીતે સંભવી શકે ? માટે જીવાદિવસ્તુઓને કૂટસ્થનિત્ય માનવી યોગ્ય નથી, પણ પરિણામી નિત્ય માનવી - અર્થાત્ નિત્યાનિત્ય માનવી એ જ યોગ્ય છે તો જ એમાં અહિંસાદિ ધર્મસ્થાન સારી રીતે ઘટી શકે છે, એ વિના નહીં... આટલી વાત નિશ્ચિત થઈ.

હવે આગામી લેખમાં જીવાદિને એકાન્તે ક્ષણિક માનવામાં પણ અહિંસાદિ સંભવતા નથી એ જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૪૪

ધર્મવાદ દ્વારા ધર્મસાધન અંગે વિચારણા કરવી જોઈએ. તે તે દર્શનના પાયાના સિદ્ધાંત કેવા હોય તો અહિંસા-સત્ય વગેરે ધર્મસાધનો સુઘટ બને એની ચર્ચા કરીને નિર્ણય કરવો જોઈએ. આ વિષયમાં, આત્માને એકાન્ત નિત્ય-(કૂટસ્થ નિત્ય) માનનાર સાંખ્ય વગેરે દર્શનોના મતે આ અહિંસાદિ ધર્મસાધનો ઘટી શકતા નથી એ આપણે ગયા લેખમાં વિચારી ગયા... હવે જેઓ આત્મા વગેરેને એકાન્તે અનિત્ય-ક્ષણિક માને છે. એટલે કે આત્મા વગેરે બધી ચીજ ક્ષણિક છે. પ્રથમ ક્ષણે ઉત્પન્ન થાય છે, બીજી ક્ષણે નાશ પામી જાય છે. આવું માનનાર બૌદ્ધદર્શન (સુગતદર્શન)ના મતે પણ અહિંસાદિ મુખ્ય રીતે ઘટી શકતા નથી એ વાત આપણે આ લેખમાં જોવી છે. એ માટે સૌ પ્રથમ બૌદ્ધદર્શનની પાયાની વાતોને જાણીએ...

લોકવ્યવહારમાં એમ કહેવાય છે કે મુદ્‌ગર-દંડ-પથ્થર વગેરે ઘડા પર પડે તો ઘડો નાશ પામી જાય છે. અર્થાત્ મુદ્‌ગરપાત કે દંડપાત વગેરે ઘટનાશનું કારણ છે. આના પર બૌદ્ધ એમ કહે છે -

**બૌદ્ધ** - મુદ્ગરપાત વગેરે ઘટનાશનું કારણ નથી... કારણ કે મુદ્ગરપાતથી શું થાય છે ? ઘડો જ બને છે ? કપાલ બને છે ? કે સાવ તુચ્છ એવો ઘટનો અભાવ પેદા થાય છે ? આમ ત્રણ વિકલ્પો છે. આમાંનો પ્રથમ વિકલ્પ તો તમને પણ માન્ય નથી, કારણ કે ઘડો તો પોતાની દંડ-ચક્ર વગેરે સામગ્રીથી બને છે. બીજો વિકલ્પ છે કપાલ (= ઠીકરાં) બને છે. તો ભલે ને બને, એમાં ઘડાને નાશ પામી જવાની શી જરૂર ? પોતાની સામગ્રીથી પટ (=કપડું) ઉત્પન્ન થાય તો ઘટ કાંઈ નાશ પામી જતો નથી, એમ કપાલ ઉત્પન્ન થાય તો પણ એણે નાશ પામી જવાની શી જરૂર ? નહીંતર તો એક નવી વસ્તુ ઉત્પન્ન થવા પર શેષ આખી દુનિયાનો નાશ થઈ જાય, માટે આ બીજો વિકલ્પ પણ બરાબર નથી. વળી ત્રીજો વિકલ્પ પણ ઉચિત નથી. કારણ કે જે સાવ તુચ્છ હોય એ તો ખપુષ્પની જેમ અસત્ હોવાથી ઉત્પન્ન થઈ શકે એમ છે જ નહીં. માટે મુદ્ગરપાતાદિથી ઘટનાશ થાય છે એમ કહી શકાતું નથી... એટલે ઘટનાશનું કોઈ કારણ હોય એ સંભવિત નથી. છતાં એ થાય તો છે જ. માટે વગર કારણે, તથાસ્વભાવે જ ઘડો નાશ પામે છે એમ માનવાનું રહે છે. વળી એ જો સ્વભાવે નાશ પામે છે, તો સ્વભાવ તો પ્રથમ ક્ષણે પણ છે જ. માટે જ ઘડો ઉત્પન્ન થવાની બીજી ક્ષણે જ સ્વભાવથી જ નાશ પામી જાય છે, ને માટે ક્ષણિક છે એમ માનવું જોઈએ.

વળી, ઘડાનો પોતાનો સ્વભાવ કેવો છે ? નાશ પામવાનો કે નહીં પામવાનો ? જો નાશ પામવાનો છે તો બીજી જ ક્ષણે એવા સ્વભાવના કારણે નાશ પામી જ જવાથી ક્ષણિક બની જ જશે. જો નાશ નહીં પામવાનો સ્વભાવ હશે તો એક વાર નહીં, એકસો વાર મુદ્ગરપાત થશે તો પણ એ નાશ નહીં જ પામે. માટે મુદ્ગરપાત તો ઘટનાશનું કારણ છે જ નહીં.

**શંકા** - કેટલોક કાળ ટકીને પછી નાશ પામવું... આવો ઘડાનો સ્વભાવ હોય તો ?

**સમાધાન** - તો પણ એનો ક્યારેય નાશ નહીં થાય. કારણ કે ધારો કે ૧૦૦ ક્ષણ ટકવાનો સ્વભાવ છે... તો ૧૦૦મી ક્ષણે પણ ઘડો હાજર હોવાથી એ સમયે પણ એ સ્વભાવ હાજર રહેવાનો જ. એટલે બીજી ૧૦૦ ક્ષણ એ સ્વભાવના કારણે એને ટકવું જ પડશે. એ જ રીતે આગળ-આગળ પણ ટકવું પડવાથી એનો ક્યારેય નાશ નહીં થાય. વળી, સ્વભાવભેદે વસ્તુભેદ હોય છે. નહીંતર તો ઉષ્ણસ્વભાવવાળો અગ્નિ અને શીતસ્વભાવવાળું પાણી. આ બંને પણ એક જ થઈ જાય. તો, પ્રથમક્ષણીય ઘટ, પ્રથમક્ષણવૃત્તિત્વ સ્વભાવવાળો છે જ્યારે બીજી ક્ષણે એ દ્વિતીયક્ષણવૃત્તિત્વ સ્વભાવવાળો છે. આમ બન્ને ક્ષણના ઘડાઓનો સ્વભાવ જુદો-જુદો હોવાથી બન્ને ઘડા જુદા-જુદા જ છે. જે ઘડો પ્રથમક્ષણે હોય છે એ બીજી ક્ષણે હોતો નથી જ. માટે ઘડો ક્ષણિક જ છે. આ જ રીતે વિશ્વની સમસ્ત વસ્તુઓ - આત્મા પણ ક્ષણિક જ છે.

**શંકા** - ઘડો જો એક જ ક્ષણમાં નાશ પામી જાય છે, તો કાળાન્તરે 'આ એ જ ઘડો છે' એવી પ્રત્યભિજ્ઞા શી રીતે થાય ?

**સમાધાન** - કાપી નાખેલો નખ ફરીથી ઊગવા પર 'આ એ જ નખ છે' એવી પ્રત્યભિજ્ઞા થાય છે જ. પણ અહીં તો નખ નવો જ ઊગ્યો છે માટે નખ એ જ છે એવું નથી, પણ એવો જ છે, માટે આવું જ્ઞાન (પ્રત્યભિજ્ઞા) થાય છે. એમ ઘડો વગેરેપણ એ જ નથી, પણ એવો જ ઉત્તરોત્તરક્ષણે હોવાથી 'આ એ જ ઘડો છે' એવી પ્રત્યભિજ્ઞા થાય છે. એક એક ક્ષણની આ સદૃશ પરંપરા એ સભાગસંતતિ કહેવાય છે અને ઘટનાશ થયા પછી જે ક્ષણે કપાલ ઉત્પન્ન થાય એ ક્ષણે વિસભાગસંતતિ કહેવાય છે. પછી પાછી કપાલક્ષણોની જે પરંપરા ચાલે એ સભાગસંતતિ કહેવાય છે.

આમ બૌદ્ધદર્શનના મતે બધું જ સર્વથા ક્ષણિક-એકાન્તે અનિત્ય જ છે. પોતપોતાના સ્વભાવે જ બીજી ક્ષણે નાશ પામી જાય છે. કોઈ કોઈનો નાશ કરી નાખે છે એવું છે નહીં. હવે આ મતમાં પણ હિંસા

શી રીતે સંભવે ? કારણ કે આ મતે તો આત્માનો પણ કોઈ નાશ કરનાર છે જ નહીં, કિન્તુ આત્મા જ સ્વયં બીજી ક્ષણે નાશ પામી જાય છે એવું હોવાથી 'કોઈએ તેની હિંસા કરી' એવું કઈ રીતે સંભવે ? માટે કોઈથી પણ કોઈની પણ હિંસા સંભવિત ન બનવાથી આખું જગત્ ખૂનામરકીના ઉપદ્રવરહિત બની જવું જોઈએ. વળી, હિંસા જેવી જ જો કોઈ ચીજ નથી, તો 'અહિંસા' પણ શી રીતે હોય શકે ? માટે એકાંત અનિત્યવાદમાં પણ અહિંસા વગેરે ઘટી શકતા નથી.

**બૌદ્ધ** - અમે પદાર્થોનો નાશક નથી માન્યો એ વાત બરાબર. પણ જનક તો માન્યો જ છે. આ જનકને જ હિંસક માનવામાં શું વાંધો છે ?

**લોકવ્યવહાર** - કોના જનકને હિંસક માનશો ? સંતાનના કે ક્ષણના ? સંતાનના જનકને એટલે કે નવા સંતાનના જનકને હિંસક માનવાનો પ્રથમ વિકલ્પ બરાબર નથી. જેની હિંસા કરાઈ રહી છે તે શૂકરક્ષણસંતાનનો છેદ થઈ મનુષ્યક્ષણસંતાન ઉત્પન્ન થવો એ સંતાનભેદ છે. આવા સંતાનભેદનો જનક શિકારી છે. માટે એ શિકારીને હિંસક માનવો જોઈએ, કારણ કે મૂળ સંતાન કરતાં વિસદશસંતાનનો ઉત્પાદક હોઈ એના હિંસકત્વના વ્યવહારની સંગતિ થઈ જાય છે. પણ આવી સંગતિ બરાબર નથી, કારણ કે સંતાન વાસ્તવિક છે કે કાલ્પનિક ? જો સંતાનને વાસ્તવિક કહેશો તો તમારો સર્વ ક્ષણિકનો સિદ્ધાંત જ ઊડી જશે, કારણ કે સંતાન નામની વસ્તુ અક્ષણિક છે. માટે સંતાનને કાલ્પનિક માનવાનો રહે છે. હવે એ જ જ્યારે કાલ્પનિક છે ત્યારે એની ઉત્પત્તિ, એના ઉત્પાદક વગેરે બધું જ કાલ્પનિક બની રહે એ સ્પષ્ટ છે. માટે વાસ્તવિક હિંસા-હિંસક વગેરે ન ઘટે. અલબત્ પૂર્વપક્ષની કલ્પના એવી છે કે પૂર્વસંતાનનો જ જનક નહીં, પણ ઉત્તરકાલીન વિસદશ સંતાનનો જનક એ પૂર્વસંતાનનો હિંસક છે. ગ્રન્થકારનું કહેવું છે કે જે કાલ્પનિક હોય તે જન્ય હોતું નથી, જન્ય તો એ જ હોય છે જે વાસ્તવિક ભાવરૂપ હોય.

'ઉત્તરક્ષણનો જનક એ પૂર્વક્ષણનો હિંસક.' આવો બીજો વિકલ્પ પણ ઉચિત નથી, અર્થાત્ 'ઉત્તરકાલીન મનુષ્યાદિક્ષણનો જે જનક હોય તે પૂર્વકાલીન શૂકરાદિક્ષણનો હિંસક છે' એવું પણ કહી શકાતું નથી, કારણ કે એમાં શૂકર અન્ત્યક્ષણથી વ્યભિચાર પ્રસંગ છે. હિંસકત્વની અતિવ્યાપ્તિ થવી (અહિંસક પણ હિંસક ઠરી જવો) એ અહીં વ્યભિચાર પ્રસંગ છે. એ પ્રસંગ આ રીતે - ક્ષણિકવાદી બૌદ્ધદર્શનવાળાઓએ પૂર્વાપરક્ષણ વચ્ચે ઉપાદાન-ઉપાદેયભાવ માનેલો છે. એટલે કે પૂર્વક્ષણ ઉપાદાન કારણ છે અને ઉત્તરક્ષણ કાર્ય છે. એટલે પ્રસ્તુતમાં ઉત્તરકાલીન મનુષ્યક્ષણનું પૂર્વકાલીન શૂકરઅંતિમક્ષણ પણ જનક કારણ છે જ. માટે જેની હિંસા થઈ રહી છે એ શૂકરક્ષણ પોતે પણ એ હિંસા કરનાર હિંસક બની જવાની આપત્તિ આવશે જ.

**શંકા** - ઘટ હોય જ નહીં તો ઘટધ્વંસ થતો નથી એ જણાવે છે કે ઘટધ્વંસ પ્રત્યે ઘટ પોતે પણ જનક છે જ. એમ પ્રસ્તુતમાં શૂકરક્ષણનાશ પ્રત્યે શૂકરક્ષણ પોતે કારણ છે જ. એટલે એનો પણ હિંસક તરીકે ઉલ્લેખ થાય એમાં આપત્તિ જેવું શું છે ?

**સમાધાન** - એક શિકારીએ બાણ છોડ્યું. એ બાણ બુદ્ધને = બોધિસત્ત્વને લાગ્યું, ને બોધિસત્ત્વ મરી ગયા. હવે તમારી માન્યતા પ્રમાણે તો બોધિસત્ત્વની આ હિંસા પ્રત્યે બોધિસત્ત્વ ખુદ પણ હિંસક છે જ. એટલે કે શિકારી અને બુદ્ધ બન્ને આ બાબતમાં સમાન થઈ ગયા... માટે જેમ શિકારીને હિંસાની વિરતિ નથી એમ બોધિસત્ત્વને પણ હિંસાની વિરતિ સંભવી શકશે નહીં જ. અને એમને જો હિંસાની વિરતિ સંભવતી નથી તો અન્ય કોઈપણ આત્મામાં પણ એ સંભવી શકશે નહીં જ. અને તો પછી જે શાસ્ત્રોમાં હિંસાની વિરતિનું પ્રતિપાદન છે એ શાસ્ત્રો અસંભવિત વાતના પ્રતિપાદક બની રહેશે, ને માટે અસંગત ઠરી જશે. પણ તમને એ ઇષ્ટ તો નથી જ, કારણ કે તમે પણ હિંસાની વિરતિનું પ્રતિપાદન કરનારા આગમો સ્વીકાર્યા છે જ. જેમકે *''દંડપ્રહાર વગેરેથી બધા જીવો ત્રાસ પામે છે. બધા*

*જીવોને જીવન પ્રિય છે. બધા જીવોને સ્વસમાન માનીને કોઈની હિંસા કરવી ન જોઈએ કે અન્ય પાસે કરાવવી ન જોઈએ.* " આવા આગમવચનો તમે પણ માનેલા જ છે જેની અસંગતિ થઈ જતી હોવાથી ચરમક્ષણમાં સ્વહિંસકતાની આવતી આપત્તિને ઈષ્ટાપત્તિ તરીકે સ્વીકારી શકાતી નથી. આમ એકાન્ત ક્ષણિકત્વ માનવામાં અહિંસા ઘટી શકતી નથી.

તથા એકાન્તક્ષણિકત્વ માનવામાં સત્ત્વ = અર્થક્રિયાકારિત્વ પણ સંભવતું નથી. કારણ કે પ્રથમ ક્ષણે અસ્તિત્વમાં આવીને બીજી ક્ષણે સ્વકાર્ય કરે એ પહેલાં તો નાશ પામી જાય છે. વળી તે તે ક્ષણ સ્વકાર્યોને એકસાથે કરે કે ક્રમશઃ ? યુગપદ્ = એકસાથે કરતી હોય એવું તો જોવા પણ મળતું નથી કે મનાતું પણ નથી, કારણ કે કાર્યભેદે સ્વભાવભેદ હોય છે. એટલે યુગપદ્ જેટલાં કાર્યો કરે એટલા સ્વભાવ માનવા જ પડે, તો પછી નિરંશવસ્તુ માનવાની વાત ઊડી જાય. વળી ક્રમશઃ પણ શી રીતે કરે ? કારણ કે ક્ષણમાત્રમાં પોતે જ નાશ પામી જનાર છે.

તથા એકાન્તક્ષણિકત્વવાદમાં પુણ્ય-પાપ કે બંધ-મોક્ષ પણ સંભવતા નથી. આશય એ છે કે બાંધનાર ક્ષણ અલગ છે અને ભોગવનાર ક્ષણ અલગ છે તો કર્મબંધકત્વ અને કર્મભોક્તૃત્વ શી રીતે સંભવે ? દેવદત્ત કર્મ બાંધે અને એનું ફળ યજ્ઞદત્ત ભોગવે... આવું તો કોઈ રીતે માની શકાતું નથી. ક્ષણિકવાદમાં આવું માનવું પડે એ સ્પષ્ટ છે, જે અસંગત હોવાથી પુણ્ય-પાપનો બંધ કે એના ઉદયે સુખ-દુઃખનો અનુભવ માની શકાતા નથી. વળી, અહિંસા-સત્ય વગેરે ધર્મસાધનોને સાધનાર ક્ષણ અલગ છે અને એના ફળરૂપે મુક્ત થનાર ક્ષણ પણ બિલકુલ અલગ છે... તો આ પણ શી રીતે સંભવે ? સાધના કરનાર અલગ અને સિદ્ધિ પામનાર અલગ... આવું હોય તો કોઈપણ સાધના કરે જ શા માટે ? માલ ભગલાને મળતો હોય તો કયો જગલો માર ખાવા તૈયાર થાય ? એટલે સાધના જ અસંભવિત બનવાથી મોક્ષ પણ શી રીતે થાય ?

તથા જે ક્ષણ બદ્ધ થઈ એ તો બદ્ધાવસ્થા સાથે જ ક્ષીણ થઈ ગઈ, એટલે કે એ ક્ષણ તો મુક્ત થતી નથી. અને જે ભાવી ક્ષણ 'મુક્ત' તરીકે અભિપ્રેત છે એ તો બદ્ધ જ નહોતી, પછી 'મુક્ત' શી રીતે કહેવાય ? બંધ વિના મોક્ષ સંભવતો નથી. માટે પૂર્વક્ષણે જે બાંધનાર છે એ જ કાળાન્તરે ભવિષ્યમાં ભોગવનાર છે એમ માનવું જરૂરી છે. એટલે જ ગૌતમબુદ્ધને કાંટો વાગવા પર કહ્યું હતું કે *આજથી પૂર્વના ૭૦મા ભવે મેં એક જીવને ભાલાથી મારી નાખેલો એના કારણે મારા પગમાં આ કાંટો વાગ્યો...* એમ સાધના કરનાર પણ ક્રમશઃ આગળ વધતાં વધતાં એક દિવસ મોક્ષ પામે છે. માટે એકાન્તે ક્ષણિકવાદ પણ ઉચિત નથી.

આમ એકાન્તનિત્યવાદમાં અને એકાન્તઅનિત્યવાદમાં અહિંસા ઘટી શકતી નથી, એ જણાવ્યું... અને એ નથી ઘટતી માટે સત્ય-અચૌર્ય વગેરે પણ ઘટતા નથી. કારણ કે જેમ ધાન્યના રક્ષણ માટે ખેતરને વાડ કરવામાં આવે છે તેમ અહિંસાવ્રતના રક્ષણ માટે સત્યાદિવ્રતોનું વિધાન છે. પણ રક્ષણ કરવા યોગ્ય ધાન્ય ખેતરમાં હોય જ નહીં એને વાડ પણ કોઈ વિચારશીલ પુરુષ ન જ કરે એ સ્પષ્ટ છે. એમ અહિંસા જ નથી, તો પછી સત્યાદિવ્રતનો પણ કયો ડાહ્યો માણસ પ્રયાસ કરે ?

**બૌદ્ધ - 'હું આને હણું' એવો સંકલ્પ જ હિંસા છે, આવો સંકલ્પ કરવો એ જ હિંસકત્વ છે. એવો સંકલ્પ ન થવા દેવો એ જ અહિંસા છે. આવા સંકલ્પરૂપ હિંસા અને એના અભાવરૂપ અહિંસા... આ બન્ને તો ક્ષણિકવાદમાં પણ સુઘટ છે જ... અને તેથી એની વાડરૂપે સત્ય અચૌર્ય વગેરે પણ અસંગત રહેતા નથી.**

**જૈન** - આવી દલીલ પણ તમને શોભતી નથી. કારણ કે તમે એકાન્તે ક્ષણિકત્વ માનો છો... આ એકાન્તક્ષણિકત્વ એટલે પૂર્વક્ષણનો કોઈ જ અંશ ઉત્તરક્ષણમાં આગળ ન વધવો.. વસ્તુ સંપૂર્ણતયા નિરન્વય નાશ પામી જવી તે. જો આ રીતે વસ્તુનું કોઈ જ સ્વરૂપ આગળી ક્ષણમાં

ચાલતું નથી - કોઈ જ અન્વય ચાલતો નથી, તો એમાં કાળાન્તરભાવી ફળનું જનકત્વ સંગત થઈ શકતું નથી. એ સંગત કરવા માટે વસ્તુનું કંઈક પણ સ્વરૂપ આગળી ક્ષણમાં પણ આગળ વધે છે - અર્થાત્ પૂર્વ ક્ષણનો કથંચિદ્ અન્વય ચાલે છે, એવું માનવું પડશે. અને એ જો માનશો તો તમારે અમારા પક્ષમાં જ બેસી જવું પડશે.

અમારો પક્ષ એટલે વીતરાગ સર્વજ્ઞ કથિત મત. આ મતમાં આત્માને નથી એકાન્તે નિત્ય માન્યો કે નથી એકાન્તે ક્ષણિક માન્યો... પણ કથંચિદ્ = અમુક અપેક્ષાએ નિત્ય માન્યો છે અને અમુક અપેક્ષાએ અનિત્ય માન્યો છે. એટલે કે નિત્યાનિત્ય માન્યો છે. તે આ રીતે - આત્માનું આત્મત્વસ્વરૂપ... એટલે કે આત્મદ્રવ્ય... એ પૂર્વક્ષણમાં પણ હોય છે, ઉત્તરક્ષણમાં પણ હોય છે... યાવત્ ત્રણે કાળમાં હોય છે, એ આત્માનું અવિચલિતસ્વરૂપ છે. અર્થાત્ ગમે એટલો અસંખ્ય કે અનંત કાળ પસાર થઈ જાય... આ સ્વરૂપમાં અંશમાત્ર પણ ફેરફાર થતો નથી. આ ફેરફાર ન થવો એ જ વસ્તુનું નિત્યત્વ છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે *તદ્ભાવાવ્યયં નિત્યં... તેનો = વિવક્ષિતભાવનો = સ્વરૂપનો કોઈ જ વ્યય ન થવો = ફેરફાર ન થવો એ નિત્યપણું છે.* આવું નિત્યત્વ જો માનવામાં ન આવે તો પરલોકગમન વગેરેનો અભાવ જ થઈ જાય. તથા આ આત્માનું જ અન્ય મનુષ્યત્વ વગેરે સ્વરૂપ છે, જે ઉત્પન્ન પણ થાય છે ને નાશ પણ પામે છે. વળી જે આત્મા છે એ જ મનુષ્ય છે, કાંઈ સર્વથા અલગ નથી. (જેમ જે સોનું છે એ જ કંકણ છે, સર્વથા ભિન્ન નથી, નહીંતર ૨૫ ગ્રામ સોનું + ૨૫ ગ્રામ કંકણ = કુલ ૫૦ ગ્રામ વજન થવું જોઈએ) માટે આ મનુષ્યત્વાદિરૂપે આત્મામાં અનિત્યત્વ પ્રતીત થાય છે. કેમકે એ રૂપે પણ જો એ અનિત્ય ન હોય તો પરલોકમાં જવા છતાં આત્મત્વની જેમ મનુષ્યત્વ વગેરે ભાવોનો પણ ઉચ્છેદ જ નહીં થાય.

આમ આત્મા અમુક સ્વરૂપે નિત્ય છે અને અમુક સ્વરૂપે અનિત્ય છે, માટે નિત્યાનિત્ય છે. એમાં જે સ્વરૂપે અનિત્ય છે એ સ્વરૂપે એમાં હિંસા / અહિંસાદિ પણ ઘટે છે.

**શંકા** - પણ જે નિત્ય છે એ જ અનિત્ય શી રીતે હોય શકે? આ તો પરસ્પરવિરુદ્ધ વાત છે.

**સમાધાન** - ના, આમાં પરસ્પર વિરોધ નથી. જેમકે અનામિકા આંગળીને જ દીર્ઘ કહેવામાં અને હ્રસ્વ કહેવામાં કોઈ વિરોધ નથી, જો જુદી-જુદી અપેક્ષાએ કહેવાતું હોય તો. જેમકે કનિષ્ઠાની અપેક્ષાએ અનામિકા દીર્ઘ છે, મધ્યમાની અપેક્ષાએ હ્રસ્વ છે. હા, કનિષ્ઠાની અપેક્ષાએ જ દીર્ઘ અને એની અપેક્ષાએ જ હ્રસ્વ કહેવાનું હોય તો જરૂર વિરોધ છે. એમ, આત્માને આત્મદ્રવ્યની (આત્મત્વની) અપેક્ષાએ જ નિત્ય અને એની જ અપેક્ષાએ અનિત્ય કહેવાનો હોય તો જરૂર વિરોધ છે. પણ જો જુદી-જુદી અપેક્ષા હોય તો પછી શો વિરોધ ? આત્મદ્રવ્યની અપેક્ષાએ નિત્ય... મનુષ્યાદિપર્યાયની (મનુષ્યત્વની) અપેક્ષાએ અનિત્ય. આમાં કશો વિરોધ નથી. વૃક્ષ પર શાખા પર કપિનો(વાંદરાનો) સંયોગ છે અને મૂળના ભાગમાં કપિસંયોગનો અભાવ છે. તો શાખાને નજરમાં રાખીને વૃક્ષને કપિ-સંયોગવાળું કહેવું અને મૂળને નજરમાં રાખીને વૃક્ષને કપિસંયોગાભાવવાન્ કહેવું એમાં કોઈ વિરોધ નથી.

વળી જૈનદર્શનમાં આત્માને શરીરથી ભિન્નાભિન્ન મનાયેલો છે, માટે પણ હિંસા વગેરે ઘટી શકે છે. આશય એ છે કે - શરીર મૂર્ત છે જ્યારે આત્મા અમૂર્ત છે, માટે બન્ને વચ્ચે ભેદ છે. વળી, શરીરને કાંટો વગેરે વાગે તો વેદનાનો અનુભવ આત્માને થાય છે. માટે એ અપેક્ષાએ બે વચ્ચે અભેદ છે.

આગમમાં ત્રણ પ્રકારે હિંસા લાગવી કહેલી છે. પીડાકર્તૃત્વથી, દેહની વ્યાપત્તિથી અને દુષ્ટભાવથી હિંસા લાગે છે. આ ત્રણે પ્રકારે લાગતી હિંસા આત્માને નિત્યાનિત્ય માનવાથી જ સંગત ઠરે છે. એકાન્તે નિત્ય કે અનિત્ય માનવાથી નહીં.

[1]પીડા પહોંચાડવામાં જે સ્વતંત્રપણે વ્યાપૃત થાય (જોડાય) તે પીડાનો કર્તા કહેવાય છે. આત્માને એકાન્તે નિત્ય માનવામાં આ કર્તૃત્વ સંભવતું નથી. કારણ કે એકાન્તનિત્યવાદમાં અકર્તા કર્તા શી રીતે બની શકે ? [2]દેહની વ્યાપત્તિ એટલે દેહનો વિનાશ. દેહથી આત્મા સર્વથા અભિન્ન હોય તો આત્માની જેમ દેહનો નાશ પણ થઈ જ ન શકે. સર્વથા ભિન્ન હોય તો દેહનો વિનાશ થવા થવા છતાં આત્માને કશું લાગે વળગે નહીં. ને તેથી હિંસા શી રીતે કહેવાય ? માટે દેહથી આત્માને ભિન્નાભિન્ન માનવામાં જ દેહના વિનાશને હિંસા કહી શકાય છે. આમાં દેહ આત્માથી ભિન્ન હોવાથી આત્માનો નાશ ન થવા છતાં દેહનો નાશ થઈ શકે છે અને અભિન્ન હોવાથી એ દેહનાશની પીડા વગેરેરૂપ અસર આત્માને થાય છે. તથા અભિન્ન હોવાથી જ દેહનાશે કથંચિદ્ આત્મનાશ પણ કહી શકાય છે, માટે હિંસા ઘટી શકે છે.

[3]'આને હણું' વગેરેરૂપ સંક્લેશ એ દુષ્ટભાવ. એકાન્તનિત્યવાદમાં એ સંભવતો નથી, કારણ કે અદુષ્ટભાવ દુષ્ટભાવમાં રૂપાંતરિત થઈ શકતો નથી. તથા એકાન્ત અનિત્યવાદમાં બિલકુલ અન્વય ચાલતો જ ન હોવાથી દુષ્ટભાવનું કાળાન્તરભાવી ફળ મળવું સંભવતું નથી. માટે આત્માને નિત્યાનિત્ય માનવામાં જ ત્રણે અંશની હિંસા ઘટી શકે છે.

એટલે જ એકાંતવાદી દર્શનકારોના શાસ્ત્રો છેવટે તાપ પરીક્ષામાં તો ઉત્તીર્ણ થઈ શકતા નથી જ. 'હિંસા કોઈની પણ કરવી નહીં' એવો નિષેધ હોવાના કારણે કષ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ગ્રન્થ પછી જો પશુબલિવગેરેવાળા યજ્ઞોનું વિધાન કરનાર હોય તો છેદ પરીક્ષામાં નાપાસ થઈ જાય છે. જેમાં એવાં વિધાનો ન હોય એ છેદ પરીક્ષામાં પાસ થાય છે. પણ પછી તે તે દર્શને માનેલા મૂળભૂત સિદ્ધાંતોની સાથે વિધાન-નિષેધોનો મેળ ખાય છે કે નહીં એનો વિચાર કરાય છે અને એ વખતે, એકાન્તનિત્યવાદ કે એકાન્તઅનિત્યવાદનો

સિદ્ધાંત માનનારા શાસ્ત્રો, અહિંસા વગેરે ઘટી શકતા ન હોવાથી આ છેલ્લી તાપ પરીક્ષામાંથી પાસ થતા નથી.

વીતરાગસર્વજ્ઞ પ્રણીત શ્રી જૈન પ્રવચનનો મૂળભૂત સિદ્ધાન્ત નિત્યાનિત્ય વગેરે અનેકાન્તનો હોવાથી એમાં અહિંસા વગેરે સહજ રીતે સુઘટ છે એ આપણે જોઈ ગયા છીએ. માટે જૈન દર્શન કષ-છેદ અને તાપ એ ત્રણે પરીક્ષામાંથી પાસ થાય છે.

હિંસા અંગેનો કેટલોક બાકીનો વિચાર આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૪૫

આત્માને નિત્યાનિત્ય માનનાર જૈનમતે હિંસા-અહિંસા વગેરે સુઘટ છે એ ગયા લેખમાં જોયું. હવે હિંસા અંગેની જ કેટલીક બાકીની વાતોનો આ લેખમાં વિચાર કરવાનો છે.

**પૂર્વપક્ષ** - શિકારીથી હરણ-શૂકર વગેરે જે જીવની હિંસા થઈ રહી છે તે હિંસ્યજીવનું એ વખતે મરણવેદનાનુકૂળ અશુભકર્મ ઉદયમાં હોય છે કે નહીં ? જો એનું એવું અશુભકર્મ ઉદયમાં ન હોય તો શિકારી લાખ મહેનત કરે, એ જીવની હિંસા કરી શકવાનો નથી જ. અને જો અશુભકર્મનો ઉદય હોય, તો એ ઉદયના કારણે જ એ જીવ મરવાનો જ છે, શિકારીએ તીર ન છોડ્યું હોય તો પણ કુદરતી બીજી કોઈ પણ પરિસ્થિતિ એવી નિર્માણ થાય કે એ જીવનું મોત થાય જ. કારણ કે એવો કર્મોદય છે. એટલે મુખ્યતયા તો એવા કર્મોદયના કારણે જ એનું મોત થયું છે, પછી હન્તા શિકારીને શું દોષ લાગે ?

**શંકા** - પણ હન્તા શિકારીએ એવાં તીર વગેરેનાં ઘા કર્યા

છે, માટે હિંસ્યજીવ મર્યો છે ને ! એટલે એ દોષ તો હન્તાને લાગે જ ને !

**સમાધાન : પૂર્વપક્ષ** - એ હિંસ્યજીવના અશુભ કર્મે જ શિકારીને એવી પ્રેરણા કરી છે કે ઘા કર... તેથી હણનારો હણવાની બાબતમાં સ્વતંત્ર ન હોવાથી નિર્દોષ જ કહેવાવો જોઈએ. રાજાની આજ્ઞાથી પ્રેરાઈને કોટવાલ ચોરને ફાંસી આપે તો એમાં કોટવાલ કાંઈ દોષપાત્ર કહેવાતો નથી. હિંસ્યજીવના પાપનો ઉદય જો આમાં ભાગ ન ભજવતો હોય તો તો અહિંસનીય જીવની પણ હિંસા થઇ જવાની આપત્તિ આવે, એટલે કે એની પણ હિંસા થઈ જવી જોઈએ. પણ આવું થતું નથી. માટે માનવું જોઈએ કે પાપકર્મના ઉદયના કારણે જ હિંસા થાય છે. ને તેથી હણનારાને હિંસા લાગવાનો તો સંભવ જ રહેતો નથી.

**ઉત્તરપક્ષ :** તમારી આ વાતો વ્યર્થ છે, કારણ કે હિંસ્યજીવના પાપનો ઉદય છે એ વાત સાચી... પણ એટલા માત્રથી હન્તા નિર્દોષ છૂટી શકતો નથી, કારણ કે એ પણ 'આને મારી નાખું...' એવા દુષ્ટ આશયથી નિમિત્ત બન્યો જ છે, આવા નિમિત્ત બનવું એ જ હિંસકત્વ છે. આશય એ છે કે આવી હિંસાદિ થવામાં સામાન્યથી બે પ્રકારના કારણો હોય છે- આંતરિક અને બાહ્ય. આમાં આંતરિક કારણ તરીકે હિંસ્યજીવનો પાપોદય છે. એટલે જ જ્યારે એનો સાથ ન હોય ત્યારે શિકારી વગેરે ગમે એટલું મથે તો પણ સામા જીવને મારી શકતો નથી. બાહ્ય કારણ છે શિકારી વગેરેની શસ્ત્રપ્રહાર કરવા વગેરેની પ્રવૃત્તિ. શિકારી-શત્રુ વગેરેના દિલમાં એક તો હિંસ્ય જીવને મારી નાખવાની ઈચ્છા છે ને એને અનુરૂપ એ પ્રહારાદિની પ્રવૃત્તિ કરે છે. માટે એ પણ હિંસાનું કારણ બને જ છે ને તેથી એ હિંસક કહેવાય છે.

આમાં આંતરિક કારણ જે પાપોદય છે એ ઘણી તરતમતાવાળો

હોય છે. ક્યારેક કોઈનો એ એટલો પ્રબળ હોય છે કે બાહ્ય રીતે વૈદ્ય વગેરે એ દર્દીને બચાવવાની પ્રામાણિક ઈચ્છાથી શક્ય પ્રયત્ન કરતા હોવા છતાં એ પ્રયત્ન ઉંધો પડે છે અને મોત થાય છે. પણ આવા મોતમાં વૈદરાજ હત્યારા કહેવાતા નથી, કારણ કે એમને તો મારવાનો અભિપ્રાય નહીં, પણ બચાવવાનો જ અભિપ્રાય હોય છે જે દુષ્ટઆશયરૂપ નથી, પણ શુભઆશયરૂપ છે.

ક્યારેક આ પાપોદય અતિતીવ્ર નહીં... છતાં તીવ્ર તો હોય જ છે જે, સામાન્યથી હત્યા ન કરનાર - ન કરી શકનાર પાસે પણ એવી પ્રવૃત્તિ કરાવી દે છે જેથી હિંસ્ય જીવનું મોત થઈ જાય.

તો ક્યારેક આ પાપોદય એવો તીવ્ર નથી હોતો કે અન્ય પાસે એવી પ્રવૃત્તિ કરાવે.. ને તેથી જો એવી પ્રવૃત્તિ ન થાય તો હિંસ્યજીવનું મોત ન પણ થાય. પણ જો હિંસકજીવ એવી પ્રવૃત્તિ કરે જ, તો એ પાપકર્મ ઉદયમાં આવીને હિંસ્યનું મોત કરાવે જ છે. આમાં રહસ્ય એ છે કે સામાન્યથી આપણાં કર્મો પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની અસર હોય છે. જેવા જેવા દ્રવ્યાદિ મળે એ પ્રમાણે કર્મો ઉદયમાં આવે છે અથવા નથી આવતા. જેમકે એક માનવીને હાલ શાતાવેદનીયનો ઉદય છે ને તેથી સ્વાસ્થ્ય સારું છે. પણ દહીં વગેરે વસ્તુઓ, મુંબઈ જેવો ભેજ-પ્રચુરપ્રદેશ, શિયાળો વગેરે પ્રતિકૂળ છે. છતાં એણે એકવાર દહીં ખાધું... તો શરદી-ખાંસી-દમ વગેરે ચાલુ થઈ ગયા. આ પ્રતિકૂળ દ્રવ્યની અસર એવી થઈ કે શાતાનો ઉદય અટકીને અશાતાનો ઉદય ચાલુ થઈ ગયો. એ પછી એણે દવા લીધી... આ દવાદ્રવ્યની અસર એવી થઈ કે પાછો અશાતાનો ઉદય અટકી ગયો અને શાતાનો ઉદય ચાલુ થઈ ગયો. શરાબ પીવાથી જ્ઞાનાવરણ પ્રબળ બને. બ્રાહ્મી વગેરેના સેવનથી જ્ઞાનાવરણનો ઉદય નબળો પડે... યાદશક્તિ વગેરે વધે. આ બધી દ્રવ્યની અસર કર્મ પર કહેવાય. કેટલાય શ્રાવકોને મુંબઈ આવે તો અશાતાનો ઉદય ચાલુ થઈ જાય - દમનો હુમલો આવે... અને દેશમાં જાય તો પાછા

સ્વસ્થ... આ ક્ષેત્રની અસર છે. એમ શિયાળામાં બિમાર રહે ઉનાળામાં શરદી વગેરે ગાયબ... આ કાળની અસર છે.

રાતે વહેલો સૂઈ રહે વહેલો ઊઠે વીર... બળ બુદ્ધિ ધન બહુ વધે, સુખમાં રહે શરીર... પ્રાતઃકાળ લાભાંતરાય-જ્ઞાનાવરણ વગેરે કર્મો પર એવી અસર કરે છે કે જેથી ધન વગેરે વધવામાં સહકાર મળે. આ કાળની અસર છે. એમ પોતાના ક્રોધાદિભાવો અશુભ-કર્મોના ઉદય કરે છે - શુભકર્મોદયને સ્થગિત કરી દે છે. ઘરમાંથી બહાર નીકળતી વખતે ૩ નવકાર ગણવા.. પંચપરમેષ્ઠીને નમસ્કારનો આ શુભભાવ કર્મો પર એવી અસર કરે છે જેથી, કાર્યમાં વિઘ્ન લાવનાર અશુભકર્મો ક્ષય પામે છે કે દબાઈ જાય છે.

માછલીનો ભવ મળવા માત્રથી પાણીમાં તરતા આવડી જાય છે... પક્ષીનો ભવ મળવા માત્રથી ઊડતાં શીખી જવાય છે. દેવ-નારકીનો ભવ મળવા માત્રથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. આવી બધી ભવની અસર કર્મો પર હોય છે.

આમ, આપણાં કર્મો પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવની અસર હોય છે. એક વાત ધ્યાનમાં રાખવી કે જે નિકાચિત કર્મો હોય - અતિતીવ્ર પાવરવાળા હોય.. એના પર દ્રવ્યાદિની અસર ન પણ થાય. એટલે દવા વગેરે લેવા છતાં એવા અવસરે રોગ મટતો ન દેખાય... ને ક્યારેક તો એની જ ઉંધી અસર થવાથી રોગ વકરવા માંડે... એવું પણ બની શકે છે.

તથા, આમ દ્રવ્યાદિની અસર કર્મો પર છે, માટે જ જ્ઞાનીઓ કહે છે કે જે દ્રવ્ય-ક્ષેત્ર વગેરે અશુભકર્મોના ઉદયમાં સામાન્યથી નિમિત્ત બનતા હોય છે, એ બધા અનાયતન કહેવાય છે. આત્મહિતેચ્છુએ અનાયતનથી દૂર રહેવું જોઈએ. એટલે જ બ્રહ્મચર્ય પાળનાર માટે નવવાડ બનાવી છે. એટલે જ મયણાસુંદરી વગેરે મહાસતીઓ જ્યારે પતિનો વિરહ થાય એટલે ભૂમિશયન-

શરીરશૃંગારત્યાગ-સાદગી ભર્યાં વસ્ત્રો-એકાસન... વગેરે શરુ કરી દેતા જેથી વેદમોહનીયનો ઉદય કાંઈ ગરબડ ન કરાવી દે. બાર તિથિ કે પાંચતિથિ બ્રહ્મચર્ય પાળવાના નિયમવાળા શ્રાવકે એ દિવસે-રાત્રે પત્ની સાથે એકાંત ટાળવો એ સહુથી વધુ સુરક્ષિત માર્ગ છે. કારણ કે પુરુષ માટે પત્નીરૂપી દ્રવ્ય, એકાંતવાળું ક્ષેત્ર, રાત્રીનો કાળ, આ બધું પુરુષવેદનો ઉદય કરાવી દે એવા પરિબળો છે. ફિલ્મો-સીરિયલો - એવાં ચિત્રો - એવા ગીત-સંગીત - મેગેઝીન - એવાં લેખો... આ બધું જ વેદમોહનીયકર્મને ઉત્તેજિત કરીને વાસનાને ઉત્તેજિત કરનાર છે. માટે વાસના પર વિજય મેળવવાને ઇચ્છનારે કે વાસના વકરી ન જાય એવા અભિલાષીએ આ બધાથી દૂર રહેવા જેવું છે.

**શંકા** - પુરુષ માટે સ્ત્રીમુખદર્શન જેમ અશુભનિમિત્ત છે, એમ સ્ત્રી માટે પુરુષમુખદર્શન પણ અશુભનિમિત્ત છે જ. તો સાધ્વીજી મહારાજનાં વ્યાખ્યાનમાં પુરુષો જેમ જતા નથી... એમ સાધુ મહારાજનાં વ્યાખ્યાનમાં શ્રાવિકાઓએ પણ ન જ જવું જોઈએ ને ? કારણ કે વ્યાખ્યાન સાંભળતી વખતે શ્રાવિકાઓ સાધુ ભગવંતના મુખ તરફ જોવાની તો છે જ. નીચું જમીન પર જોઈને જ વ્યાખ્યાન સાંભળવામાં તો રસ જ શી રીતે પડે ? ને રસ ન પડે તો પછી ઉંઘ પણ કેમ ન આવી જાય ?

**સમાધાન** - સાધુ ભગવંતોના વૈરાગ્યમય - સાધનામય - સાદગીમય જીવનનો એક પ્રભાવ હોય છે, વળી શ્રાવિકાના દિલમાં પણ અત્યંત પૂજ્યભાવ-બહુમાનભાવ હોય છે તથા વ્યાખ્યાનમાં પણ વૈરાગ્યપ્રેરક વાતો સામાન્યથી આવતી હોય છે. એટલે આ પરિસ્થિતિ અશુભકર્મના ઉદયમાં પ્રાયઃ નિમિત્ત બનતી નથી એમ માનવું પડે. હા, વ્યાખ્યાન સિવાય પણ વંદન કરવા જવું... વ્યર્થ વાતો કરવી... પરસ્પર હસવું-ખીલવું... નિરર્થક ગાંડી ભક્તિના બહાને પરિચય વધારવો - એકબીજાના જીવનની વ્યક્તિગત વાતો

જાણવી - કરવી... આ બધું જ ઉભયપક્ષે ખૂબ જ જોખમકારક છે. સાધુ ભગવંતોના નિર્મળસંયમની ખેવના રાખનારા સકળસંઘે વિજાતીયનો સંપર્ક વધુ ને વધુ ટળી રહે એવું વાતાવરણ પૂરું પાડવાની ફરજ નિભાવવી જોઈએ. આમાં ઉપેક્ષા-બેકાળજી ચલાવી શકાય નહીં.

**શંકા** - આ રીતે તો સાધ્વીજી ભગવંતનું વ્યાખ્યાન શ્રાવકો પણ કેમ સાંભળી ન શકે ? ત્યાં પણ સાધ્વીજી મહારાજના વૈરાગ્ય વગેરે મય જીવનનો પ્રભાવ, શ્રાવકોના દિલમાં અત્યંત પૂજ્યભાવ... તથા વ્યાખ્યાનમાં વૈરાગ્યપ્રેરક વાતો આવતી હોય છે. એટલે આ પરિસ્થિતિ અશુભકર્મના ઉદયમાં પ્રાયઃ નિમિત્ત નહીં બને એમ વિચારી શકાય જ છે. હા, વ્યાખ્યાન સિવાયના પરિચયાદિને શ્રાવકોએ પણ ટાળવો જ જોઈએ.

**સમાધાન** - પણ સાધ્વીજીનું મુખદર્શન એ પુરુષો માટે ગલત વિચારનું કારણ બની શકે છે. માટે એ જોખમી જુગાર છે.

**શંકા** - આ વાત તો બહેનો માટે પણ સમાન જ છે, સાધુમુખદર્શન એમને પણ જોખમી જુગાર ન બની જાય ?

**સમાધાન** - સાધ્વીજી ભગવંતનું માત્ર મુખ જ નહીં... છાતીનો ભાગ પણ પુરુષો માટે જોખમી જુગારરૂપ છે જ. મુખ જોવું ને છાતી ન જોવી એ શું શક્ય છે ? વળી વ્યાખ્યાનમાં હાથ વગેરેનું હલનચલન થવાથી પણ કેવું દર્શન થાય ? માટે એ નિષેધ ઇચ્છનીય કેમ નહીં ?

**શંકા** - આ બધી વાતો સાધુ ભગવંત અને શ્રાવિકા માટે પણ સમાન જ છે. એટલે સાધુ ભગવંતના વ્યાખ્યાન શ્રાવિકાઓ સાંભળી શકે અને સાધ્વીજી મહારાજના વ્યાખ્યાન પુરુષો ન સાંભળી શકે... આ એક પ્રકારનો પક્ષપાત જ છે.

**સમાધાન** - ના, આ પક્ષપાત નથી, કારણ કે સ્ત્રીમુખદર્શન

વગેરે પુરુષને જેટલા શીઘ્ર અને પ્રબળ રીતે વાસના પ્રેરક બને છે એટલા પુરુષમુખદર્શન વગેરે સ્ત્રીને શીઘ્ર અને પ્રબળ રીતે બની શકતા નથી. આ વાત શાસ્ત્રોમાં પણ કરેલી છે અને લોકમાં પણ એકદમ પ્રસિદ્ધ છે.

શાસ્ત્રોમાં આ રીતે, - જે કર્મ સ્ત્રીને ભોગવવાની ઇચ્છા પેદા કરે છે એ પુરુષવેદ કર્મ છે. જે કર્મ પુરુષને ભોગવવાની ઇચ્છા જીવને કરાવે તે સ્ત્રીવેદ છે. આમાં પુરુષવેદને તણખલાના અગ્નિ જેવો કહ્યો છે. જ્યારે સ્ત્રીવેદને પ્રથમ કર્મગ્રન્થમાં બકરીની લીંડીના અગ્નિ જેવો કહેલો છે. આમાં આશય એ છે કે તણખલું સળગે પણ જલ્દી અને સળગ્યા પછી બૂઝાય પણ જલ્દી. જ્યારે લીંડી ઝડપથી સળગતી નથી, અને સળગ્યા પછી ઝડપથી બૂઝાતી નથી. એમ, પુરુષવેદ સ્ત્રીવેદની અપેક્ષાએ જાગૃત પણ જલ્દી થાય છે અને જાગૃત થયા પછી શાંત પણ જલ્દી પડી શકે છે. સ્ત્રીની વાસના જલ્દી જાગૃત થતી નથી, પણ એકવાર એ જો જાગૃત થાય તો, સ્ત્રી એને જલ્દીથી શાંત પણ કરી શકતી નથી.

લોકમાં આ રીતે - પહેલાં જ્યારે મર્યાદાઓ હતી... ત્યારે સ્ત્રીઓ બને ત્યાં સુધી જાહેરમાં આવતી નહોતી... પુરુષો તો આવતા જ હતા... ક્યારેક સ્ત્રીને આવવું પડે તો પણ એ પરદામાં રહેતી કે ઘુંમટો તાણતી... પછી ઉપભોક્તાવાદ આવ્યો.. વિષયોને વધુ ને વધુ ભોગવો...નો વિધ્વંસક વિચાર ફેલાવવા લાગ્યો. એટલે ઘુંમટો ગયો... મુખ ખુલ્લું થયું.. પછી માથું ઓઢવાનું પણ ગયું.. ત્યારબાદ ફેશનના નામે છાતી પણ ખુલ્લી થવા માંડી... ને આજે? નકરું વાસનાનું જ પ્રદર્શન છે. અમને જુઓ ને વાસનાને ઉત્તેજિત કરો... પુરુષની વાસનાને વધુ ને વધુ ઉત્તેજિત કરી શકે એવું જ વસ્ત્ર પહેરવા પાછળ જાણે કે લક્ષ્ય હોય...

અલબત્ત, પહેરવેશ તો પુરુષનો પણ બદલાયો છે... છતાં એમાં એટલી બીભત્સતા આવેલી જોવા મળતી નથી. એ સૂચવે છે કે

પુરુષને જોવા માત્રથી વાસના જાગૃત થઈ જવાની સ્ત્રીઓમાં સંભાવના અપેક્ષાએ ઘણી ઓછી હોય છે. એટલે જ પુરુષને ઉપયોગી વસ્તુઓની (જેમકે દાઢી કરવાની બ્લેડ વગેરેની) જાહેરાતમાં પણ સ્ત્રી જોવા મળશે... પણ એમ સ્ત્રીને જરૂરી ચીજની જાહેરાતમાં પુરુષ લગભગ જોવા નહીં મળે... આવી બધી તો ઢગલાબંધ વાતો છે....

અરે! બીજી શી વાત કરવી ? કેટલાક યુવાનોની આલોચનામાં એવું પણ જાણવા મળે છે કે સાધ્વીજી ભગવંતના મુખ પર માત્ર નજર પડી ને સરાગદષ્ટિથી જોવાનું થયું... આંખમાં વિકાર આવ્યો... પણ કોઈ યુવતીની આલોચનામાં આવું લગભગ જોવા મળતું નથી કે સાધુ મહારાજને જોવા માત્રથી વિકાર જાગૃત થયો હોય. આ બધી વાતો પરથી સ્પષ્ટ છે કે પુરુષના માત્ર મુખદર્શનથી સ્ત્રીને વિકારભાવ આવવાની જેટલી સંભાવના છે એના કરતાં સ્ત્રીના મુખદર્શનમાત્રથી પુરુષને એની સંભાવના કૈંકગણી ઘણી ઘણી વધારે છે. અને એમાં પણ જો સાધ્વીજી મહારાજ યુવાન હોય - થોડા રૂપવાન હોય... કંઠ મધુર હોય... તો પછી પૂછવાનું જ શું ? અને આ પરિબળો એવા છે કે એ પહેલી જ નજરે પુરુષને પોતાની અસર કરી દે છે... એકવાર જ્યારે નજરમાં વિકાર પ્રવેશી જાય છે.. પછી વ્યાખ્યાન-વાણીમાં ગમે એટલો વૈરાગ્ય પીરસાતો હોય તો પણ મન રૂપમાં જ ચોંટેલું રહેવાથી એ વ્યાખ્યાનની અસર શી થાય ? એનાથી લાભ શી રીતે થાય ?

આ ઉપરાંત સ્ત્રી ભોગ્ય છે, પુરુષ ભોક્તા છે... સ્ત્રી-સ્વભાવના કારણે સ્ત્રીઓમાં સરેરાશ રીતે જોવા મળતી વાત-વાતમાં આવર્જિત થઈ જવું - દિલ દઈ બેસવું - શરમ - નરમાશ - અન્ય સ્ત્રી પ્રત્યેનો ઈર્ષ્યાભાવ... સ્વભાવની ક્ષુદ્રતા... આ બધા પરિબળો પણ પુરુષ કરતાં સ્ત્રીની પરિસ્થિતિને બદલી નાખે છે.

પુરુષોની સભામાં સાધ્વીજી મહારાજને વ્યાખ્યાનનો જે નિષેધ કરાય છે એની પાછળ આવાં કારણો વિચારી શકાય છે.

પ્રભુની જે રથયાત્રામાં ભાઈઓ-બહેનો બધાની ઉપસ્થિતિ હોય એમાં યુવાનો દાંડિયા-રાસ લઈ શકે કે નાચી શકે તો યુવતીઓ શા માટે નહીં ? આવા પ્રશ્નનો જવાબ પણ ઉપરના લખાણ પરથી મળી જાય છે. સ્ત્રીઓનું શરીર-અંગોપાંગ જ એવા હોય છે કે સામાન્યથી વાસના પીરસ્યા વગર ન રહે. એમાં પણ નૃત્ય વગેરેમાં વસ્ત્રો આઘા-પાછા થાય.. અંગોપાંગના અંગમરોડ એવા થાય કે નકરી વાસનાનું જ પ્રદર્શન થયા વિના ન રહે. આજના ભોગવિલાસ પ્રચુર કાળમાં, કે જ્યારે મોટા ભાગના પુરુષોની નજર વાસના જ શોધતી ફરતી હોય છે, ત્યારે આવાં દૃશ્યો પુરુષોની શી હાલત કરે ? વીતરાગપ્રભુની રથયાત્રામાં કંઈક પણ આત્મહિતની ઇચ્છાથી આવેલા પુરુષોને પણ વાસનામાં તણાઈ જવાનું થાય તો એમાં નિમિત્ત બનનાર સ્ત્રીઓ પાપથી કેમ ન લેપાય ? માટે આ નિષેધ હોય છે. વળી, આપણા જૈનકુલની બહેનોના રૂપ-શરીરના ઘાટ - વસ્ત્રો - નૃત્યકલા... વગેરે સામાન્યથી અન્ય સ્ત્રીઓ કરતાં વધુ આકર્ષક હોવાના જ. એટલે રથયાત્રા વગેરે વખતે રસ્તા પર રહેલા અજૈન પુરુષો તો વધારે પાગલ બને એવી પૂર્ણ શક્યતા... અસ્તુ...

પ્રસ્તુતમાં આવીએ.. આપણાં કર્મો પર સામાન્યથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવની અસર હોય છે. એટલે હિંસ્યજીવનાં કર્મો ઘણીવાર એવા હોય છે કે પ્રહાર થતું શસ્ત્ર વગેરે રૂપ દ્રવ્યાદિ મળે તો જ ઉદયમાં આવીને મોત કરાવે, અને એવા દ્રવ્યાદિ ન મળે તો સુષુપ્ત રહીને મોત આવવા દેતું નથી. જ્યારે કર્મ જ એવું પાવરફુલ હોય કે મોત કરાવીને જ રહે, ત્યારે પણ શિકારી વગેરે હિંસકજીવે મારવાનો જે સંક્લિષ્ટ વિચાર કર્યો હોય છે ને તદનુરૂપ પ્રવૃત્તિ કરી હોય છે, એના કારણે એ શિકારી વગેરેને હિંસા લાગે જ છે. ક્યારેક હિંસ્યજીવનું પુણ્ય એટલું પાવરધું હોય છે કે શિકારી-શત્રુ વગેરે ગમે એટલા ધમપછાડા કરે તો પણ એ પુણ્ય એ જીવનું રક્ષણ કરીને જ રહે છે. આવા સમયે જીવની હિંસા થઈ ન હોવા

છતાં, એ શત્રુ વગેરેને પોતાના હિંસક પરિણામોના કારણે હિંસાનો દોષ લાગે જ છે. ક્યારેક કોઈક દર્દી વગેરેનો પાપોદય એટલો તીવ્ર બન્યો હોય છે કે જેથી વૈદ-ડૉક્ટરના ગમે એટલા શુભનિષ્ઠા સાથેના પ્રયાસો હોવા છતાં એને બચાવી શકતા નથી. ઉપરથી ક્યારેક દવા જ ઉંધી પડવાથી મોત થઈ જાય છે. પણ આવા અવસરે હિંસા થઈ હોવા છતાં, એ વૈદ્યાદિની નિષ્ઠા શુભ હોવાથી એમને હિંસા લાગતી નથી.

**શંકા** - જેમ ગ્લાન-તપસ્વી વગેરેને સંયમ યોગમાં સહાયક બનવા દ્વારા કર્મનિર્જરામાં નિમિત્ત બનનારો સેવા કરનારો મુનિ વૈયાવચ્ચી કહેવાય છે, એમ હિંસ્યજીવને કર્મ ખપાવવામાં સહાયક બનનારો હોવાથી શિકારી વગેરે પણ વૈયાવચ્ચી કહેવાવા જોઈએ ને ?

**સમાધાન** - ના, કારણ કે વૈયાવચ્ચી મુનિની જેમ વૈયાવચ્ચ કરવા વગેરેના શુભભાવ એને હોતા નથી, ઉપરથી હત્યા કરવાનો અશુભભાવ હોય છે, માટે એ હત્યારો કહેવાય છે અને એને હિંસા લાગે જ છે.

આમ જૈન માન્યતાનુસાર આત્મા પરિણામી નિત્ય હોવાથી એમાં હિંસા-હિંસકત્વ વગેરે બધું સુસંગત ઠરે છે અને એ જ જીવને જ્ઞાની ગુરુભગવંતોનો ઉપદેશ વગેરે મળે, તથા એનું આવારક કર્મ સોપક્રમ હોય તો એ કર્મનો નાશ સંભવિત હોવાથી હિંસાની નિવૃત્તિ = હિંસાની વિરતિ પણ શક્ય બને છે, કારણ કે શુભઆશયની વૃદ્ધિ થયેલી હોય છે.

ઉપદેશશ્રવણ, પ્રભુભક્તિ, ગુરુવિનય, અનિત્યાદિ વૈરાગ્ય-પોષક ભાવનાઓ... આ બધાથી મોહનીયકર્મનો ક્ષયોપશમ થાય છે. એમાં જો દર્શનમોહનીયનો ક્ષયોપશમ થાય તો જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયરૂપ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય તો દેશવિરતિની પ્રાપ્તિ થાય છે અને પ્રત્યા-

ખ્યાનાવરણ કષાયરૂપ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય તો સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. આમાં 'આને હણું' આવો દુષ્ટ આશય દૂર થાય છે, અને 'કોઈને પણ હણીશ નહીં...' એવો શુભ આશય પેદા થાય છે.

**શંકા** - પણ કર્મો તો અતીન્દ્રિય હોય છે. એ સોપક્રમ છે કે નિરુપક્રમ ? આપણને શું ખબર પડે ?

**સમાધાન** - ઉપદેશશ્રવણ, પ્રભુભક્તિ, ગુરુભક્તિ, સાધુસેવા.. વગેરેની રુચિ અને આચરણથી કર્મ સોપક્રમ હોવાની સંભાવના વ્યક્ત થાય છે.

**શંકા** - છતાં એનો નિશ્ચય તો શક્ય નથી જ. અને કર્મ જો નિરુપક્રમ હોય તો આ ઉપદેશશ્રવણાદિ કારગત નીવડતા નથી. એટલે, જો મારું કર્મ સોપક્રમ હશે તો 'આ ઉપદેશશ્રવણાદિ ઉપાયભૂત છે, અને જો કર્મ નિરુપક્રમ હશે તો એ ઉપાયભૂત નહીં બને' આમ ઉપાયનો સંશય જ રહેશે. અને તેથી એ પ્રવૃત્તિ જ નહીં થાય, કારણ કે પ્રવૃત્તિ માટે નિશ્ચય કારણ છે. વળી પ્રવૃત્તિ જ નહીં થાય એટલે કર્મ સોપક્રમ હોવાની સંભાવના પણ વ્યક્ત નહીં જ થાય.

**સમાધાન** - લાભનો નિશ્ચય પ્રવૃત્તિ કરાવે છે અને નુકસાનનો નિશ્ચય નિવૃત્તિ કરાવે છે એવી માન્યતાના કારણે તમે આવી શંકા કરી રહ્યા છો. પણ વાસ્તવિકતા આ નથી. લાભની સંભાવના પ્રવૃત્તિ કરાવે છે (એટલે જ, વૃષ્ટિ થશે જ અને સારો પાક થશે જ એવો નિશ્ચય નથી, પણ સંભાવના છે, માટે ખેડૂત ખેતી કરે જ છે. એમ 'આમાં ઝેર છે' એવો નિશ્ચય ભલે નથી, પણ સંશય-સંભાવના છે, તો માણસ દુધપાક ખાતો નથી જ.) એટલે કે નુકશાનની સંભાવના માત્રથી નિવૃત્તિ થાય છે. એટલે મારું કર્મ સોપક્રમ હશે એવી સંભાવનાથી ઉપદેશ શ્રવણાદિ પ્રવૃત્તિ થાય જ છે, ને એનાથી ઉપરોક્ત સૂચન પણ મળી શકે છે.

સદુપદેશ વગેરેથી થયેલ હિંસાની નિવૃત્તિ એ પરમાનંદસંપત્તિ મોક્ષનું બીજ છે, અને એ મુખ્ય અહિંસા છે. કારણ કે એમાં કોઈ ઉપચાર કરવાની જરૂર નથી. આ અહિંસારૂપી બીજમાંથી સત્ય વગેરે વ્રતરૂપ નવા પલ્લવ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે વાદબત્રીશી પૂર્ણ થઈ. હવે આગામી લેખથી નવમી કથાબત્રીશી જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૪૬

આઠમી વાદ બત્રીશી પૂરી થઈ. હવે આ લેખથી નવમી કથાબત્રીશીનો વિચાર કરીશું. કથા ચાર પ્રકારે છે. અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા. શ્રીદશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિ વગેરેમાં આ ચાર કથાઓનો અધિકાર આવે છે. એને અનુસરીને ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આ બત્રીશીનું નિરૂપણ કર્યું છે.

જે ક્રમમાં ઉલ્લેખ કરેલો હોય એ ક્રમમાં નિરૂપણ કરવું જોઈએ એવા નિયમને નજરમાં રાખીને સહુ પ્રથમ ઉલ્લેખાયેલ અર્થકથાનું ગ્રન્થકાર સહુ પ્રથમ નિરૂપણ કરે છે. **અર્થકથા** - અર્થપ્રાપ્તિના ઉપાયોનું જેમાં વર્ણન હોય એવી કથા એ અર્થકથા કહેવાય છે. આ કથાથી અર્થરસિક જીવો આકર્ષાય છે. વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષતા, સામ-દામ-દંડ અને ભેદ... આ બધા અર્થોપાર્જનના ઉપાય છે. જેની અધિષ્ઠાયિકા દેવી હોય... અને જે સાધના દ્વારા સિદ્ધ થાય એ વિદ્યા છે. આ વિદ્યાઓ અનેક પ્રકારની હોય છે... એમાંથી અમુક ચોક્કસ વિદ્યા દ્વારા ધનપ્રાપ્તિ થતી હોય છે... (જેના અધિષ્ઠાયક દેવ હોય.. અને જે પાઠ કરવા માત્રથી સિદ્ધ થઈ જાય એ મન્ત્ર કહેવાય છે. કેટલાક મન્ત્રો પણ ધનપ્રાપ્તિ કરાવનારા હોય છે. એટલે અહીં વિદ્યાનો જે ઉલ્લેખ છે એનાથી મન્ત્રનો પણ સમાવેશ કરી લેવાનો છે.) જ્યારે કથાકાર

આવી કોઈ વિદ્યા કે મન્ત્રની વાતો કરતો હોય... અથવા એને સાધવાનો આમ્નાય (= પૂર્વ પુરુષોથી ચાલી આવેલી સાધના પદ્ધતિઓ) વર્ણવતો હોય... એમ આવી વિદ્યાથી કોઈકને થયેલ ધનપ્રાપ્તિનું વર્ણન કરતો હોય... તો આ બધી કથા એ અર્થકથા છે. આને સાંભળવાથી શ્રોતાને પણ આવી વિદ્યા મેળવવાની - સાધવાની તાલાવેલી જાગે છે.

**શિલ્પ** - તે તેના નિષ્ણાત આચાર્ય (= શિક્ષક) પાસેથી ભણીને જે શીખવામાં આવે તે શિલ્પ. શાસ્ત્રોમાં આવા ૧૦૦ શિલ્પ હોવાની વાત આવે છે. આજકાલ ડૉક્ટરી - વકીલાત વગેરે જે શીખવામાં આવે છે તે પણ શિલ્પ જાણવા... આ ભણવાથી તમને અવશ્ય ધંધો રોજગાર મળશે... આ ભણવાથી પ્રારંભથી જ તમને આવો પગાર મળશે... વગેરે વગેરે વાતો આમાં આવી શકે.

**ઉપાય** - અર્થશાસ્ત્ર વગેરેમાં બતાવેલા ધનપ્રાપ્તિના અનેક પ્રકારના સાધનો એ ઉપાય. એ બધાનું જેમાં વર્ણન કરાય... એના પ્રભાવે અર્થોપાર્જન કેટલું સરળ અને પ્રબળ બને એવી બધી વાતો આમાં આવે.

**અનિર્વેદ** - ધન કમાવવા માટે ક્યારેક ધાર્યા કરતાં વધારે પુરુષાર્થ પણ કરવો પડે... લાંબો સમય પ્રતીક્ષા કરવી પડે... ઘણાં ઘણાં પ્રયત્નો છતાં ધન મળતું ન જણાય.. આવે વખતે કંટાળો ન આવવો જોઈએ... કે નિરાશા-હતાશા ન થવી જોઈએ. આને અનુરૂપ વાતો પણ અર્થકથા છે.

**સંચય** - પૈસો પૈસાને ખેંચે... તમે ધનસંચય કર્યો હોય તો એનું રોકાણ કરીને નવા નવા ધંધા કરી શકો... ધન સાચવેલું હોય તો ગમે ત્યારે કામમાં આવે... વગેરે વાતો.

**દક્ષતા** = નિપુણતા... ધંધો કરવાની હોંશિયારી...એના વર્ણન વગેરે.

સામ વગેરે ચારની સમજણ માટે શાસ્ત્રોમાં નીચેની કથા આવે છે - આમ તેમ ભમતાં શિયાળ વડે એક મરેલો હાથી દેખાયો. એ વિચારે છે - આ કલેવરથી મારું દીર્ઘકાળનું ભોજન થઈ જશે.. માટે મારે કોઈને લેવા દેવું નહીં... થોડીવારમાં ત્યાં સિંહ આવ્યો. એટલે શિયાળ વિચારે છે કે મારે હોંશિયારીપૂર્વક સાવધાન રહેવાનું છે. સિંહે પૂછ્યું : અરે ! ભાણજા ! કેમ છે ? શિયાળ : મામા ! મજામાં છું. સિંહ : આ કોણ મરેલું છે ? શિયાળ : હાથી... સિંહ : કોણે માર્યો ? શિયાળ : વાઘે.... સિંહ વિચારે છે - મારા કરતાં હીણજાતિવાળા વાઘે માર્યો છે, પછી હું શી રીતે ખાઉં ? એમ જ ત્યાંથી નીકળી ગયો... થોડી વારમાં વાઘ આવ્યો. એણે પણ બધી પૃચ્છા કરી... છેલ્લે એને શિયાળે જવાબ આપ્યો કે આ હાથીને સિંહે માર્યો છે ને સિંહ હમણાં પાણી પીવા ગયો છે. આ સાંભળીને વાઘ ભાગી જ ગયો.. આ ભેદ છે. થોડીવારમાં કાગડો આવ્યો. શિયાળ વિચારે છે - જો આને નહીં આપું તો કા-કા કરી મૂકશે. બીજા પણ ઘણા કાગડા આવી જશે. એ બધા કાગડાના અવાજથી અન્ય પણ ઘણા શિયાળ વગેરે આવી પડશે. પછી કેટલાને વારીશ ? એના કરતાં આ કાગડાને જ થોડું આપી દઉં... એટલે એક ટૂકડો છેદીને એને આપ્યો. એ કાગડો પણ એ માંસનો લોચો લઈને રવાના થઈ ગયો. હવે આવ્યું શિયાળ. આ શિયાળે વિચાર્યું કે બળ વાપરીને પણ આને હટાવવું. એટલે એકદમ ભવાં ચઢાવીને અત્યંત ઝડપપૂર્વક પોતે એ શિયાળ તરફ ધસ્યો. શિયાળ તો એકદમ ગભરાઈને ભાગી જ ગયું. **પંચતંત્રમાં** કહ્યું છે કે *ઉત્તમને ઝુકી જવા દ્વારા, શૂરવીરને ભેદનીતિ દ્વારા, નીચને થોડું આપી દેવા દ્વારા તથા સમાનબળીને પરાક્રમ દ્વારા (સ્વઈષ્ટથી) દૂર રાખવા - દૂર કરવા.*

એમ પોતાને કોઈ વેપારની તક મળી હોય ત્યારે બીજાઓને યથાયોગ્ય સામ વગેરે દ્વારા દૂર રાખવા.... એનો ઉપદેશ આપવો એ અર્થકથા...

**શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ** અને તેની વૃત્તિમાં જુદી જુદી વ્યક્તિ શાના દ્વારા અર્થોપાર્જન કરે છે ? એ માટે નીચેની કથા જણાવેલી છે. કુમારાવસ્થામાં રહેલો બ્રહ્મદત્ત, કુમાર મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર અને સાર્થવાહ પુત્ર... આ ચારે કુમારો મિત્રો હતા. એકવાર પરસ્પર વાત નીકળી કે કોણ શાનાથી જીવે છે ? રાજપુત્ર બ્રહ્મદત્તે કહ્યું - હું પુણ્યથી જીવું છું. અમાત્યપુત્રે કહ્યું કે હું બુદ્ધિથી જીવું છું. 'હું રૂપવાનપણાંથી જીવું છું' એવું શ્રેષ્ઠીપુત્રનું કહેવું હતું. જયારે સાર્થવાહપુત્રનો જવાબ હતો કે હું (વેપારની) કુશળતાથી જીવું છું. ચારે જણાએ નક્કી કર્યું કે અન્યત્ર જઈને આનો નિશ્ચય કરીએ. જ્યાં ચારેયને કોઈ ઓળખતું નહોતું એવા નગરમાં ગયા. ઉદ્યાનમાં રહ્યા. જે કુશળ હતો તે સાર્થવાહપુત્રને કહ્યું કે આજે આપણા ભોજનની વ્યવસ્થા તારા શિરે. એ બજારમાં ગયો અને એક વૃદ્ધની દુકાને જઈને બેઠો. તે દિવસે કોઈપણ ઉત્સવ હતો. એટલે ઘણા ઘરાકો એ વૃદ્ધ વાણિયાની દુકાને આવ્યા. પડીકા બાંધીને માલ આપવામાં એ વૃદ્ધ પહોંચી વળતો નહોતો. એટલે સાર્થવાહપુત્ર હોંશિયાર હોવાથી જે ઘરાકને જે લવણ-તેલ-ઘી-ગોળ સૂંઠ-મરી વગેરે જોઈતું હોય એને એ આપવા માંડ્યો. વાણિયાને ખૂબ જ લાભ થયો. એટલે ખુશ થઈને પૂછે છે કે તમે બહારથી આવ્યા છો કે અહીંના જ છો ? 'આગંતુક છીએ' 'તો પછી આજે મારા ઘરે જ ભોજન કરો...' 'અહીં મારા મિત્રો પણ ઉદ્યાનમાં રહ્યા છે. તેઓના વિના હું ન જમું...' 'તો તે બધાને પણ બોલાવી લાવ...' બધા આવ્યા.. બધાને જમાડ્યા... એમાં એ વાણિયાને લગભગ પાંચ રૂપિયા જેટલો વ્યય થયો.

બીજે દિવસે રૂપવાન્ એવા વણિકપુત્રને ભોજનની જવાબદારી સોંપવામાં આવી. તે ઊઠીને ગણિકાઓના લત્તામાં પોતાની જાતને સુશોભિત કરવા માટે ગયો. ત્યાં દેવદત્તા નામની વેશ્યા પુરુષદ્વેષિણી બનેલી હોવાથી રાજપુત્ર-શ્રેષ્ઠીપુત્ર વગેરેને પણ ઇચ્છતી નહોતી.

પણ આ શ્રેષ્ઠીપુત્રમિત્રના શૃંગાર અને સહજરૂપે ખીલી ઊઠેલા રૂપને જોઈને એમાં પાગલ બની ગઈ. વારંવાર જોયા કરે છે. દાસીએ આ વાત એની અક્કાને કરી. એટલે અક્કાએ દાસીને કહ્યું કે જા, એ જુવાનને બોલાવી લાવ, અને કહેજે કે આજનું ભોજન અહીં જ કરે. પૂર્વની જેમ બધા જ આવ્યા... અક્કાએ ૧૦૦ રૂપિયા થાય એટલો દ્રવ્યવ્યય કરીને સુંદર ભોજન કરાવ્યું.

ત્રીજા દિવસે બુદ્ધિમાન્ મંત્રીપુત્રનો વારો આવ્યો. એ ન્યાયાલયમાં ગયો. ત્યાં કોઈ કેસ આવેલો જેનો ત્રીજો દિવસ થવા છતાં ઉકેલ નહોતો આવતો. બે શોક્યો હતી. પતિ મરી ગયેલો. એકને પુત્ર હતો, બીજીને નહીં. એ બીજી શોક્ય પુત્રને મમતાથી રાખતી અને કહેતી કે મારો પુત્ર છે. પુત્રની માતા કહેતી કે મારો છે. બંને ન્યાયાલયમાં આવી, પણ નિર્ણય થઈ શકતો નહોતો. મંત્રીપુત્રે કહ્યું : હું ન્યાય કરું છું - જે કાંઈ ધન છે એના બે ભાગ કરો... અને એમ પુત્રના બે ભાગ કરો.. બન્નેને એક-એક ભાગ આપી દો. ત્યારે પુત્રની સાચી માએ કહ્યું : મારે દ્રવ્ય પણ ન જોઈએ. અને પુત્ર પણ ભલે એની પાસે રહો... પણ બે ટૂકડા ન કરતા... જીવતા દીકરાને જોઈ તો શકીશ. બીજી શોક્ય તો મૌન રહી. ત્યારે પુત્રની માતાને પુત્ર અપાયો. શેષ પૂર્વવત્.. એક હજારરૂપિયાનો ઉપયોગ થયો.

છેલ્લો પુણ્યશાળી રાજપુત્રનો નંબર લાગ્યો. એ તેઓ પાસેથી નીકળીને ઉદ્યાનમાં રહ્યો. એ નગરમાં અપુત્ર રાજા મૃત્યુ પામ્યો. અશ્વને મન્ત્રાધિષ્ઠિત કરવામાં આવ્યો. બ્રહ્મદત્ત જે વૃક્ષની છાયામાં બેસેલો એની છાયા ખસતી નહોતી. પછી અશ્વને પણ તેને પોતાની પીઠ પર લઈને હેષારવ કર્યો. રાજા તરીકે એનો અભિષેક થયો. અનેક લક્ષદ્રવ્ય એનું થઈ ગયું. આ રીતે વ્યાપારની કુશળતા વગેરે દ્વારા અર્થોપાર્જન થાય છે આવી બધી કથા કરવી એ અર્થકથા કહેવાય છે.

હવે ક્રમપ્રાપ્ત **કામકથા** - જે વાતો સાંભળીને કામવાસના - ભોગવિલાસ પ્રત્યે આકર્ષણ થાય એવી વાતો કરવી એ કામકથા છે. આમાં મુખ્યતયા સ્ત્રીઓના રૂપ વગેરેનું વર્ણન હોય છે. સ્ત્રીઓનું રૂપવર્ણન - એક - એક અંગનું વર્ણન... એમાં વિવિધ ઉપમાઓ વગેરેનું વર્ણન... એમ સ્ત્રીઓની ઉંમરનું વર્ણન... એટલે કે તે તે ઉંમરને અનુરૂપ સ્ત્રીઓના હાવભાવ-કટાક્ષ-લલિત-વાણીવિલાસ વગેરેનું વર્ણન. સ્ત્રીઓમાં વેષનું વર્ણન. દાક્ષિણ્યગુણની આવશ્યકતા, વિષયોને આકર્ષક શી રીતે બનાવવા - એનું કલા ચાતુર્ય વગેરેનું વર્ણન, અદ્ભુતરૂપ-વેશ વગેરે જે જોયેલ હોય - સાંભળેલ હોય - અનુભવેલ હોય એ બધાનું વર્ણન, વિજાતીયનો પરિચય શી રીતે કરવો - કેળવવો... સંબંધ જોડવો... આ બધી વાતો કામકથા છે.

બીજા નંબરની કામકથાનું વર્ણન કર્યું. હવે ત્રીજા નંબરની **ધર્મકથા** કહેવાય છે -

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા... આમ સ્વાધ્યાયના કહેલા પાંચ પ્રકારોમાં ધર્મકથા એ છેલ્લો પ્રકાર છે. ૧૪૪૪ ગ્રન્થોના રચયિતા શ્રીમાન્ હરિભદ્રસૂરિમહારાજે યોગના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિર અને સિદ્ધિ એવા જે ચાર પ્રકાર કહેલા છે એમાંના પ્રથમ પ્રકાર ઈચ્છાયોગના લક્ષણ તરીકે એમ કહેલ છે કે યોગીઓની કથાઓમાં પ્રીતિ એ પ્રથમ ઈચ્છાયોગ છે. યોગના આગળ-આગળના સોપાનો સર કરવામાં આ ઈચ્છાયોગ એ પ્રથમ સોપાન છે. એટલે જણાય છે કે ધર્મકથા એ એવી કથા છે જે એમાં પ્રીતિ-રુચિ-આકર્ષણ જગાડવા દ્વારા શ્રોતાને ધર્મના આગળ-આગળના સોપાનો સર કરવાની ભૂમિકા ઊભી કરી આપે.

દુનિયામાં જોવા મળે છે કે મીડિયા જેની વાતો પીરસે એનો લોકોમાં રસ જાગે છે. ક્રિકેટ અને ક્રિકેટરની વાતો લખે તો લોકોને પણ ક્રિકેટ પ્રત્યે તીવ્ર રસ પેદા થાય છે. રાજકારણની ખૂબ ચર્ચા કરે તો એનું આકર્ષણ જાગે છે. સિનેમા-અભિનેતા વગેરેની વાતો

વાંચકને સિનેસ્ટાર બનવાની પ્રેરણા કરે છે. અરે ! કુખ્યાત ગુંડાને બહુ કવરેજ આપે કે ખૂંખાર ત્રાસવાદીને ખૂબ હાઈલાઈટ કરે તો એને આદર્શ તરીકે સ્વીકારનારો વર્ગ પણ સમાજમાં પેદા થઈ જાય છે. એટલે જણાય છે કે કથા એ રસ-રુચિ-આકર્ષણ પેદા કરનારું અમોઘ સાધન છે. અર્થકથા શ્રોતાને અર્થનું જે આકર્ષણ જગાવે છે અને કામકથા કામનું આકર્ષણ જે પેદા કરે છે એમાં પણ પાયામાં આ જ સિદ્ધાન્ત છે.

એટલે શ્રોતાને ધર્મ પ્રત્યે આકર્ષિત કરવા માટે ધર્મકથા એ અમોઘ સાધન છે.

પ્રશ્ન : તો પછી ધર્મકથાને પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં પ્રથમ નંબરે જ કેમ ન કહી ?

ઉત્તર : ધર્મકથા આડેધડ કરવાની હોતી નથી, કારણ કે એ રીતે કરવામાં ક્યારેક શ્રોતા ધર્મની નજીક આવવાના બદલે ક્યાંય નો ક્યાંય દૂર પણ હડસેલાઈ જાય, જે વક્તાને પણ નુકસાનકારક છે. એટલે જ શ્રોતા બાળ-મધ્યમ વગેરે કઈ કક્ષાનો છે એ પિછાણીને પછી તદનુરૂપ ધર્મકથા કરવાની હોય છે. વાચના-પૃચ્છના-પરાવર્તનાના ક્રમે જે અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં પણ કુશળ બનેલ છે તેવા વક્તાને શ્રોતાની કક્ષાનો નિર્ણય વગેરે સુલભ બની રહે છે, માટે વાચનાદિક્રમે ધર્મકથાનો નંબર પાંચમો છે.

એટલે બાળ શ્રોતાને આચાર આક્ષેપણી કથા કહેવાય છે, મધ્યમશ્રોતાને વ્યવહાર આક્ષેપણી અને પંડિત શ્રોતાને દૃષ્ટિવાદ આક્ષેપણી કથા કહેવાય છે. આ બધાને સ્વ-સ્વપ્રાયોગ્ય કથા અંગે સંશય-પ્રશ્ન ઊઠ્યા હોય તો એનું વારણ કરવા પ્રજ્ઞપ્તિઆક્ષેપણી કથા કહેવાય છે. (છતાં આચારાંગજી વગેરે ગ્રન્થોનો ક્રમ આચારાંગ, વ્યવહારસૂત્ર, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ... આવો હોવાથી આક્ષેપણીકથાના ચાર પ્રકારો આ ક્રમે દર્શાવેલા છે.) આમ આક્ષેપણીકથાના ચાર પ્રકાર છે.

શ્રોતાના જેમ બાળ-મધ્યમ વગેરે ભેદ પડે છે એમ અન્ય રીતે પણ ભેદ પડે છે.. એમાંથી જે શ્રોતાને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ નથી... એમ અન્ય કોઈ ધર્મ પ્રત્યે પણ આગ્રહ જેવી શ્રદ્ધા નથી... આવા જીવોને માત્ર જૈનધર્મના આચાર વગેરેની આકર્ષક વાતો કહેવાથી એને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ જાગી શકે છે, માટે એવા જીવોને **આક્ષેપણીકથા** કહેવાય છે.

પણ જે જીવોને અન્ય ધર્મ પ્રત્યે કંઈક આગ્રહયુક્ત શ્રદ્ધા નિર્માણ થયેલી છે, એવા જીવોને જ્યાં સુધી એ શ્રદ્ધા મોળી પડતી નથી ત્યાં સુધી જૈનધર્મ પ્રત્યે આકર્ષણ પેદા થઈ શકતું નથી. માટે એ શ્રદ્ધાને વિચલિત કરવા માટે **વિક્ષેપણીકથા** કહેવામાં આવે છે.

જે જીવોને જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા નિર્માણ થઈ ગયેલી છે, છતાં પ્રવ્રજ્યાસ્વીકાર વગેરે રૂપ વિશિષ્ટ સાધના માટે મન ઉલ્લસિત થતું નથી, એવા જીવોને એ માટે મન ઉલ્લસિત થાય એ માટે **સંવેજનીધર્મકથા** કરવી જોઈએ.

સંયમધર્મ સુધી પહોંચી ગયા હોવા છતાં જેઓ કંઈક પ્રમાદ સેવી રહ્યા છે. એવા જીવોને પ્રમાદ છોડવાને ઉલ્લસિત કરવા માટે પણ ધર્મકથા કહેવી જરૂરી બને છે. એ માટે ચોથી **નિર્વેજની કથા** કહેવાય છે.

**પ્રશ્ન** - ધર્મકથા માટે જેમ શ્રોતા ભેદે કથાભેદ કહ્યો છે, તો એમ અર્થકથા અને કામકથા માટે કેમ નથી કહેતા ?

**ઉત્તર** - જીવોને અર્થ-કામ માટે ગાઢ આકર્ષણ અનાદિકાળથી પડેલું જ હોય છે, (ક્યારેક કામચલાઉ સુષુપ્ત થઈ ગયું હોય એ વાત અલગ છે.) માટે એનું આકર્ષણ પેદા કરવા માટે વિશેષ પ્રયત્ન જરૂરી હોતો નથી. વળી જેમ ધર્મના જૈનધર્મ, બૌદ્ધધર્મ, સાંખ્યદર્શન વગેરે અનેક ભેદો છે, એવું અર્થ-કામ માટે છે નહીં. તેથી આક્ષેપણી-વિક્ષેપણી વગેરે કથાભેદ નથી. તથા અર્થ-કામના આકર્ષણવાળો

એમાં પ્રમાદ કરતો હોય વગેરે લગભગ જોવા મળતું નથી. માટે સંવેજની-નિર્વેજની જેવી કથાઓ જરૂરી રહેતી નથી. અથવા તો ગ્રન્થકાર ધર્માચાર્ય છે. એમનો છેવટનો રસ શ્રોતા ધર્મમાર્ગે જોડાય એનો જ હોય છે. એટલે, અર્થકથા વગેરે દ્વારા પણ તેઓ શ્રોતાને છેવટે ધર્મકથા પ્રત્યે આકૃષ્ટ કરી ધર્મમાં જોડવા જ ચાહે છે. માટે ધર્મકથાનું પેટાભેદો સહિત નિરૂપણ કર્યું છે ને અર્થ-કામકથાનું એવું નિરૂપણ કર્યું નથી - એમ સમાધાન કરી શકાય છે.

હવે, ધર્મકથાના ચાર પ્રકાર વિચારીએ...

આક્ષેપણી, વિક્ષેપણી, સંવેજની અને નિર્વેજની... ધર્મકથાના આ ચાર પ્રકાર છે. એમાં પ્રથમ આક્ષેપણી ધર્મકથાના - આચાર આક્ષેપણી, વ્યવહાર આક્ષેપણી, પ્રજ્ઞિપ્ત આક્ષેપણી અને દૃષ્ટિવાદ આક્ષેપણી એમ ચાર પેટાપ્રકાર છે. નવા જીવોને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ જાગે એવી ધર્મકથા કરવી જોઈએ. આવી ધર્મકથાને આક્ષેપણી ધર્મકથા કહે છે. આ આક્ષેપણી ધર્મકથા પાછી ચાર પ્રકારે છે. એમાંથી શ્રોતાને, સાધુઓના આચાર : લોચ કરાવવો, સ્નાન ન કરવું, વિહાર કરવો, સ્ત્રીઓનો સ્પર્શ સુધ્ધાં ન કરવો, પાસે એક પૈસો પણ ન રાખવો.... આવી બધી ક્રિયાઓનું વર્ણન કરવા દ્વારા જૈનધર્મ પ્રત્યે અભિમુખ કરવામાં આવે તો આ પ્રથમ પ્રકારની આચાર આક્ષેપણી ધર્મકથા છે. અન્ય ધર્મોમાં ન હોય એવા આ મુખ્ય આચારોનું વર્ણન બાળજીવને આકર્ષનારું બને છે.

સાધુપણાના આચારોનું સૂક્ષ્મ કાળજીપૂર્વક પાલન કરવાનું હોય છે. એના પર ભાર આપવાથી મધ્યમજીવોને આકર્ષણ થાય છે. એ ભાર આપવા માટે, થોડી થોડી પણ બેકાળજીના કારણે નાના નાના દોષ પણ જે લગાડવામાં આવે તો કેવું કેવું પ્રાયશ્ચિત્ત આવે એની વાતો કરવામાં આવે છે. આવી વાતોથી મધ્યમ જીવ આશ્ચર્યમુગ્ધ બનીને જૈનધર્મને અભિમુખ બને છે. મધ્યમજીવને આચારોની સૂક્ષ્મતા... એની ઝીણી ઝીણી કાળજી વગેરેનું આકર્ષણ હોય છે.

એવી વાતો જાણવા મળે ત્યાં એને વાસ્તવિક ધર્મ હોવાની બુદ્ધિ થાય છે. એટલે નાની નાની ભૂલનું પ્રાયશ્ચિત્ત જ્યારે જાણવા મળે છે ત્યારે 'આ ધર્મમાં આચારપાલનની સૂક્ષ્મકાળજીઓ લેવાય છે' એવી પ્રતીતિ થવાથી એને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ થાય છે. પ્રાયશ્ચિત્તની વાતો એ વ્યવહાર છે. માટે આ વ્યવહાર આક્ષેપણી કથા છે.

સંદિગ્ધ વાતો અંગે મધુર આલાપપૂર્વક ઉત્તર આપવો એ ત્રીજા પ્રકારની પ્રજ્ઞપ્તિ આક્ષેપણી કથા છે. આશય એ છે કે બાળવગેરે જીવોને આચાર વગેરેની જે વાત આપણે કરેલી હોય કે પૂર્વે એણે બીજા પાસે સાંભળેલી હોય ને એ અંગે કંઈક સંશય પડ્યો હોય - પ્રશ્ન ઊઠ્યો હોય... તો એ સંશયને દૂર કરવો જોઈએ. જેથી ધર્મ પ્રત્યેની શ્રદ્ધાસ્થિર થાય.

**પ્રશ્ન** - અહીં 'મધુર આલાપપૂર્વક' પ્રશ્નનો ઉત્તર આપવાનું શા માટે કહ્યું છે ?

**ઉત્તર** - એટલા માટે કહ્યું છે કે શ્રોતાને જો એમ પ્રતીત થાય કે ''વક્તાને મારા પ્રશ્નનું કોઈ મહત્ત્વ નથી. મને કે મારા પ્રશ્નને અવગણવા માગે છે... રૂક્ષતાથી કે કઠોરતાથી જવાબ આપે છે.'' વગેરે, તો કદાચ પ્રશ્નનું સમાધાન થાય તો પણ વક્તા એવા આપણા પ્રત્યે સદ્ભાવ પેદા ન થવાથી આપણા ધર્મ પ્રત્યે પણ એને આકર્ષણ થતું નથી. અને જો એ ન થાય તો 'કથા' એ 'ધર્મકથા' બનતી નથી, કારણકે અજૈનોને જૈનધર્મ પ્રત્યે આકર્ષે અને જૈનોને જ્ઞાન-ક્રિયા માર્ગ પ્રત્યે વધુ શ્રદ્ધા-ઉદ્યમ વગેરે જન્માવે એવી કથા એ જ ધર્મકથા છે. એટલે ઉપર કહેલી પ્રતીતિ શ્રોતાને ન થાય એ માટે મધુર આલાપપૂર્વક સંશય દૂર કરવાનું અહીં કહ્યું.

જીવ અંગેની ઇન્દ્રભૂતિ ગૌતમની શંકાને દૂર કરવા પૂર્વે પ્રભુવીરે 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ મધુર આલાપ કર્યો હતો ને ! શ્રી દશવૈકાલિક સૂત્ર વગેરેમાં 'આયુષ્યમન્!'

એવા સંબોધનદ્વારા શ્રોતામાં આદર-પ્રીતિનું આધાન કર્યું જ છે ને ! વસ્તુતઃ મધુર આલાપ પૂર્વક કથન આ ચારે પ્રકારની પ્રસ્તુત આક્ષેપણીકથામાં આવશ્યક શરત જાણવી. પ્રીતિ-આદરપૂર્વક આચાર-પ્રાયશ્ચિત્ત વગેરેની વાતો જ શ્રોતાને પ્રીતિ ઉત્પન્ન કરી શકે. ઉપેક્ષા - અવગણના વગેરે હોય તો એ પ્રીત્યાદિ પેદા શી રીતે થાય ? વળી આગળ વધીએ તો ચારે પ્રકારની ધર્મકથામાં, ને એનાથી પણ આગળ વધીએ તો અર્થકથા વગેરે ચારેકથામાં મધુર આલાપ જરૂરી છે. કારણ કે છેવટે દરેક કથાના અંતિમ પરિણામ તરીકે ધર્માભિમુખતા અભિપ્રેત છે.

**પ્રશ્ન** - પણ બાળાદિને ઉચિત આચારાદિની વાત કરવાથી જ એને આકર્ષણ થઈ ગયું હોવાથી આ ત્રીજા પ્રકારની શી જરૂર છે ?

**ઉત્તર** - આચારાદિને સાંભળવા છતાં મનમાં જો કોઈ સંદેહ - પ્રશ્ન રહી જાય તો મન ડોલાયમાન રહેવાથી આકર્ષણ જાગતું નથી. એ સંદેહ દૂર કરવાથી આકર્ષણ પેદા થાય છે. માટે સંદેહ દૂર કરનારી વાતો પણ ધર્મકથા હોવાથી આક્ષેપણીકથાના ત્રીજા સ્વતંત્ર પ્રકાર તરીકે અહીં કહેલ છે.

સૂક્ષ્મ ઉક્તિઓ એ ચોથા પ્રકારની દૃષ્ટિવાદ આક્ષેપણી કથા છે. શ્રોતા જો પંડિત હોય તો એને માત્ર આચાર કે વ્યવહાર સાંભળવાથી આકર્ષણ જાગતું નથી. માટે પંડિત જીવને આકર્ષણ જગાડવા માટે એની રુચિના વિષયભૂત એવી શાસ્ત્રોમાં કહેલી જીવાદિ અંગેની સૂક્ષ્મવાતો કહેવામાં આવે છે. એક તો સૂક્ષ્મ તત્ત્વ, વળી તર્કસંગત વાતો... તથા પૂર્વાપર ક્યાંય વિરોધ ન થાય એવી વાતો.. ઉપરથી બધી વાતોની સંગતિ થાય એવી વાતો... આ બધાથી પંડિતજીવને જૈનધર્મ જ યથાર્થ તર્કસંગત લાગે છે ને તેથી એને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ જાગે છે.

આમ આચાર, પ્રાયશ્ચિત્તવ્યવહાર, પ્રજ્ઞપ્તિ (= સંશય દૂર થાય એવી સમજણ) અને દષ્ટિવાદ (= સૂક્ષ્મ તત્ત્વ) પરથી શ્રોતાને આકર્ષણ થતું હોવાથી આક્ષેપણી કથાના ચાર પ્રકાર છે. બીજા કેટલાક વિદ્વાનો ક્રમશઃ આચારાંગ, વ્યવહારસૂત્ર, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (= ભગવતીસૂત્ર) અને દષ્ટિવાદ ગ્રન્થોને કહે છે, અર્થાત્ આચારાંગની વાતો કરવી એ આચારઆક્ષેપણી ધર્મકથા. વ્યવહારસૂત્રની વાતો એ વ્યવહારઆક્ષેપણી ધર્મકથા.... વગેરે.

આ આક્ષેપણી ધર્મકથા કરવાથી પ્રતિબોધ પામેલો શ્રોતા જાણે કે ચિત્રમાં દોરેલો ન હોય ! એવો આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. અર્થાત્ સ્તબ્ધ-આવર્જિત થઈને વક્તા પ્રત્યે અને ધર્મ પ્રત્યે અત્યંત અહોભાવ - આદરયુક્ત બની જાય છે. જેમ દિવ્ય અસ્ત્ર ક્યાંય નિષ્ફળ જતું નથી એમ પ્રજ્ઞાશીલધર્મકથીની વાણી નિષ્ફળ જતી નથી.

આક્ષેપણી ધર્મકથારૂપ કલ્પલતાના વિદ્યા, ક્રિયા, તપ, વીર્ય તથા સમિતિ-ગુપ્તિઓ એ મકરંદ = રસ = સાર તરીકે કહેવાય છે. આમાં અત્યંત અપકારી એવા ભાવઅંધકારરૂપ અજ્ઞાનને ભેદી નાખનાર જ્ઞાન એ વિદ્યા છે. ચારિત્ર એ ક્રિયા છે. અનશનાદિ તપ છે. કર્મરૂપી શત્રુ પર વિજય મેળવી આપે એવું પરાક્રમ એ વીર્ય છે. આ બધા પ્રત્યે શ્રદ્ધા-આદર-ઉદ્યમ જાગ્રત થાય તો ધર્મકથાનો સાર પામ્યા કહેવાઈએ.

આમ, અર્થકથા, કામકથા આ લેખમાં જોઈ. તથા ધર્મકથાના પ્રથમ પ્રકાર આક્ષેપણી ધર્મકથાના ચાર પ્રકારો પણ આ લેખમાં જોયા. હવે ધર્મકથાના બીજા વિક્ષેપણી ધર્મકથા વગેરે પ્રકારો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

# લેખાંક ૪૭

ગયા લેખમાં અર્થકથા, કામકથા અને આક્ષેપણી ધર્મકથાનો વિચાર કર્યો. હવે આ લેખમાં વિક્ષેપણી ધર્મકથા વગેરેનો વિચાર કરવાનો છે.

અન્ય ધર્મની શ્રદ્ધાવાળા શ્રોતાને એ શ્રદ્ધા હટે નહીં ત્યાં સુધી જૈનધર્મની શ્રદ્ધા પ્રગટવી શક્ય નથી. માટે અન્ય ધર્મની શ્રદ્ધા હટવી જરૂરી છે. એ હટવી એ એક પ્રકારનો વિક્ષેપ છે. માટે એને હટાવનાર કથા વિક્ષેપણી કથા કહેવાય છે. આના પણ ચાર પ્રકાર છે.

(૧) સ્વ-પરસમયવિક્ષેપણીકથા - પ્રથમ સ્વસમયની = જૈનદર્શનની વાતો કહે, અને એ તર્કસંગત છે, આત્મહિતકર છે, આચરવી શક્ય છે. વગેરેરૂપે એના ગુણોનું વર્ણન કરે. ત્યારબાદ પરસમયની = શ્રોતાની જેમાં શ્રદ્ધા છે તે ધર્મની એવી વાતો કહે જે તર્કસંગત ન હોવી, આત્મહિતકર ન હોવી વગેરેરૂપે સરળતાથી શ્રોતાને કહી - સમજાવી શકાય એવી હોય. આવું સાંભળીને શ્રોતાની પોતાના ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિક્ષિપ્ત થાય છે = વિચલિત થાય છે. અને એ વિચલિત થાય એટલે, જ્યાં આવી કોઈ અસંગત વાતો નથી, પણ સંગત વાતો જ છે એવા જૈનધર્મ પ્રત્યે એ શ્રોતાને આકર્ષણ-રુચિ જાગે છે. માટે આ વિક્ષેપણી ધર્મકથા બને છે. અહીં પણ, શ્રોતાની ભૂમિકા જોવાની તો હોય જ છે. જો એ બાળકક્ષાનો હોય તો જૈનદર્શનના લોચ કરાવવો, સ્ત્રી અને ધનના તો સ્પર્શ સુધ્ધાંનો ત્યાગ... વગેરે વાત કરીને પછી એ કક્ષાની પણ તર્કથી ઘટી ન શકે એવી પરદર્શનની વાતો કરવી જોઈએ. એ જ રીતે મધ્યમજીવને સમિતિ વગેરેની સૂક્ષ્મ વાતો કરવી જોઈએ. અને એના ધર્મમાં આવી સૂક્ષ્મ વાતો છે જ નહીં, અથવા છે તો તર્કસંગત નથી - કલ્યાણકર નથી... વગેરે સમજાવવું જોઈએ. તથા શ્રોતા જો પંડિત હોય તો શ્રી જૈનદર્શનના અનેકાન્તવાદમાં હિંસા-અહિંસા વગેરે બધું

ઘટી શકે છે, જે શ્રોતાના એકાન્તદર્શનમાં ઘટી શકતા નથી, આવી બધી વાતો મધુર આલાપપૂર્વક સમજાવી જોઈએ. આ જ રીતે આગળના ત્રણ પ્રકારમાં પણ બાળાદિને યોગ્ય વાતો જાણવી.

(૨) પર-સ્વસમયવિક્ષેપણી કથા - આમાં ઉપર કરતાં ઉલટો ક્રમ જણાવો. પહેલાં અન્ય ધર્મની અસંગત વાતો કરીને પછી સ્વધર્મની સંગત એવી વાતો કરી.

(૩) મિથ્યા-સમ્યગ્વાદવિક્ષેપણી કથા - શ્રોતાનાં શ્રદ્ધેય ધર્મની વાતો કહ્યા પછી એમાં જૈનદર્શનને માન્ય વાતોથી જે વાતો વિપરીત હોય, તેથી જ અસત્ હોય, અને તેથી જ દોષપ્રચુર હોય એવી વાતો કહીને એના દોષો દર્શાવવા. તથા પછી એ જ ધર્મમાં જૈનધર્મને માન્ય એવી જે વાતો ઘુણાક્ષરન્યાયે કરેલી હોય તે સમ્યગ્વાતો જણાવવી. ઘુણ એટલે કીડો. કીડો કાષ્ઠને કોતરે છે. યોગાનુયોગ કોતરણી એવી થઈ કે જેથી અક્ષર કોતરેલા હોય એમ વંચાય. આવા અક્ષર કોતરાઈ જવા એ કાંઈ કીડાની હોંશિયારી કે આવડત નથી, માત્ર યોગાનુયોગ બની ગયેલી ઘટના જ છે, એમ અન્ય ધર્મમાં કેટલીક સારી વાતો કહેલી હોય એટલા માત્રથી એ કહેનાર વાસ્તવિક તત્ત્વજ્ઞ સાબિત થઈ જતા નથી. (નહીંતર તો બીજી બધી ઢગલાબંધ અતત્ત્વભૂત વાતો તેઓ શી રીતે કહે?) (અને તેથી એમનો કહેલો ધર્મ શ્રદ્ધેય રહેતો નથી.) કેટલીક સુંદર વાતો જે છે તે યોગાનુયોગ કહેવાઈ ગયેલી છે.

અથવા, મિથ્યાવાદ એટલે નાસ્તિત્વ, સમ્યગ્વાદ એટલે અસ્તિત્વ. એટલે પહેલાં નાસ્તિકવાદીઓની વિચારધારા-દલીલો વગેરે કહીને પછી અસ્તિત્વવાદીઓની વિચારધારા - દલીલો વગેરે જણાવે તો આ ત્રીજી વિક્ષેપણી ધર્મકથા થાય છે. (જ્યારે શ્રોતા નાસ્તિક હોય ત્યારે આ નાસ્તિક - આસ્તિકવાદીની વાતો કરવાની જાણવી. એનાથી શ્રોતાની નાસ્તિકતા વિક્ષિપ્ત થાય છે અને આસ્તિકતા તરફ ખેંચાણ શક્ય બને છે.)

(૪) સમ્યગ્ - મિથ્યાવાદ વિક્ષેપણી કથા - આ પણ ત્રીજી વિક્ષેપણીકથા જેવી જ છે. માત્ર અહીં ક્રમ ઉંધો છે. પહેલાં શ્રોતાની શ્રદ્ધાવાળા ધર્મમાં કહેલી શોભન વાતો (= જિનવચનાનુસારી વાતો) કહે, એના ગુણો વગેરે દર્શાવે અને પછી એ જ ધર્મમાં જિનવચનથી વિપરીત રીતે કહેલી અશોભન-મિથ્યા વાતો જણાવે અને એમાં રહેલી અસંગતિ વગેરે જણાવે. અથવા પહેલાં આસ્તિકવાદીની વાતો કરી પછી નાસ્તિકવાદીની વાતો કરે જેથી શ્રોતાની નાસ્તિકતા વિક્ષિપ્ત થાય.

જેમ અન્ય ધર્મની કે નાસ્તિકતાની શ્રદ્ધાવાળાને એની એ શ્રદ્ધા વિક્ષિપ્ત થાય એ માટે વિક્ષેપણી કથા કરવામાં આવે છે એમ જૈનધર્મમાં જ રહેલા શ્રોતાને કોઈક અસત્ આગ્રહ બંધાઈ ગયો હોય તો એ આગ્રહ છોડાવવા માટે પણ વિક્ષેપણી કથા કરવી જોઈએ. જેમકે કોઈ સાધુ ભગવંતને એવો આગ્રહ બંધાઈ ગયો હોય કે ભલે સૂચના આપીને આધાકર્મી ગોચરી બનાવવી પડતી હોય, તો પણ આયંબિલ કરવા.. તો આ શ્રોતા સાધુભગવંતને આ ત્રીજા કે ચોથા પ્રકારની વિક્ષેપણી કથા કરવી જોઈએ જેથી એનો અસત્ આગ્રહ છૂટી જાય. આમાં આયંબિલ કરવાની વાત સમ્યગ્વાત છે, આધાકર્મી બનાવવાની વાત મિથ્યા છે. શ્રી ઉપદેશમાળામાં કહ્યું છે કે - *આજ્ઞાના પાલનથી જ ચારિત્ર છે. આજ્ઞાનો ભંગ કરવામાં શાનો ભંગ નથી થયો ? એકપણ આજ્ઞાનું તું ઉલ્લંઘન કરે છે, તો બાકીનું જે પાલન કરે છે તે કોની આજ્ઞાથી કરે છે ?* ।। ૫૦૫ ।। આશય એ છે કે બાકીનું જે પાલન કરે છે તે પણ 'પ્રભુની આજ્ઞા છે, માટે કરે છે' એવું નથી, કારણ કે એવું હોય તો તો જે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વિપરીત આચરણ કરે છે તે પણ ન જ કરત, અને પ્રભુની આજ્ઞા મુજબ જ કરવી.

**પ્રશ્ન** - એ શ્રોતા તો પ્રભુની આજ્ઞા સમજીને જ આયંબિલ કરતો જણાય છે ને !

**ઉત્તર** - પ્રભુની આજ્ઞા હોય એ મારે કરવાનું... આવો જો અભિપ્રાયં હોય તો આધાકર્મી વર્જવાની પણ પ્રભુની જ આજ્ઞા છે... એનું પાલન પણ શા માટે ન કરે ?

**પ્રશ્ન** - જો પ્રભુની આજ્ઞાથી એ આયંબિલ નથી કરતો, તો શાનાથી કરે છે ?

**ઉત્તર** - પોતાની બુદ્ધિથી કરે છે. જે પોતાની બુદ્ધિમાં હિતકર લાગ્યું એ કરે છે, જે હિતકર તરીકે જરૂરી નથી લાગ્યું તે આધાકર્મીવર્જન વગેરે નથી કરતો. પણ આ સ્વબુદ્ધિની સંમતિથી કરવું એ પ્રભુની આજ્ઞાના સંદર્ભમાં ઘુણાક્ષરન્યાયે કર્યા જેવું જ છે.

**પ્રશ્ન** - છતાં જે આયંબિલ એ કરે છે તે તો લાભમાં જ છે ને ?

**ઉત્તર** - એક શ્રાવક આયંબિલની લાંબી ઓળીઓ કરે છે. એક સાધુભગવંત આયંબિલ વગેરે તપ નથી કરતાં, પણ નિર્મળ સંયમ પાલન કરે છે. આ બેમાં સાધુને જ શ્રાવક કરતાં અસંખ્ય ગુણ નિર્જરા કહેલી છે. શાસ્ત્રોમાં તપથી ગુણશ્રેણિ નથી કહી, પણ સંયમથી કહી છે. માટે તપોયાત્રા કરતાં સંયમયાત્રા ખૂબ જ મહત્ત્વની છે. સંયમયાત્રાની નિર્મળતા માટે નિર્દોષભિક્ષા તો પાયાની શરત છે.

**પ્રશ્ન** - જૈનશાસનમાં જેમ ઉત્સર્ગ એ માર્ગ છે એમ અપવાદ પણ માર્ગ છે. યુવાન સાધુઓ આયંબિલના નામે વિગઈનો ત્યાગ કરે એ બ્રહ્મચર્યપાલન માટે ઘણું ઇચ્છનીય છે. પછી આયંબિલની નિર્દોષ ભિક્ષા નથી મળતી તો આધાકર્મી પણ અપવાદપદે ચાલે ને ?

**ઉત્તર** - બ્રહ્મચર્યની નિર્મળતા તો ઇચ્છનીય છે જ. પણ આજકાલ શ્રાવકોને ત્યાંથી સામાન્ય રીતે ચોપડેલી જે રોટલી મળે છે, તથા દાળ-શાકમાં જે વઘાર વગેરે આવે છે એટલી જ વિગઈ કાંઈ બ્રહ્મચર્ય માટે જોખમરૂપ બની જવાની શક્યતા નથી. એટલે સામાન્ય ચોપડેલી નિર્દોષ મળતી રોટલી, સામાન્ય વઘારેલી નિર્દોષ

મળતી દાળ તથા ભાત આ ત્રણ દ્રવ્યથી (કે વધારામાં ચોથું દ્રવ્ય શાક, તે પણ બને ત્યાં સુધી કઠોળ જ) એકાસણાં રોજ કરવામાં આવે તો ને ઘી-દૂધ-મેવા મિઠાઈ વગેરેનો ત્યાગ કરવામાં આવે તો બ્રહ્મચર્ય પણ નિર્મળ રહી શકે છે અને આધાકર્મવર્જનની જિનાજ્ઞાનું પાલન થવાથી સંયમ પણ નિર્મળ બની રહે છે.

**પ્રશ્ન** - પણ તો પછી આટલી આયંબિલની ઓળી કરી એમ ન કહેવાય ને ?

**ઉત્તર** - લોકોમાં કહેવડાવાય એટલા માટે જો કરાય તો તો એનાથી આત્મહિત થાય જ શી રીતે ? એટલે વસ્તુતઃ જેમ તીર્થયાત્રા અને સંયમયાત્રામાં સંયમયાત્રા જ મહત્ત્વની છે, ને તેથી સંયમયાત્રાને આંખ આડા કાન કરીને તીર્થયાત્રા કરવાની સંમતિ નથી, એમ તપો યાત્રા અને સંયમયાત્રામાં પણ સંયમયાત્રા જ મહત્ત્વની હોવાથી એની ઉપેક્ષા કરીને તપોયાત્રાની સંમતિ શી રીતે હોય શકે ?

એટલે આધાકર્મની સૂચના આપીને પણ આયંબિલ કરવાના આગ્રહી માટે આધાકર્મ-સેવન એ મિથ્યા છે (જિનવચનથી વિપરીત છે) અને આયંબિલ એ ઘુણાક્ષર ન્યાયે થયેલ સમ્યગ્વાત = જિનવચનને અનુરૂપ વાત છે. તેથી આધાકર્મસેવનના દોષોને ભારપૂર્વક વર્ણવી પછી આયંબિલના ગુણ વર્ણવવા એ ત્રીજા પ્રકારની અને આયંબિલના લાભ વર્ણવી પછી આધાકર્મસેવનના દોષોને ભારપૂર્વક વર્ણવવા એ ચોથા પ્રકારની વિક્ષેપણીકથા બની રહે છે. (આમાં, આધાકર્મવર્જનરૂપ જિનાજ્ઞાનું પાલન હોય તો આયંબિલના કહેલા લાભો જીવને મળે એવી શ્રોતાને પ્રતીતિ થાય એ રીતે એ લાભ વર્ણવવા જરૂરી બને એમ લાગે છે.)

તથા, આધાકર્મવર્જનરૂપ આજ્ઞાપાલનના લાભો વર્ણવીને પછી આધાકર્મસેવનરૂપ આજ્ઞાભંગના દોષો વર્ણવવા એ પ્રથમ પ્રકારની વિક્ષેપણીકથા બને, અને એનાથી ઉંધા ક્રમે આ બે વાતો કરવાથી બીજા પ્રકારની વિક્ષેપણી કથા બને છે.

આ ચારે પ્રકારની કથાથી શ્રોતાનો આધાકર્મ સેવનનો આગ્રહ વિક્ષિપ્ત થાય છે, અને આધાકર્મસેવનના વર્જનરૂપ જિનાજ્ઞાપાલનના ધર્મમાર્ગે એ જોડાય છે, માટે આ શા માટે વિક્ષેપણી ધર્મકથા ન બને?

જે અતિપ્રસિદ્ધસિદ્ધાન્ત હોય એનાથી રહિત એવી વાત જે રામાયણાદિ લૌકિક કથામાં કે વેદ-સાંખ્ય-બૌદ્ધ વગેરેના ધર્મગ્રન્થોમાં આવતી હોય, એવી વાતમાં દોષ દર્શાવીને એનું ખંડન કરવામાં આવે તો એ જરૂર શ્રોતાના તે તે ધર્મ પ્રત્યેના આકર્ષણને વિક્ષિપ્ત કરનારી હોવાથી વિક્ષેપણીકથારૂપ બની શકે. પણ જો શ્રોતા, સાચા-ખોટાનો વિવેક કરવાની શક્તિથી રહિત હોય-મુગ્ધ હોય તો રામાયણાદિનું ખંડન સાંભળીને 'આ બધા વક્તા અમારા ધર્મના દ્વેષી છે (માટે અમારી વાતોનું ખંડન કરે છે)' આવા અભિપ્રાયવાળો બની જવાની શક્યતા રહે છે, અને તો પછી એ જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈ શકતો નથી. માટે એવા મુગ્ધ જીવને આ વિક્ષેપણી કથા કરવાની હોતી નથી.

**એમ, સાચા-ખોટાનો વિવેક કરવાની શક્તિ તો હોય, પણ સ્વધર્મનો કદાગ્રહ જેવો જેને રાગ હોય એને પણ આવો જ અભિપ્રાય ઊભો થતો હોવાથી વિક્ષેપણીકથા કરવાની હોતી નથી.**

**તથા આવા મુગ્ધ અને કદાગ્રહી જીવોને એમના ધર્મની શોભન વાત કહેવામાં આવે ત્યારે એ સાંભળીને 'અમારો ધર્મ પણ સુંદર છે, સાચો છે' એવી તત્ત્વપણાંની બુદ્ધિ થાય છે, ને તેથી જૈનધર્મ પ્રત્યે આકર્ષાવાની તો વાત દૂર જ રહી જાય છે. માટે આવા જીવોને ત્રીજા-ચોથા પ્રકારની વિક્ષેપણી કથા પણ કરવાની હોતી નથી.**

એટલે, શ્રોતામાં કદાગ્રહ તો નથી, પણ સ્વસિદ્ધાન્તમાં દૂષણ જાણવા છતાં માધ્યસ્થ્ય જળવાઈ રહેશે એવું જાણવા મળે તો જ વિક્ષેપણી કથા કરવી જોઈએ. એમાં પણ, શ્રોતાના ધર્મની શોભનવાત કહેવાના અવસરે એ અંગેની જૈનધર્મની વાત પણ ભેગી કરવી. તે આ રીતે - જેમ અમારે અહિંસાદિસ્વરૂપ ધર્મ છે, એમ સાંખ્ય વગેરેને

પણ છે જ, કારણ કે તેઓના ગ્રન્થોમાં પણ *'હિંસા એ ધર્મ બને એવું ભૂતકાળમાં બન્યું નથી કે ભવિષ્યકાળમાં બનશે નહીં'* વગેરે વાતો જાણવા મળે જ છે. પરંતુ આ સાંખ્યાદિધર્મોએ આત્માને એકાન્તે નિત્ય કે એકાન્તે અનિત્ય અપરિણામી જે માન્યો છે, એમાં હિંસા ઘટી શકતી ન હોવાથી આ અહિંસાદિસ્વરૂપ ધર્મ પણ સંભવતો નથી. જ્યારે આત્માને પરિણામી માનનાર જૈનધર્મમાં હિંસા અને અહિંસા બંને પદાર્થ ઘટી શકે છે. મધ્યસ્થજીવને આવી વાતોથી જૈનધર્મ પ્રત્યે આકર્ષણ જાગી શકે છે.

આમ, વિક્ષેપણી નામે બીજી ધર્મકથા કહી. હવે ત્રીજી સંવેજનીનામની ધર્મકથા કહેવાય છે. જે કથા સાંભળીને વિપાકે (=પરિણામે) વિરસતા જણાવાથી શ્રોતા સંવેગ પામે તે કથાને સંવેજની કથા કહેવાય છે. આ સંવેજની કથા ચાર પ્રકારે છે -

(૧) સ્વશરીરસંવેજની કથા - આપણું શરીર શુક્ર-શોણિત-માંસ-ચરબી-મેદ-મજ્જા-હાડકાં-સ્નાયુ-ચામડી-કેશ-રોમ-નખ-દાંત-અન્નાદિસમૂહથી બનેલું હોવાથી તથા મૂત્રવિષ્ઠાનું ભાજન હોવાથી અશુચિ = અપવિત્ર છે. આવું બધું વર્ણન સાંભળીને શ્રોતાને સંવેગ ઉત્પન્ન થાય છે, અર્થાત્ આવું અશુચિમય શરીર છે, એમાં મોહાવાનું શું ? એની આસક્તિ શું ? એને પંપાળવાનું શું ? એના કરતાં એના દ્વારા આત્મહિત સાધી લેવાનું... આવી ભાવના જાગવાથી શ્રોતા ધર્મમાર્ગે જોડાય છે. ધર્મશ્રદ્ધાળુ, પણ આરાધના માર્ગે ઉદ્યમશીલ નહીં, એવા શ્રોતાને આ કથાથી ધર્મમાર્ગે ઉદ્યમ કરવાની ભાવના જાગે છે. માટે આ ધર્મકથા છે. આવું જ આગળ પણ જાણવું.

(૨) પરશરીરસંવેજની કથા - આપણા શરીરની જેમ અન્યના શરીરની અશુચિમયતા વર્ણવી સંવેગ વધારવો એ આ બીજા પ્રકારની સંવેજની ધર્મકથા છે. અથવા પરશરીર = મૃતકશરીર. એની જડતા - અક્કડમયતા - અશુચિમયતા - દુર્ગંધમયતા વગેરે વર્ણન કરીને શ્રોતાને સંવેગરંગમાં ઝીલતો કરવો

એ આ બીજા પ્રકારની સંવેજની ધર્મકથા છે. પ્રાણ છૂટ્યા બાદ આ શરીરની આવી હાલત થવાની છે. તો લાવ, જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધીમાં આત્મકમાણી કરી લઉં... આવી ભાવના પ્રગટવાથી શ્રોતા ધર્મમાર્ગે ઉદ્યમશીલ બને છે.

(૩) ઇહલોક સંવેજનીકથા - આખું મનુષ્યપણું અસાર છે, અધ્રુવ છે, કેળના થડ જેવું મૂલ્યહીન છે... વગેરે રૂપે ઇહલોક = આલોક = મનુષ્યજન્મનું વર્ણન કરતો ધર્મકથી શ્રોતાને સંવેગ ઉત્પન્ન કરે છે.

(૪) પરલોક સંવેગજનની - દેવો પણ ઈર્ષ્યા-વિષાદ-મદ-ક્રોધ-લોભ વગેરે દુઃખોથી અભિભૂત થતા હોય છે, તો તિર્યંચ અને નરકની શી વાત કરવી ? વગેરેરૂપે ઇહલોકથી = મનુષ્યભવથી પર એવી બાકીની ત્રણ ગતિના દુઃખોના વર્ણનથી શ્રોતાને સંવેગ પેદા કરનાર કથા એ આ પરલોકસંવેગજનની કથા છે.

વૈક્રિયલબ્ધિ, જંઘાચારણલબ્ધિ વગેરે લબ્ધિનો, જ્ઞાનસંપદ્, તપસંપદ્, ચારિત્રસંપદ્, શુભકર્મોદય અને અશુભકર્મોદયધ્વંસ... આવું બધું ફળ એ સંવેજની ધર્મકથાનો મકરંદ=રસ છે. ૧૪ પૂર્વધર મહાત્માની એક ઘડામાંથી એક હજાર ઘડા બનાવવાની શક્તિ એ જ્ઞાનસંપદ્ છે. પ્રચુરનિર્જરાકારકત્વ એ તપસંપદ્ છે. સંપૂર્ણફળસિદ્ધિ એ ચારિત્રસંપદ્ છે. જ્ઞાન-દર્શન હોય તો ચારિત્ર હોય જ એવો નિયમ નથી. અને તેથી એ ન હોય તો મોક્ષમાર્ગ આંશિક જ હોય, પણ ચારિત્ર હોય તો, જ્ઞાન-દર્શન તો હોય જ. એટલે કે સંપૂર્ણ મોક્ષમાર્ગ હોય... સંપૂર્ણ કારણસામગ્રી હોય... માટે સંપૂર્ણ ફળસિદ્ધિ થાય છે એ ચારિત્રસંપદ્ છે.'

આ પ્રમાણે સંવેજની ધર્મકથા કહી. હવે નિર્વેજની ધર્મકથાનો અવસર છે. જે કથામાં કર્મના દારૂણ વિપાકોને સાંભળીને શ્રોતા નિર્વેદ પામે છે એ કથા નિર્વેજની કથા કહેવાય છે. આના પણ ચાર પ્રકાર છે.

(૧) આલોકમાં કર્મ-આલોકમાં ફળ - આ લોકમાં ચોરી વગેરે પાપ કરનારને આ ભવમાં જ એનું ફાંસી - જેલ વગેરે જે દારૂણફળ મળે છે એનું વર્ણન કરતી કથા.

(૨) આલોકમાં કર્મ - પરલોકમાં ફળ - આલોકમાં ચોરી વગેરે પાપ કરનારને પરલોકમાં નરકાદિની જે ભયંકર યાતનાઓ વેઠવી પડે છે એનું વર્ણન કરતી કથા.

(૩) પરલોકમાં કર્મ - આલોકમાં ફળ - પૂર્વભવમાં એવા પાપ બાંધી આવેલા હોય કે જેના કારણે આ ભવમાં ગર્ભકાળથી જ ક્ષય - કોઢ વગેરે ગંભીર રોગથી પીડાતા હોય - હલ્કા નીચ કુળમાં દારૂણ ગરીબાઈથી રીબાતા હોય એનું વર્ણન કરવું એ આ કથા છે.

(૪) પરલોકમાં કર્મ - પરલોકમાં ફળ - પૂર્વભવમાં એવા પાપ આચરેલા હોય જેના કારણે કાક-ગીધ વગેરેનો જન્મ મળે. એમાં વળી ક્રૂરકર્મ આચરીને નરકપ્રાયોગ્ય કર્મ બાંધી નરકમાં ભયંકર વેદનાઓ વેઠવા માટે ઉત્પન્ન થાય. આ બધું વર્ણન કરવું એ ચોથી નિર્વેદની કથા છે.

આ કથાના પ્રકારોમાં આલોક-પરલોક એ પ્રજ્ઞાપકની (વક્તાની) અપેક્ષાએ છે. એટલે પ્રજ્ઞાપક મનુષ્ય હોવાથી મનુષ્યગતિ એ આલોક છે અને એ સિવાયની શેષ ત્રણ ગતિઓ એ પરલોક છે.

અલ્પ પણ પ્રમાદનો પરિણામ અતિદારૂણ આવે છે... એની દારૂણતાનું વિસ્તારથી અસરકારક વર્ણન એ આ કથાનો રસ છે. અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મમાં અનાદર અને મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન (દુષ્પ્રવૃત્તિ) એમ આઠ પ્રકારે પ્રમાદ છે. અથવા, મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ છે. આમાંનો કોઈપણ પ્રમાદ જીવને ભવિષ્યમાં કેવો અકલ્પનીય રીતે ભારે પડી જાય છે ? એનું વર્ણન આ કથામાં કરવામાં આવે છે. એ જાણીને નિર્વિણ્ણ થયેલો સાધક, સાધનામાર્ગે ચઢ્યા પછી પણ અનાદિસંસ્કારવશાત્ સેવાતા પ્રમાદને ખંખેરવા

ઉત્સાહી બને છે. એટલે શ્રોતાને અપ્રમત્તસાધનામાર્ગે જોડનારી હોવાથી આ ધર્મકથા છે.

ત્રીજી સંવેજની ધર્મકથા અંગે અન્યત્ર ગ્રન્થોમાં પુણ્યના ફળોનું વર્ણન એ સંવેજની કથા એવી પણ વાત આવે છે. એટલે કે ધર્મના ફળરૂપે - ત્રણ રત્નની આરાધનાના ફળ તરીકે શ્રીતીર્થંકરદેવ, ગણધરદેવો, ઋષિઓ, ચક્રવર્તી - બળદેવ - દેવ - વિદ્યાધર વગેરેની ઋદ્ધિઓનું વર્ણન કરવા દ્વારા શ્રોતાને રત્નત્રયની આરાધનારૂપ ધર્મમાર્ગે આકર્ષવો એ સંવેજની ધર્મકથા છે. શ્રી દશવૈકાલિક સૂત્રની ચૂર્ણિમાં પણ કહ્યું છે કે - *અથવા શુભકર્મોના વિપાકના વર્ણન દ્વારા સંવેગને ઉત્પન્ન કરનારી કથા એ સંવેજનીકથા.*

એટલે કે શ્રોતાને શુભકર્મોના ફળના વર્ણન દ્વારા આરાધના માર્ગે આકર્ષતી કથા એ સંવેજની કથા અને અશુભકર્મોના વિપાકના વર્ણન દ્વારા પાપત્યાગરૂપ ધર્મમાર્ગે આકર્ષતી કથા એ નિર્વેજની કથા એવો અર્થ મળશે.

આમ ધર્મકથાના ચાર પ્રકાર બતાવ્યા.

આમાં આક્ષેપણીકથાના શ્રવણથી જીવો જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈને સમ્યક્ત્વ પામે છે. વિક્ષેપણીકથાના શ્રવણથી ભજના છે એટલે કે મધ્યસ્થ વિચારક જીવો જૈનધર્મ પ્રત્યે આકર્ષાઈને સમ્યક્ત્વ પામે છે. મધ્યસ્થ અવિચારક જીવો આકર્ષણ ન થવાથી સમ્યક્ત્વ પામતા નથી. કદાગ્રહીજીવો તો ઉપરથી અતિદારૂણ મિથ્યાત્વને પામે છે. (અર્થાત્ એમનું મિથ્યાત્વ વધારે ગાઢ બને છે, કારણ કે એમને વક્તા પર અને જૈનધર્મ પર દ્વેષ જાગે છે.)

એટલે જ આક્ષેપણીકથા જેમ સ્વરૂપે જ હિતાવહ છે, એમ વિક્ષેપણી કથા નથી. અમૃત તથાસ્વભાવે - સ્વરૂપથી જ લાભકર્તા છે, એમ વિષ નથી, એ તો વૈદથી સંસ્કાર કરવામાં આવેલ હોય તો જ હિતકર બને છે. એ રીતે શ્રોતાની કક્ષા અનુસાર અધિકારી ધર્મકથી દ્વારા યોગ્ય રીતે કહેવાતી વિક્ષેપણી કથા જ હિતકર બને છે.

આમ ધર્મકથાનું વર્ણન કર્યું. હવે મિશ્રકથાની વાત વિચારીએ - જે કથામાં કે કાવ્યમાં ધર્મ-અર્થ અને કામ આ ત્રણેની વાતો હોય એ મિશ્રકથા છે. આ કથાના સ્વરૂપને આશ્રીને મિશ્રકથા છે. ફળને આશ્રીને વિચારીએ તો એ શ્રોતાને જેની પ્રેરણા કરે એ મુજબ અર્થકથા વગેરે બની શકે છે. એટલે કે જો અર્થ પુરુષાર્થ, કામપુરુષાર્થ કે ધર્મપુરુષાર્થમાં આગળ વધારે તો એ મુજબ એ અર્થકથા, કામકથા કે ધર્મકથા બની શકે છે. બધાની જ પ્રેરણા કરે તો મિશ્રકથા જ રહે છે.

જે કથા શ્રોતાને અધિકૃત પુરુષાર્થથી વિમુખ કરે એ વિકથા કહેવાય છે. ભક્તકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા આમ વિકથાના ચાર પ્રકારો પ્રસિદ્ધ છે.

પ્રજ્ઞાપકનો જેવો આશય હોય એને અનુસરીને શ્રોતાને પરિણામ જાગે છે. એટલે આશયભેદે આ કથાઓ અકથા કે વિકથા પણ બની શકે છે. જો શ્રોતા પુરુષાર્થને અભિમુખ બને તો આ અર્થકથા વગેરે કથા બને છે, જો વિમુખ બને તો વિકથા બને છે અને જો આ બેમાંથી કશું ન થાય તો અકથા બને છે.

મિથ્યાત્વને અનુભવતો દ્રવ્યલિંગી કે ગૃહસ્થ જે કહે તે અકથા બને છે, કારણ કે સામાન્ય રીતે વક્તાના ભાવોને અનુસરીને શ્રોતાને પરિણામ જાગે છે.

જ્ઞાની-ક્રિયાશીલ તપસ્વી મહાત્માઓ જગત્‌ના જીવોને હિતકર યથાર્થ વાતો જે કરે છે તે 'કથા' છે. કારણ કે એનાથી, સામાન્ય રીતે વક્તા અને શ્રોતા બન્નેને શુભપરિણામો જાગવાથી કર્મનિર્જરાનું ફળ પ્રાપ્ત થાય છે. નહીંતર તો આમાં પણ ભજના જાણવી. સ્વયં સંયત હોવા છતાં વિષય-કષાયાદિ પ્રમાદને વશ થઈને બોલતા હોય તો એ વિકથા જાણવી, કારણકે એવા અશુભપરિણામનું કારણ બને છે. પણ કર્તા અને શ્રોતાના ભાવ જો અલગ-અલગ હોય તો આમાં ભજના પણ જાણવી. વક્તા પ્રમત્ત હોય પણ શ્રોતા શુભભાવો પામે તો શ્રોતા માટે 'કથા' બને છે. એમ

વક્તા અપ્રમત્ત હોય તો એના માટે કથા... પણ શ્રોતાને લાભ ન થાય તો શ્રોતા માટે અકથા. આમ ભજના જાણવી.

સિદ્ધિના ઇચ્છુક સાધુએ કામવાસનાને ઉત્તેજિત કરે એવી શૃંગારરસ પ્રચુર કથા કરવી ન જ જોઈએ. પંડિત પુરુષે તપ-વ્રતનિયમના સારવાળી કથા કરવી જોઈએ, જેને સાંભળીને શ્રોતા સંવેગ કે નિર્વેદ પામે છે.

મહાન્ અને ગંભીર અર્થવાળી એવી પણ કથા બહુ લંબાણપૂર્વક ન કરવી જોઈએ, કારણ કે વધારે પડતો વિસ્તાર કથાના અર્થને હણી નાખે છે, જેમકે મહાકાય વૃક્ષ પોતાની પીઠ-ભૂમિને તોડીફોડી નાખે છે. કથાનો વધારે પડતો વિસ્તાર થવા પર શ્રોતા 'ક્યારે કથા પૂરી થશે' એ જ વિચાર્યા કરે છે, ને તેથી કથાના રહસ્યાર્થમાં એનું ધ્યાન જતું નથી. હા, જો શ્રોતા શિષ્ય એવી વિસ્તારથી જાણવાની જિજ્ઞાસા-ક્ષમતા ધરાવતો હોય તો એવા વિસ્તારથી પણ કથા કરી શકાય. માટે જ અનુયોગ ત્રિવિધ કહેવાયો છે. એટલે કે એવો શિષ્ય ભણનારો હોય તો ગુરુ પહેલાં માત્ર સૂત્રનો અર્થ કહે, પછી વ્યુત્પત્તિઓ સહિત સૂત્રાર્થ કહે અને પછી ત્રીજીવારમાં નય-નિક્ષેપ વગેરે વિસ્તારપૂર્વક બધો અર્થ કહે.

શાસ્ત્રોમાં સૂત્રો અનેક પ્રકારના હોય છે. કોઈ વિધિ દેખાડનારાં હોય તો કોઈ ઉદ્યમપ્રેરક હોય, કોઈ ભયદર્શક હોય તો કોઈ ઉત્સર્ગને જણાવનાર હોય, કોઈ અપવાદને જણાવનાર હોય તો કોઈ ઉત્સર્ગ-અપવાદ બન્નેને જણાવનાર હોય.. કોઈ માત્ર વર્ણનપ્રધાન હોય. જો વક્તા અધિકૃત સૂત્ર કેવા પ્રકારનું છે ? એ જાણી ન શકે તો એ કુશળ ધર્મદેશક નથી. કારણ કે વિભાગ કર્યા વગર બધાનું એકસરખી રીતે નિરૂપણ કરવામાં શ્રોતાને એકાન્તબુદ્ધિ થાય છે જે સમ્યક્ત્વનો ઘાત કરનાર છે. તેથી યોગ્ય વિભાગ કરીને બોલનારા ધર્મકથી જ ધર્મકથા કરવાના અધિકારી છે.

કદાચ આચારપાલનમાં હીન હોય તો પણ જો આ રીતે વિધિપૂર્વક ધર્મકથા કરનારો હોય તો એ શ્રુતની પ્રભાવના કરનારો = શ્રુતોક્ત શુભવાતોનો પ્રચાર કરનારો હોવાથી સારો છે, પણ આચારવાન્ હોવા છતાં મૂઢ હોવાથી ધર્મકથાને જે આડેધડ કરે છે એ સારો નથી, કારણ કે એ ધર્મમાર્ગનો લોપ કરનારો નીવડે છે.

આ રીતે પ્રજ્ઞાશીલ પંડિત્ સ્વસામર્થ્યને અનુસરીને યથાયોગ્ય કથા કરવા દ્વારા પરમાનન્દ મોક્ષને મેળવે છે. આમ કથાબત્રીશી પૂર્ણ થઈ. હવે આગામી લેખથી દસમી યોગલક્ષણબત્રીશીની વિચારણા કરવામાં આવશે.

❖ ❖ ❖

**નોંધ :** દસમી યોગલક્ષણબત્રીશીના ૪૮ થી ૬૧ નંબરના લેખો ચોથા ભાગમાં લઈ લીધા હોવાથી હવે અગ્યારમી બત્રીશીના લેખો શરૂ થાય છે.

## લેખાંક ૬૨

દસમી યોગલક્ષણબત્રીશી ગયાલેખમાં પૂર્ણ થઈ. હવે અગ્યારમી પાતંજલ-યોગલક્ષણ-બત્રીશીનો પ્રારંભ થાય છે.

પતંજલિઋષિએ 'યોગસૂત્ર' નામના ગ્રન્થની રચના કરી છે. સૂત્રાત્મક આ ગ્રન્થમાં એમણે યોગની સ્વાભિપ્રેત વ્યાખ્યા આપી છે કે યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ. યોગનું આવું લક્ષણ આપીને પછી યોગ અંગે પોતાના ક્ષયોપશમ મુજબ વિસ્તૃત વિચારણા કરી છે. જેમ આંબલી ખાધા પછી આંબાની મહત્તા વિશેષ પ્રતીત થાય છે, એમ અન્ય દર્શનકારોએ આપેલ યોગના લક્ષણને જાણ્યા પછી, પ્રભુશાસનમાં આપેલ યોગનું લક્ષણ કેટલું મહત્ત્વનું, નિર્દોષ ને પરિપૂર્ણ છે એ સ્પષ્ટપણે ખ્યાલમાં આવે છે. માટે મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ પતંજલિઋષિએ આપેલા આ લક્ષણ પર વિચારણા કરી રહ્યા છે.

**શંકા** - શું અન્યદર્શનકારોની મોક્ષ સુધી નજર પહોંચી છે ? શું તેઓ યોગને સમજી શકે છે કે જેથી એની વિચારણા કરી શકે ?

**સમાધાન** - હા, આર્યભૂમિનો આ પ્રભાવ છે. આશય એ છે કે આપણે ત્યાં આર્યદેશ-અનાર્યદેશ... એવા વિભાજન આવે છે. આ વિભાજન શાના આધારે છે ? એ વિચારીએ તો જણાય છે કે વર્તમાન દુનિયામાં જે ધર્મો પ્રચલિત છે એમાં બે વિભાગ સ્પષ્ટ તરી આવે છે.. એક વિભાગ - ભારતદેશમાં ઉદ્ભવેલા ધર્મોનો.. અને બીજો- ભારતની બહાર ઉદ્ભવેલા ધર્મોનો. ભારતમાં ઉદ્ભવેલ ધર્મ (દર્શન) ચાહે જૈનદર્શન હોય કે બૌદ્ધ..... ન્યાયદર્શન હોય કે વૈશેષિક... સાંખ્યદર્શન હોય કે વેદાંતદર્શન... બધાનો પાયો એકસમાન છે... જે ભારતની બહાર અસ્તિત્વમાં આવેલા ખ્રીસ્તી, મુસ્લિમ, યહુદી વગેરે કોઈ જ ધર્મમાં જોવા મળતો નથી.

ભારતના દર્શનોનો આ સમાન પાયો છે - બધા જ દર્શનો શરીર- ઇન્દ્રિય મન અને પાંચભૂતથી ભિન્ન એવું સ્વતંત્ર આત્મદ્રવ્ય માને છે. વળી આ આત્મદ્રવ્ય અનાદિકાળથી છે એવું પણ બધા જ માને છે, એમાં કોઈ અપવાદ નથી.. ક્ષણિક આત્મવાદી બૌદ્ધ પણ સંતાન-પરંપરાથી એને અનાદિ માને જ છે. આત્માને અનાદિ માનવાનું કારણ સ્પષ્ટ છે કે, જેમ પાણીમાં વલોણું કરવાથી ક્યારેય માખણ મળી શકતું નથી.. અથવા જેમ રેતીને પીલવાથી ક્યારેય તેલનું એક બુંદ પણ મળી શકતું નથી.. એમ જડ પદાર્થો પર ગમે એટલી પ્રક્રિયા કરો... એમાં ચૈતન્ય પ્રગટાવી શકાતું નથી. એટલે વર્તમાન ક્ષણે ચૈતન્યથી ધબકતો પદાર્થ, પૂર્વક્ષણે પણ ચેતનાવંત જ હતો.. વળી પૂર્વક્ષણે એ ચેતનાવંત હતો.. તો એની પૂર્વક્ષણે પણ એમાં ચૈતન્ય ધરબાયેલું જ હતું.. આવી પૂર્વ- પૂર્વ ક્ષણોમાં કોઈ છેડો માની શકાતો નથી. કારણ કે જે છેડો (= આદ્યક્ષણ) માનવામાં આવેએની પૂર્વક્ષણમાં જો ચૈતન્ય સ્ફુરાયમાણ ન હોય તો એ આદ્યક્ષણમાં પણ ચૈતન્ય આવી શકે જ નહીં. માટે દરેક ભારતીય-દર્શનોએ આત્માને અનાદિ માન્યો છે.

વળી જૈનવગેરે દર્શનોની એક સમાનતા આ છે કે દરેક આત્માને અનાદિકાળથી કોઈક અન્ય તત્ત્વ વળગેલું છે ને તેથી આત્માનો સંસાર છે... સંસારમાં પરિભ્રમણ છે.. આધિ-વ્યાધિ ને ઉપાધિઓ છે.

અન્ય એક સમાન પાયો આ છે કે આત્માને અનાદિકાળથી વળગેલી આ અશુદ્ધિને દૂર કરી શકાય છે. એ દૂર થાય એટલે આત્માનો મોક્ષ થાય છે જ્યાં શરીર-ઈન્દ્રિય કે મન.. કશું ન હોવાથી કોઈ જ પ્રકારનું દુઃખ હોતું નથી.

અને છેલ્લો એક સમાન પાયો એ છે કે માનવભવ પામ્યા પછી જીવનું કોઈ પણ મુખ્ય કર્તવ્ય હોય તો, આ અશુદ્ધિને દૂર કરી મોક્ષ પ્રાપ્તિ કરવી એ છે. આ પ્રયોજનની સામે, છ ખંડના સામ્રાજ્યની પ્રાપ્તિ પણ કાંઈ વિસાતમાં નથી. આ પ્રાપ્તિ ન થાય, તો બીજી અનેક આત્મગુણોની પ્રાપ્તિમાં પણ સંતોષ માનવો ન જોઈએ કે જંપીને બેસવું ન જોઈએ.. ને મોક્ષ પ્રાપ્તિના પુરુષાર્થમાં મચી જ પડવું જોઈએ.

અલબત્ આત્મા, અશુદ્ધિ, મોક્ષ વગેરે દરેકના સ્વરૂપની માન્યતામાં કદાચ આસમાન-જમીનનો તફાવત છે.. જેમ કે કોઈક આત્માને નિત્યાનિત્ય, શરીરવ્યાપી હોવાથી સંકોચ-વિકાસશીલ, જ્ઞાનાદિગુણો સાથે ભિન્નાભિન્ન... વગેરે માને છે. બીજાઓ એને એકાંતે નિત્ય (= કૂટસ્થનિત્ય), વિભુ, જ્ઞાનાદિગુણોથી શૂન્ય વગેરે માને છે.. વળી અન્યદર્શનકારો એને એકાંતે અનિત્ય (ક્ષણિક), જ્ઞાનમય વગેરે માને છે.. આ બધા આવા અનંતા આત્માઓ માને છે તો વેદાંતી માત્ર એક શુદ્ધ બ્રહ્મ માને છે.

આત્માને વળગેલી અશુદ્ધિની બાબતમાં પણ ઘણી વિવિધતાઓ છે. કોઈ એને કર્મ કહે છે તો કોઈ અદૃષ્ટ.. કોઈ પ્રકૃતિ કહે છે તો કોઈ અવિદ્યા. તો કોઈ વાસના... જેમ નામમાં ફેરફાર છે એમ એના સ્વરૂપમાં પણ બધાની માન્યતામાં ફેરફાર છે.

એ જ રીતે મોક્ષને કોઈ સચ્ચિદાનંદમય માને છે તો કોઈ એને નિર્ગુણ માને છે.. કોઈ નિરન્વયમુક્તિ માને છે તો કોઈ બ્રહ્મલીનતાને મુક્તિ માને છે.

આમ આત્મા વગેરે અંગે ઘણો માન્યતાભેદ હોવા છતાં, દરેકનો પાયો, આત્મા, અશુદ્ધિ-સંસાર... અશુદ્ધિ દૂર થવા પર મોક્ષ.. મોક્ષ જ મુખ્ય રીતે પ્રાપ્ય તત્ત્વ છે. ને એ રાગ-દ્વેષ પર વિજય વિના પ્રાપ્ત થતો નથી. રાગ-દ્વેષ પર સંપૂર્ણ વિજય મેળવવો શક્ય છે ને એ જ મુખ્ય પ્રયોજન છે. પાયાની આ સમાનતા એ કોઈ નાનીસૂની વાત નથી. કારણ કે ભારતની બહાર ઉદ્ભવ પામેલા પણ સંખ્યાબંધ ધર્મો હોવા છતાં કોઈ જ ધર્મના પ્રણેતાની નજર મોક્ષ તરફ ગઈ નથી.. 'સંસારનું મૂળ આત્માને વળગેલી અશુદ્ધિ છે..' આ વાત જ મૂળમાં સમજાયેલી નથી. 'સંસારમાં ગમે એવી સુખ-સગવડ- સન્માનમય અવસ્થા, એ છેવટે જીવ માટે કદર્થનારૂપ જ છે, શુદ્ધ આત્માંસ્વરૂપ મોક્ષની તુલનામાં એ સાવ તુચ્છ છે, પરિણામે વિપાકદારૂણ છે ને તેથી પરમાર્થથી એ પણ ત્યાજ્ય જ છે..' આવી બધી મૂળભૂત વાતનો અણસાર સુધ્ધાં ન હોવાથી એમનું લક્ષ્ય વધુમાં વધુ.. થોડી સમૃદ્ધિ હોય.. વિષય-કષાયના તોફાનો કંઈક ઓછા કર્યા હોવાથી શાંતિનો અનુભવ હોય, સમાજમાં માનભરેલી સ્થિતિ હોય, દયા પરોપકાર નીતિ વગેરે ગુણો હોય એટલે ભયો ભયો... બસ આટલું જ હોય છે. રાગ-દ્વેષપર કંઈક વિજય મળ્યો છે એ જોઈને મારે સંતોષ માની લેવાનો નથી કે સાધના થંભાવી દેવાની નથી. મારે એના પર સંપૂર્ણ વિજય મેળવાનો છે... સંસાર દુઃખમય છે... એની દુઃખમયતાના મૂળમાં એની પાપમયતા છે.. ને એની પાપમયતાના મૂળમાં એની રાગ-દ્વેષમયતા છે.. માટે રાગ-દ્વેષ પર વિજય-સર્વજ્ઞતા- મોક્ષ... આ જ મુખ્ય લક્ષ્ય છે... આવી બધી વાતો હૈયામાં સ્ફુરવી.. સ્ફુર્યા પછી જચવી... જીવનનું એ જ સાધ્ય બનવી.. એ સાધ્યની સિદ્ધિ માટે અપાર સમૃદ્ધિમય સંસારને પણ શિવનિર્માલ્યવત્ ત્યજી દેવામાં કોઈ થડકારો નહીં.. ને અનેક કષ્ટમય

સાધનાજીવનનો સ્વીકાર કરવો... એમાં જ આનંદ અનુભવવો... સુખ-સમૃદ્ધિ-ભોગ વિલાસમાં આળોટનારને જોઈને તો ઉપરથી દયા આવવી.. આવી બધી ભૂમિકા એ કોઈ નાની સૂની વાત નથી.

આવી બધી ભૂમિકા, આત્માને ઘણો સજ્જ કર્યો હોય.. મોહ પર ઘણો વિજય મેળવ્યો હોય.. તો જ આવે છે.. માટે જ ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા ભગવાન શ્રી હરિભદ્રસૂરિમહારાજે, જેમણે મોક્ષપ્રાપ્તિ માટે ખૂબ મનોમંથન કર્યું.. સૂક્ષ્મ ચિંતન કર્યું.. એ પાછળ આખું જીવન ખર્ચી નાખ્યું... ને ભાવુકોને, પોતાને ભાસેલો મોક્ષમાર્ગ પ્રરૂપ્યો.. એવા શ્રીપતંજલિઋષિ વગેરેનો 'મહાત્મા' તરીકે ઉલ્લેખ કર્યો છે, ભલે ને તેઓએ પ્રરૂપેલો મોક્ષમાર્ગ વાસ્તવિક નથી.

ભારતની બહારના ધર્મોના પ્રણેતાઓની આ ભૂમિકા નહોતી.. ને તેથી, મુખ્યતયા મોક્ષ પ્રાપ્તિને લક્ષ્યમાં રાખીને પ્રરૂપાયેલો હોય એવો એક પણ ધર્મ ભારતની બહાર મળતો નથી.

**શંકા** - જો ભારતબહારના ધર્મોના આદ્યપુરુષોની આવી ભૂમિકા નહોતી, તો ભારતીયદર્શનોના પ્રણેતાઓની આવી ભૂમિકા શી રીતે સર્જાઈ ?

**સમાધાન** - તેઓ પર સાક્ષાત્ કે પરંપરાએ.. આ ભવમાં કે પૂર્વભવમાં.. પરમ પાવન શ્રી જિનવચનોની અસર હતી. શ્રી જિનવચનોના શ્રવણ, પરિશીલન અને ઓછા-વધતા આચરણ વિના મોહનું જોર ઓછું થવું... ને હૈયામાં આવા વિચારો ઊઠવા એ શક્ય જ નથી. એટલે જ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજે કહ્યું છે કે *અન્ય દર્શનોમાં જે કાંઈ સારી વાતો મળે છે એ શ્રીદ્વાદશાંગીરૂપ શ્રુતસમુદ્રમાંથી ઊડેલા જળબિન્દુ સમાન છે.* અને આ તો, 'તેઓની શ્રી જિનવચનો પ્રત્યેની શ્રદ્ધાના અતિરેક માત્રથી કહેવાયેલી વાત છે' એવું પણ નથી, કારણકે આ વાત અત્યંત યુક્તિસંગત છે.

આત્મા અતીન્દ્રિય હોવો અને મોક્ષ આપણા અનુભવથી

અતિ-અતિ-અતિ પર (અતીત) હોવો.. આ બે વાસ્તવિકતાઓ એવી છે કે, આત્માના શુદ્ધસ્વરૂપાત્મક મોક્ષ જેમને હસ્તામલકવત્ પ્રત્યક્ષ હોય એ જ એનું સ્વતંત્ર-પ્રથમ નિરૂપણ કરી શકે... એમના આ મૂળભૂત નિરૂપણના આલંબન વિના અન્યોને એની કલ્પના સપનામાંય સંભવિત જ નથી, કારણકે શુદ્ધઆત્મા સર્વજ્ઞ સિવાય કોઈને પ્રત્યક્ષ હોતો નથી. આ વાતને અત્યંત સહૃદયપણે સૂક્ષ્મરીતે વિચારવી.

**શંકા** - જો બૌદ્ધવગેરે દર્શનોના પ્રણેતાઓને મોહનું જોર ઓછું થયેલું હતું, તથા એમની વાતો પણ શ્રી જિનપ્રવચનમાંથી ઊડેલા છાંટા છે.. તો તો એ સત્ય જ હોવી જોઈએ ને !

**સમાધાન** - તે છે જ ને ! આપણે ક્યાં એનો નિષેધ કરીએ છીએ ?

**શંકા** - જો એ સત્ય જ છે, તો આપણા શ્રી સમ્મતિતર્કપ્રકરણ વગેરેદર્શન- પ્રભાવકગ્રન્થોમાં એનું ખંડન કેમ આવે છે ?

**સમાધાન** - શ્રી જૈનપ્રવચનની વાતો સાતનયમય છે.. તે તે દર્શનકારોએ એમાંના એક-એક નયને પકડીને નિરૂપણ કર્યું છે.. જેમ કે બૌદ્ધદર્શન પર્યાયાર્થિકનય જેવું નિરૂપણ કરે છે. પણ નય એ સંપૂર્ણ સત્ય નથી, આંશિક સત્ય છે.. જ્યારે બૌદ્ધાદિદર્શન પોતપોતે પકડેલા નયને સંપૂર્ણ સત્ય માની બેસે છે, માટે એનું ખંડન છે.

**શંકા** - ભલે એમની વાતો આંશિક સત્ય.. પણ સત્ય તો ખરી જ ને ! પછી ખંડન શા માટે ?

**સમાધાન** - ના, આપણે પણ એમની વાતનું ખંડન કરતા જ નથી. જેમકે બૌદ્ધોએ ક્ષણિકત્વની વાતો કરી છે.. તો આપણે કાંઈ ક્ષણિકત્વનું ખંડન કરતા નથી, કારણ કે ક્ષણિકત્વ આપણને પણ માન્ય જ છે. પણ તેઓ એને એકાંતે જે કહે છે.. એટલે કે કોઈપણ અપેક્ષાએ આત્મામાં નિત્યત્વ છે જ નહીં.. એ રીતે નિત્યત્વને તેઓ

સર્વથા જે નકારે છે એનું જ આપણે ખંડન કરીએ છીએ. એમ સાંખ્યદર્શન કે પાતંજલયોગદર્શન આત્માને નિત્ય જે માને છે એનું આપણે ખંડન કરતા નથી, કારણ કે આપણને એ પણ માન્ય જ છે.. પણ એને એકાંતે માની ક્ષણિકત્વને સર્વથા જે તેઓ નકારે છે એનું જ આપણે ખંડન કરીએ છીએ.

**શંકા** - એમ તો દ્રવ્યાર્થિકનય પણ ક્ષણિકત્વને નકારે જ છે ને ! જો એ ન નકારે તો તો પ્રમાણ જ ન બની જાય ? આશય એ છે કે દ્રવ્યાર્થિકનય વસ્તુના દ્રવ્યાંશને જોતો હોવાથી નિત્યત્વ તો માને જ છે. હવે જો એ ક્ષણિકત્વને નકારતો ન હોય, ક્ષણિકત્વનું ખંડન કરતો ન હોય, તો તો ન નિષિદ્ધં અનુમંત ન્યાયે એનો સ્વીકાર જ કર્યો કહેવાય. અને તો પછી એણે વસ્તુના નિત્યત્વાંશ (=દ્રવ્યાંશ) અને અનિત્યત્વાંશ (=પર્યાયાંશ) બંનેને સ્વીકાર્યા હોવાથી એ 'પ્રમાણ' કેમ ન બની જાય ? કારણ કે નય તો એને જ કહેવાય છે જે વસ્તુના એક જ અંશને જોતો હોય.

**સમાધાન** - નિત્યવાદી દર્શનો અનિત્યત્વાંશને સર્વથા નકારે છે, માટે મિથ્યા હોવાથી એનું ખંડન છે. દ્રવ્યાર્થિકનય એને પ્રધાનતયા નકારે છે, પણ ગૌણતયા સ્વીકારે પણ છે, માટે એ મિથ્યા નથી. વળી સ્વીકાર ગૌણરૂપે છે, માટે સામાન્યથી આ સ્વીકારનો ઉલ્લેખ થતો નથી, ને ઉલ્લેખ દ્રવ્યાર્થિકનય ક્ષણિકત્વને નકારે છે એવો જ થાય છે. તથા, ગૌણરૂપે સ્વઅભિપ્રેત અંશથી ઇતરાંશનો = અન્ય અંશ ભૂત અનિત્યત્વનો = ક્ષણિકત્વનો આ સ્વીકાર એ જ દ્રવ્યાર્થિક નયની પ્રમાણસાપેક્ષતા છે. (એટલે કે દ્રવ્યાર્થિકનય પ્રમાણને સાપેક્ષ છે, પ્રમાણનો અનાદર કે અપલાપ કરનાર નથી.)

**પ્રશ્ન** - ઇતરાંશનો પ્રધાનરૂપે નકાર (= પ્રતિક્ષેપ =ખંડન) અને ગૌણ રૂપે સ્વીકાર (=અપ્રતિક્ષેપ) એ શું છે ?

**ઉત્તર** - જે અપેક્ષાએ વિવક્ષિત નય પ્રવર્તે છે તે અપેક્ષાને

છોડ્યા વિના કરાતી વિચારણામાં ઇતરાંશનો કરાતો પ્રતિક્ષેપ એ પ્રધાનરૂપે પ્રતિક્ષેપ (=નકાર) છે અને એ અપેક્ષાને છોડી દઈને કરાતી વિચારણામાં ઇતરાંશનો કરાતો સ્વીકાર એ ગૌણરૂપે અપ્રતિક્ષેપ છે. તે આ રીતે - દ્રવ્યાર્થિકનય દ્રવ્યની અપેક્ષાએ જીવમાં નિત્યત્વને જુએ છે અને કહે છે. આ દ્રવ્યની અપેક્ષાને જ ઊભીરાખીને એ જીવમાં અનિત્યત્વને જે નકારે છે તે ઇતરાંશરૂપ અનિત્યત્વનો પ્રધાન રૂપે પ્રતિક્ષેપ છે. અને દ્રવ્યની અપેક્ષા છોડીને પર્યાયની અપેક્ષાએ જીવમાં અનિત્યત્વ હોવાનો જે સ્વીકાર છે તે ઇતરાંશરૂપ અનિત્યત્વનો ગૌણરૂપે અપ્રતિક્ષેપ છે. અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે પોતાની અપેક્ષાને છોડવી અને ઇતરાંશનો સ્વીકાર કરવો આ બંને ગર્ભિતરૂપે જ હોય છે, નહીં કે વ્યક્તરૂપે. માટે જ એ અપ્રતિક્ષેપ ગૌણરૂપે કહેવાય છે.

**પ્રશ્ન** - નિત્યત્વવાદી વગેરે સાંખ્યાદિ દર્શનોને મિથ્યા કહી એનું ખંડન કરવું, અને એ જ નિત્યત્વાદિને કહેનાર નૈગમાદિ દ્રવ્યાર્થિકનય વગેરેને મિથ્યા ન કહેવા.. આવું શા માટે ? એ બેમાં શું તફાવત છે ? એ સ્પષ્ટરૂપે સમજાવો.

**ઉત્તર** - સાંખ્યાદિકદર્શનો जीवो नित्यः વગેરે રૂપે જે નિત્યત્વાદિને જુએ છે તેને જ વસ્તુના સંપૂર્ણસ્વરૂપ તરીકે માની લે છે અને નિરૂપે છે, માટે તેઓ મિથ્યા છે. પરંતુ નૈગમાદિનયો સ્વવિષયભૂત નિત્યત્વાદિને વસ્તુસ્વરૂપના અંશરૂપે જ માને છે, નહીં કે સંપૂર્ણ વસ્તુસ્વરૂપ રૂપે, કારણ કે વસ્તુસ્વરૂપનો જે અનિત્યત્વાદિ સ્વરૂપ ઇતરાંશ, તે પણ પ્રમાણથી પરિછિન્ન છે. (એટલે કે એ પણ વસ્તુમાં રહેલ તો છે જ.) જો કે નૈગમનામે દ્રવ્યાર્થિકનય દ્રવ્યને મનમાં રાખીને = અર્પણા કરીને જ વસ્તુને જુએ છે. એટલે વ્યક્તરૂપે તો ક્યારેય जीवोऽनित्यः 'जीवोऽनित्यो ऽपि' ઇત્યાદિ સ્વીકારતો નથી, કે બોલતો નથી, ઊલટું जीवो नित्य एव.. એ પ્રમાણે નિત્યપણાનું સાવધારણ (જકાર સહિતનું) વિધાન કરે છે. અને जीवो नैवानित्यः

એ રીતે અનિત્યત્વનું સાવધારણ નિરાકરણ પણ કરે જ છે, કારણ કે દ્રવ્યની અપેક્ષાએ જીવમાં નિત્યત્વ જ સંભવે છે, અનિત્યત્વ સ્વપ્નમાં પણ સંભવી શકતું નથી. તેમ છતાં એ પ્રમાણાપેક્ષ (= પ્રમાણની અપેક્ષાવાળો) હોવાથી અવ્યક્તરૂપે - ગર્ભિતરૂપે પ્રમાણથી નિશ્ચિત થયેલ અનિત્યતત્વાત્મક ઇતરાંશને સ્વીકારે છે, એનો નિષેધ કરતો નથી. આવો સ્વીકાર એ જ એનું પ્રમાણાપેક્ષત્વ છે. 'વસ્તુના સ્વરૂપની વિચારણામાં જેમ દ્રવ્યની અર્પણા (પ્રધાનતા) અને પર્યાયની અનર્પણા (ગૌણતા) હોય છે એમ અન્ય અપેક્ષાએ દ્રવ્યની અનર્પણા અને પર્યાયની અર્પણા પણ કરાતી જ હોય છે, હું નથી કરતો એ એક અલગ વાત છે. 'પણ એ વખતે જીવ અનિત્ય જ છે, નહીં કે નિત્ય, પર્યાયની અપેક્ષાએ જીવ નિત્ય હોવો સ્વપ્નમાં પણ સંભવતો નથી.' 'વસ્તુસ્વરૂપનું જેમ હું ગ્રહણ કરું છું એમ બીજો પર્યાયાર્થિક પણ ગ્રહણ કરે જ છે, કારણ કે પ્રમાણથી નિશ્ચિત થયેલ અનિત્યત્વનું જ એ પણ ગ્રહણ કરનારો છે.' 'હું પ્રમાણ નથી, પણ નય જ છું, કારણ કે અંશમાત્રગ્રાહી છું.' 'મને જીવ નિત્ય જે ભાસે છે તે કોઈક અપેક્ષાએ જ, નહીં કે અપેક્ષાવિના. કારણ કે અન્યને બીજી અપેક્ષાએ એ અનિત્ય પણ ભાસે જ છે.' આવા બધા વિકલ્પો નયને ગર્ભિતરૂપે હોય જ છે. આવા વિકલ્પો પેદા કરવા એ પ્રમાણાપેક્ષત્વ વડે કરાતું મિથ્યાત્વનું અપનયન (=દૂર કરવું એ) જાણવું. પરંતુ સાંખ્ય વગેરે અન્ય દર્શનોને આ વિકલ્પો ગર્ભિતરૂપે પણ હોતા નથી. તેઓ તો એમ જ માનતા હોય છે કે 'હું જે નિત્યત્વાદિને જોઉં છું એ વસ્તુનું પૂર્ણસ્વરૂપ જ છે, એનાથી ભિન્ન અનિત્યત્વ વગેરે સ્વરૂપ વસ્તુમાં સંભવતું નથી જ.' 'મને જે નિત્યત્વાદિ ભાસે છે તે નિરપેક્ષપણે જ નહીં, કે કોઈક અપેક્ષાએ.. માટે જ અર્પણા અનર્પણા જેવું કાંઈ છે જ નહીં. 'હું પ્રમાણ જ છું, નહીં કે નય, કારણ કે સંપૂર્ણ વસ્તુગ્રાહી છું...' 'આ જગત્‌માં એવી કોઈ અપેક્ષા છે નહીં, જે વસ્તુને અનિત્યાદિરૂપે જણાવે.' અન્ય દર્શનોને આવા વિકલ્પો હોય છે, માટે તે મિથ્યા જ છે.

આ બાબતમાં રહસ્ય આવું છે - બે પુરુષો વૃક્ષની શાખાને જોઈ રહ્યા છે, એમાં પ્રથમ પુરુષ શાખા એ વૃક્ષનો એક અવયવ છે એવું માને છે. બીજો 'શાખા એ જ સંપૂર્ણ વૃક્ષ છે' એમ માને છે. જો કે પ્રથમ પણ શાખાને જ જોઈ રહ્યો છે, નહીં કે મૂળને... અને એટલે એ શબ્દથી- વ્યક્તરૂપે ક્યારેય પણ वृक्षः कपिसंयोगाभाववान्, वृक्षः कपिसंयोगाभाववानपि આવું સ્વીકારતો નથી કે બોલતો નથી. ઉલટું वृक्षः कपिसंयोग्येव એમ કપિસંયોગનું સાવધારણ વિધાન, અને वृक्षो नैव कपिसंयोगाभाववान् (વૃક્ષ વાંદરાના સંયોગના અભાવવાળું નથી જ) એમ કપિસંયોગાભાવનો સાવધારણ નિષેધ પણ કરે જ છે, કારણ કે શાખાની અપેક્ષાએ ત્યારે કપિસંયોગ જ સંભવે છે, કપિસંયોગાભાવ સંભવતો નથી જ. તેમ છતાં તે ગર્ભિતરૂપે મૂળને પણ વૃક્ષના અવયવરૂપે સ્વીકારે છે, માટે કપિસંયોગાભાવ રૂપ ઇતરાંશને પણ વૃક્ષમાં સ્વીકારે જ છે, નકારતો નથી. વૃક્ષ પર કપિસંયોગ છે કે નહીં ? એ વિચારણામાં જેમ શાખાની અર્પણા અને મૂળની અનર્પણા છે એમ અન્ય અપેક્ષાએ મૂળની અર્પણા- શાખાની અનર્પણા... પણ કરાતી જ હોય છે, હું નથી કરતો એ એક અલગ વાત છે. એ વખતે વૃક્ષ પર કપિસંયોગાભાવ જ છે, નહીં કે કપિસંયોગ પણ.. કારણ કે મૂલની અપેક્ષાએ એ વખતે વૃક્ષ પર કપિસંયોગ સંભવતો નથી. 'વૃક્ષના સ્વરૂપનું હું જેમ ગ્રહણ કરું છું એમ અન્ય મૂળને જોનાર પુરુષ પણ વૃક્ષના સ્વરૂપનું ગ્રહણ કરે છે, કારણ કે તે પણ વૃક્ષના અંશનું જ ગ્રહણ કરે છે.' 'હું સંપૂર્ણ વૃક્ષને જોનારો નથી, પણ એના અંશને જ જોનારો છું, કારણ કે માત્ર શાખાને જ જોઉં છું.' મને કપિસંયોગ જે ભાસે છે તે કોઈક અપેક્ષાએ જ, નહીં કે નિરપેક્ષપણે, બીજાને બીજી અપેક્ષાએ કપિસંયોગાભાવ પણ ભાસે જ છે.' 'આવા બધા વિકલ્પો પ્રથમ પુરુષને ગર્ભિતરૂપે હોય જ છે. પણ બીજા પુરુષને એ ગર્ભિતરૂપે પણ સંભવતા નથી જ. તે તો એમ જ સમજે છે કે 'મને ભાસતો કપિસંયોગ એ આખા વૃક્ષનું સ્વરૂપ છે, કપિસંયોગાભાવ વૃક્ષ પર છે જ નહીં.' 'મને

કપિસંયોગ જે ભાસે છે તે નિરપેક્ષપણે જ, નહીં કે શાખાની અપેક્ષાએ. માટે અર્પણા- અનર્પણા જેવું કાંઈ છે જ નહીં.' 'હું આખા વૃક્ષનું જ્ઞાન કરનારો છું, નહીં કે વૃક્ષના અંશમાત્રનું. કારણ કે વૃક્ષ શાખા માત્ર રૂપ જ છે.' 'આ વૃક્ષ પર એવો કોઈ અંશ છે નહીં જેને આગળ કરીને હાલ કપિસંયોગાભાવ પણ ભાસે' બીજા પુરુષને આવા બધા વિકલ્પો હોય છે, માટે એનું દર્શન મિથ્યા છે.

આવું જ પ્રસ્તુતમાં જાણવું જોઈએ. આમાં નય પ્રથમ પુરુષ જેવો છે. અન્ય સાંખ્યાદિદર્શન બીજા પુરુષ જેવું છે. માટે અન્ય દર્શનો મિથ્યા હોવા છતાં નય મિથ્યા નથી.

આવો વિચાર આવી શકે કે - દ્રવ્યાર્થિકનયને ગર્ભિતરૂપે તમે કહેલા વિકલ્પો ભલે હો, વ્યક્તરૂપે શબ્દથી તો એ સાંખ્યની જેમ ક્યારેય પણ અનિત્યત્વને સ્વીકારતો નથી, પણ નિરાકરણ જ કરે છે. 'પર્યાયની અપેક્ષાએ જીવાદિ વસ્તુમાં અનિત્યત્વ પણ રહેલું જ છે.' વગેરે એ પણ સાંખ્યની જેમ ક્યારેય મુખથી કહેતો નથી જ, કારણ કે એવું કહેવામાં એનું દ્રવ્યાર્થિકપણું જ હણાઈ જાય. એટલે જ દ્રવ્યાર્થિકનય હોય કે સાંખ્યદર્શન હોય, **નિરૂપણ તો બંનેનું સમાન જ હોય છે. એટલે સાંખ્યદર્શનનું જ નિરૂપણ મિથ્યા, નહીં કે દ્રવ્યાર્થિકનયનું નિરૂપણ.. આ તો અર્ધજરતીયન્યાય જ છે.**

પણ આ વિચાર યોગ્ય નથી, કારણ કે આ બેનું નિરૂપણ **શબ્દથી સમાન હોવા છતાં દ્રવ્યાર્થિકનયના નિરૂપણમાં કંઈક વિશેષતા પણ છે જ.** 'એ વિશેષતા કઈ ?' આ નિત્યતાવાદી સાંખ્ય અને ક્ષણિકત્વવાદી બૌદ્ધ જ્યારે ભેગા થાય છે ત્યારે શત્રુની જેમ પરસ્પર વિવાદ જ કરે છે, સહકારભાવ દાખવતા નથી, અને તેથી વસ્તુસ્વરૂપનો વિઘાત કરનારા જ બને છે. નહીં કે તેનો વાસ્તવિક નિશ્ચય. પરંતુ નિત્યતાવાદી દ્રવ્યાર્થિકનય અને અનિત્યતાવાદી પર્યાયાર્થિકનય જ્યારે ભેગા થઈને વસ્તુના સંપૂર્ણસ્વરૂપનો નિશ્ચય કરવા માટે પ્રયત્નશીલ બને છે ત્યારે પરસ્પર સહકાર ભાવ જ રાખે

છે, નહીં કે શત્રુભાવ. એટલે જ ભેગા થયેલા તે બે સમસ્ત વસ્તુના બોધક બને છે, અને એટલે જ તે બેના સમુદાયમાં સમ્યક્ત્વ કહેવાય છે. પરસ્પર વૈરભાવને છોડીને સહકારભાવ ભજવામાં, અન્ય નયના વિષયભૂત અનિત્યત્વાદિનો ગર્ભિતરૂપે વસ્તુઅંશ તરીકે જે સ્વીકાર એ જ કારણરૂપ બને છે. તેથી સમસ્ત વસ્તુનું બોધકત્વ લાવી આપનાર તથા સમ્યક્ત્વ લાવી આપનાર આ ગર્ભિત રૂપવાળો એવો પણ સ્વીકાર નયની વિશેષતા કેમ ન કહેવાય ?

શ્રી પતંજલિઋષિએ આપેલા યોગના લક્ષણની વિચારણા કરતાં પહેલાં ભારતીય અન્ય દર્શનો અંગેની પાયાની કેટલીક વાતો આપણે વિચારી. તથા દર્શન-નયનો ભેદ પણ વિચાર્યો. અન્ય દર્શકોની અલગ-અલગ માન્યતાઓ કેમ થઈ ? વગેરે વાતો આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૩

ભારતના દર્શનોનો અને ભારતની બહારના ધર્મોનો મુખ્ય તફાવત, ભારતીયદર્શનોની પાયાની માન્યતાઓમાં સમાનતા (તથા અસમાનતા), દર્શનો મિથ્યા હોવા છતાં સમાન નિરૂપણવાળા નયો મિથ્યા નથી.. વગેરે વાતો ગયા લેખમાં જોઈ. હવે પૂર્વભૂમિકા રચીને પાતંજલ યોગલક્ષણની વિચારણા આ લેખમાં જોઈશું.

**આત્માના બે સ્વરૂપ છે. શુદ્ધ સ્વરૂપ અને અશુદ્ધ સ્વરૂપ. કર્માત્મક ઉપાધિથી બિલકુલ મુક્ત થઈ જવા પર મોક્ષમાં આત્માનું જે સ્વરૂપ હોય છે તે શુદ્ધ સ્વરૂપ છે. તથા, કર્માત્મક ઉપાધિવાળું અને એ ઉપાધિના કારણે થતી વિવિધ-વિચિત્ર અવસ્થાઓવાળું આત્માનું જે સ્વરૂપ સંસારમાં હોય છે તે અશુદ્ધસ્વરૂપ છે. આ શુદ્ધ સ્વરૂપ અને અશુદ્ધ સ્વરૂપમાં આસમાન-જમીનનો ફરક હોય છે.**

શુદ્ધ સ્વરૂપમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંતવીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે હોય છે. અંશમાત્ર પણ રૂપ-રસ-ગંધ- સ્પર્શ હોતા નથી, કારણકે જીવ અશરીરી છે. આમ રૂપ-રસાદિ ન હોવાથી એ અરૂપી છે. અથવા સંસારમાં જેવા મનુષ્ય-દેવ... ક્રોધી-ક્ષમાશીલ.. વગેરે જાત જાતના રૂપાંતરણ થયા કરતા હોવાથી જીવ રૂપી હોય છે, એવા કોઈ જ રૂપાંતરણ સાદિ અનંતકાળમાં ક્યારેય થતા ન હોવાથી જીવ આકાશ વગેરેની જેમ બિલકુલ અરૂપી હોય છે. વળી શરીર અને મન ન હોવાથી આધિ-વ્યાધિ કે ઉપાધિ ન હોવાના કારણે દુઃખનું નામનિશાન હોતું નથી. અનંતવીર્ય છે, પણ શરીરાત્મક સાધન ન હોવાથી કર્તૃત્વ હોતું નથી, એટલે કે જીવ અકર્તા છે. સ્વયં ઊર્ધ્વગતિશીલ હોવા છતાં, લોકાન્તે રહ્યો હોવાના કારણે ઉપર ધર્માસ્તિકાય ન હોવાથી ઊર્ધ્વગતિ થતી નથી.. ને કર્મ ન હોવાથી તિર્થ્છી કે અધો ગતિ પણ થતી નથી. એટલે કે જીવ બિલકુલ નિષ્ક્રિય હોય છે. અને એટલે જ મોક્ષમાં જવા પર જે આકાશપ્રદેશોમાં સ્થિર થયો, તેમાંથી એક-પણ આકાશ પ્રદેશ આઘોપાછો થતો નથી, ભલે ને અનંતાનંત કાળ વીતી જાય. સંસારમાં તો શરીરની અવગાહના મુજબ નાનો-મોટો થતો હતો. એટલે કે જીવ સંકોચ-વિકાસશીલ છે. તેમ છતાં મોક્ષમાં શરીર જ ન હોવાથી એક આકાશ-પ્રદેશ જેટલો પણ નાનો-મોટો થતો નથી. સંસારની અંતિમ અવસ્થામાં બે-તૃતીયાંશ અવગાહના થવા પર જે અવગાહના થઈ એ જ અનંતાનંત કાળ સુધી જળવાઈ રહે છે. યોગ નથી, માટે આત્મપ્રદેશોમાં સ્પંદન નથી, એટલે કે અસંખ્ય આત્મપ્રદેશોમાંથી એક પણ આત્મપ્રદેશ ક્યારેય પણ સ્વસ્થાનથી ખસતો નથી. બિલકુલ નિશ્ચલ અચલ રહે છે.

વળી ક્ષપકશ્રેણિમાં જીવ આત્મામાં અનાદિકાળથી રહેલી ક્રોધાદિ-કષાયોની, વિષયવાસનાની.. રાગ-દ્વેષની યોગ્યતા સંપૂર્ણતયા નિર્મૂળ કરી નાખે છે. હવેથી જીવ આ બાબતોમાં થાંભલા

જેવો અયોગ્ય બની ગયો. જેમ થાંભલાને કોઈ કરવતથી કાપી નાંખે... ક્રોધની એક રેખા પણ નહીં.. ખૂબ સુશોભિત કરીને પ્રશંસા કરે.. થાંભલાને અહંકારનો અંશ પણ નહીં... કોઈ રૂપવાન-યુવાન સ્ત્રી ભારે કામાવેગપૂર્વક આલિંગન કરે.. તો પણ થાંભલાને શું ? વિકારનો વિચાર સુધ્ધાં નહીં.. ક્ષપકશ્રેણિ બાદ જીવ આવો જ વિષય કષાય માટે બિલકુલ અયોગ્ય બની ગયો હોય છે. એટલે સિદ્ધાવસ્થામાં એક તો આવી બિલકુલ અયોગ્યતા છે... વળી ક્રોધમોહનીયકર્મનો ઉદય વગેરે રૂપ આંતરિક કારણ કે આધિ-વ્યાધિ- ઉપાધિ રૂપ બાહ્ય કારણનો પણ સદંતર અભાવ છે. એટલે ક્યારેય ક્રોધ વગેરે મોહના તોફાનો ઊઠતા નથી.. ને જીવ હંમેશ માટે સ્વગુણોમાં રમણતા કર્યા કરે છે.. ને એક અદ્‌ભુત- અલૌકિક અનુપમ અખૂટ અક્ષય સુખને માણ્યા કરે છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ આવું છે.. આની સામે અશુદ્ધ સ્વરૂપ બિલકુલ વિપરીત છે. અનંતબહુભાગ અજ્ઞાન.. દુઃખોના પહાડ-સુખનું કણ..ને તે પણ આત્મિક નહીં, પૌદ્‌ગલિક. આળસ-પ્રમાદ-શક્તિહીનતા.. ગાઢ મિથ્યામાન્યતાઓ.. સશરીરી હોવાથી.. ને શરીર સાથે દૂધપાણીની જેમ એકમેક થયેલ હોવાથી રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ વગેરેના કારણે રૂપી... અથવા ક્યારેક દેવ- ક્યારેક મનુષ્ય... એમાં પણ બાળ-યુવાન-વૃદ્ધ.. ક્ષણમાં રાગી- ક્ષણમાં વિરાગી.. ક્ષણમાં ક્રોધી-ક્ષણમાં ક્ષમાવાન.. પ્રતિક્ષણ આવા રૂપાંતરણ ચાલુ હોવાથી રૂપી. ઓછા વધતા વીર્યની સાથે શરીર હાથ પગ વગેરે સાધનો મળ્યા હોવાથી કર્તૃત્વ.. ને પછી વિષયાદિનું ભોક્તૃત્વ, રાગ-દ્વેષ.... કર્મવશાત છએ દિશામાં ગતિ... તેથી સક્રિયતા.. શરીર મુજબ સંકોચ-વિકાસશીલતા.. યોગ હોવાના કારણે આત્મપ્રદેશોની સતત-સતત સ્પંદનશીલતા- ચંચળતા.. એ જ રીતે ડગલે ને પગલે ક્રોધાદિ કષાયોના અને ઇન્દ્રિયના વિષયોના તોફાનો....

આમ આત્માના શુદ્ધ અને અશુદ્ધસ્વરૂપ વચ્ચે આભ-ગાભ જેટલું અંતર છે એ સ્પષ્ટ છે. વળી સંસાર અનાદિ છે. અનંતાનંત કાળ વીતી ગયો.. આત્મા અનાદિકાળથી અશુદ્ધ છે. સામાન્યથી છદ્મસ્થોના સંપર્કમાં આવનારા આત્માઓ અશુદ્ધ સ્વરૂપવાળા જ છે. દીર્ઘાતિદીર્ઘકાળ વીતી ગયો. જ્ઞાન તો બધાને ઓછું-વત્તું થાય છે.. પણ ઇન્દ્રિયજન્ય જ. ને મોક્ષમાં ઇન્દ્રિય તો છે નહીં. માટે મોક્ષમાં જ્ઞાન હોતું નથી. જ્ઞાન નથી માટે ઇચ્છા નથી. ને ઇચ્છા નથી માટે કૃતિ (=પ્રયત્ન) નથી, કારણ કે ઇચ્છા અને કૃતિ ક્રમશઃ જ્ઞાન અને ઇચ્છાથી જન્ય હોય છે. તથા વીતરાગતા છે માટે પણ રાગ (=ઇચ્છા) નથી. એમ દ્વેષ નથી. વળી જીવ અનંતાનંતકાળથી પૌદ્ગલિક સુખ ભોગવતો આવ્યો છે. પણ એ પુણ્ય (=ધર્મ= શુભ અદૃષ્ટ) જન્ય હોય છે ને મોક્ષમાં પુણ્ય તો હોતું નથી, માટે સુખ હોતું નથી.. એમ પાપ ન હોવાથી દુઃખ પણ હોતું નથી. (કૃતિ-રાગ-દ્વેષ ન હોવાથી પુણ્ય-પાપ હોતા નથી.)

અલબત્ત, યુક્તયોગી અને યુંજાનયોગીને અતીત- અનાગત વિષયનું પ્રત્યક્ષ મનાયેલું છે, પણ એ પણ ઇન્દ્રિયજન્ય જ મનાયેલું હોવાથી મોક્ષમાં મનાયું નથી. સર્વથા ઇન્દ્રિયાતીત એવા કેવલજ્ઞાન સુધી નજર જ પહોંચી ન હોવાથી મોક્ષમાં સર્વથા જ્ઞાનાભાવ મનાયો... એમ પુદ્ગલાતીત સુખ સુધી દૃષ્ટિ જ લંબાતી ન હોવાથી સર્વથા સુખાભાવ મનાયો. શરીર ન હોવાથી કૃતિરૂપે સક્રિય ભલે ન બનતું હોય, છતાં અનંતવીર્ય હોય એવી કલ્પના જ પહોંચતી ન હોવાથી વીર્ય પણ ન મનાયું.. આમ જ્ઞાનાદિ કોઈ ગુણો ન માનવાથી નૈયાયિક વગેરેએ નિર્ગુણ મુક્તિ માની.

સંસારકાળ દરમ્યાન અનુભૂત ઔદયિક કે ક્ષાયોપશમિક કોઈ જ ગુણો મોક્ષમાં હોતા નથી.. એ સંદર્ભમાં જીવ મોક્ષમાં નિર્ગુણ જ હોય છે.. એમ એ માન્યતાની સંગતિ કરી શકાય છે.

અગ્નિ અને પાણી જેમ ભિન્ન જ હોય, એક ન હોય શકે..

એમ ક્ષમાશીલ અને ક્રોધી... આ બે એક શી રીતે હોય શકે ? અને સંસારકાળ દરમ્યાન આત્મા તો આવા કૈંક રૂપાંતરણ પ્રતિક્ષણ અનુભવ્યા જ કરે છે. માટે આત્મા ક્ષણિક છે.. ક્ષણે-ક્ષણે બદલાયા કરે છે. સંસારમાં બાળ, યુવાન, પ્રૌઢ, વૃદ્ધ, દેવ, દુઃખી, સુખી, ક્રોધી-ક્ષમાશીલ.. રાગી-વિરાગી.. વગેરે જેવા જેવા રૂપાંતરણોને -ક્ષણોને સંસારકાળ દરમ્યાન જીવો અનુભવે છે, એવા કોઈ જ રૂપાંતરણ મોક્ષમાં હોતા નથી. એટલે દીપજ્યોત પ્રજ્વલિત હોય ત્યારે ક્ષણે-ક્ષણે જેવાં રૂપ હોય છે એવું લાલ-પીળું-ભૂરું -સ્થિર-અસ્થિર કોઈ જ રૂપાંતરણ બૂઝાયા પછી જોવા મળતું ન હોવાથી એનો નિરન્વયનાશ કહેવાય છે. એમ સંસારભાવી કોઈ જ રૂપાંતરણ મોક્ષમાં હોતું નથી.. ને મોક્ષમાં જેવું સ્વરૂપ જીવનું હોય છે એ જોવા-જાણવાનું સામર્થ્ય નથી. માટે જીવક્ષણોનો નિરન્વયનાશ એ જ મોક્ષ એવું માનનાર પણ દર્શન છે.

સંસારમાં તો કર્મજનિત અનેક જુદી જુદી અવસ્થાઓ જોવા મળે છે. મોક્ષમાં કર્મો જ ન હોવાથી બધા જ જીવો એક સમાન (અંશમાત્ર પણ ભેદ વગરના) અનંતજ્ઞાન- અનંતસુખ વગેરેવાળા બની જતા હોવાથી પરસ્પર કોઈ જ ભેદ રહેતો ન હોવાથી સંપૂર્ણ અભેદ થઈ જાય છે. એટલે કે જીવાત્મા મોક્ષ થવા પર સંપૂર્ણ શુદ્ધ પરબ્રહ્મમાં વિલીન થઈ જાય છે. એવી વેદાંતીની માન્યતા છે. એકત્વરૂપ અભેદથી નહીં, પણ સાદશ્ય રૂપ અભેદથી આ માન્યતાની પણ સંગતિ થઈ શકે છે.

આમ મોક્ષઅંગે જુદી જુદી માન્યતાઓ છે. આવી જ એક માન્યતા છે પાતંજલ યોગદર્શનની. આમ તો સાંખ્યદર્શન અને પાતંજલયોગદર્શન.. આ બંનેની મુખ્ય મુખ્ય બધી જ વાતો લગભગ એક સમાન છે. બંનેએ પુરુષને ચૈતન્યવાન્ નહીં, પણ ચૈતન્યમય માન્યો છે. વળી પુષ્કરપલાશવત્ નિર્લેપ માન્યો છે, એટલે કે જેમ પુષ્કર કમળની પાંખડીઓ કાદવથી કે પાણીથી લેપાતી નથી, બિલકુલ

નિર્લેપ રહે છે એમ સંસારમાં પુરુષ=આત્મા સર્વથા નિર્લેપ રહે છે, પછી ભલે ને બાહ્ય જગત્માં ભયંકર ઉથલ-પાથલ મચી જતી હોય કે ભારે આસમાની સુલતાની થઈ જતી હોય. એટલે કે પુરુષ કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિની અસર બિલકુલ ઝીલતો નથી. એ તો જેવો છે એવો જ હંમેશ માટે - ત્રણે કાળમાં રહે છે. એટલે કે એ કૂટસ્થનિત્ય છે.

'કૂટસ્થનિત્ય' શબ્દને ઓળખી લઈએ... કૂટ એટલે લૂહારશાળામાં રહેલ એરણ.. લૂહારશાળામાં જેને ઘાટ આપવાનો છે એ લોખંડ બદલાયા કરે છે, જેનાથી ઘાટ આપવાનો છે એ હથોડા પણ કાળાન્તરે બદલાઈ જાય છે.. અરે વર્ષોના વર્ષો વીતવા પર લૂહારની પેઢી પણ બદલાઈ જાય છે.. ને બાપના સ્થાને દીકરો ને પછી દીકરાના સ્થાને પૌત્ર 'લૂહાર' તરીકે આવી જાય છે.. પણ એરણ એની એ જ.. બદલાતી નથી... આમ કૂટની = એરણની જેમ જે હમેશા બિલકુલ બદલાયા વિના રહે તે કૂટસ્થનિત્ય. અનંતાનંતકાળ વીતી જાય.. આત્મા અંશમાત્ર પણ બદલાતો નથી. આત્મા = પુરુષ = દ્રષ્ટા = ચિતિશક્તિ= ચિત્શક્તિ= જ્ઞાનમય= ચૈતન્યમય = સાક્ષી... આ બધા આત્મવાચક સમાનાર્થક શબ્દો છે.

**શંકા** - જો પુરુષ કૂટસ્થનિત્ય છે તો 'હું જ્ઞાની..' 'હું અજ્ઞાની,' 'હું ક્રોધી...' 'હું માની..' 'હું કર્તા' 'હું ભોક્તા' આવા બધા જાતજાતના અનુભવો થાય છે એની સંગતિ શી રીતે કરશો ? કારણ કે એમાં તો બધા જ જુદા જુદા પરિણામો અનુભવાય છે ?

**સમાધાન** - એની સંગતિ માટે સાંખ્યદર્શને પુરુષતત્ત્વથી બિલકુલ ભિન્ન એવું પ્રકૃતિ તત્ત્વ માન્યું છે. આ પ્રકૃતિ જડ છે. સત્ત્વ, રજસ, અને તમસ્.. એમ ત્રિગુણાત્મક છે. ત્રણે ગુણો સામ્ય અવસ્થાવાળા હોય ત્યારે પ્રકૃતિ કહેવાય છે. આ પ્રકૃતિના બે પરિણામ છે. અનુલોમપરિણામ અને પ્રતિલોમ પરિણામ. સાંખ્યદર્શનમાં એમ મનાયું છે કે પુરુષને ભોગ કરાવવા માટે,

પુરુષના સન્નિધાનમાત્રથી પ્રકૃતિનો અનુલોમપરિણામ સક્રિય થાય છે. પ્રકૃતિ બહિર્મુખવ્યાપારવાળી બને છે. ને એટલે પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ = અંતઃકરણ ઉત્પન્ન થાય છે. એને જ સત્ત્વ = બુદ્ધિ= ચિત્ત પણ કહે છે. આ બુદ્ધિમાંથી અહંકાર પેદા થાય છે. સાત્ત્વિક અહંકારમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિય (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય વગેરે) ઉત્પન્ન થાય છે. રાજસ અહંકારમાંથી હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક અને રાજસ ઉભયાત્મક અહંકારમાંથી મન ઉત્પન્ન થાય છે. તથા તામસ અહંકારમાંથી શબ્દ, રૂપ વગેરે પાંચ તન્માત્રા ઉત્પન્ન થાય છે. આ પાંચ તન્માત્રામાંથી પૃથ્વી વગેરે પાંચ મહાભૂત ઉત્પન્ન થાય છે. આમ પ્રકૃતિના બહિર્મુખીવ્યાપારથી મહત્તત્ત્વથી માંડીને પાંચ મહાભૂત સુધીનું કાર્ય થાય છે. આમ પ્રકૃતિ + મહત્ + અહંકાર + મન + ૧૦ ઇન્દ્રિય + ૫ તન્માત્રા + ૫ મહાભૂત = ૨૪ તત્ત્વ થયા.. આ બધો પ્રકૃતિનો વિવર્ત છે. આ ૨૪ + પુરુષ = ૨૫ તત્ત્વ સાંખ્યદર્શને માનેલા છે.

આમાંથી પુરુષ ચૈતન્યસ્વરૂપ છે. એ કોઈના પરિણામ સ્વરૂપ નથી, કે એના કોઈ પરિણામ નથી. માટે એ કૂટસ્થનિત્ય છે. અનાદિકાળથી જેવો હતો એવો જ વર્તમાનમાં છે એવો જ અનંતકાળ સુધી રહેશે. એક અનંતમાં ભાગ સુધ્ધાંનો ફેરફાર નહીં. આમ, એ સ્થિર એક સ્વભાવવાળો છે. ચિત્ત (= બુદ્ધિ = અંતઃકરણ) એનાથી વિપરીત છે. એ જડ છે. સુખ-દુઃખ- રાગ- દ્વેષાદિ આભ્યન્તર પરિણામરૂપે અને ઘટ-પટાદિ (પાંચ મહાભૂત) બાહ્ય પરિણામરૂપે એ પરિણમે છે. એટલે ચિત્ત પોતે જ કર્તા છે, પોતે જ ભોક્તા છે. પુરુષ કર્તા નથી, ભોક્તા નથી, માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે. સાક્ષી છે. માટે પુરુષ અને ચિત્ત પરસ્પર સાવ ભિન્ન છે. છતાં પુરુષ પર પ્રકૃતિનો અધિકાર ચાલે છે. એટલે સદા સાન્નિધ્યના કારણે પુરુષ પોતાની જાતને, બુદ્ધિ વૃત્તિદ્વારા જેવા જેવા આકાર ધારણ કરે છે એવા જ આકારવાળી કલ્પી લે છે. પોતાનું શુદ્ધસ્વરૂપ એને ભાસતું નથી.

પણ પ્રકૃતિનો અધિકાર ખસી ગયા પછી પુરુષને વિવેકખ્યાતિ થાય છે. એટલે કે 'હું ચેતન અકર્તા છું' 'હું બુદ્ધિથી ભિન્ન છું' એવું ભેદજ્ઞાન થાય છે. એ થવા પર અન્ય પ્રકારની વૃત્તિઓનો સંક્રમ થતો નથી. 'ચેતન હું કર્તા છું' એવું અભિમાન ખસી જાય છે. એટલે ચિત્તના વિવિધ વિકારરૂપ વિવિધ વૃત્તિઓનો નિરોધ થાય છે. એટલે પુરુષ ચિત્તની વૃત્તિરૂપે પોતાને જે અત્યાર સુધી જોતો હતો તે જોવાનું બંધ થાય છે, કારણ કે ચિત્તની હવે કોઇ વૃત્તિ જ નથી. તેથી હવે પુરુષ પોતાના નિર્વિષય ચિન્માત્રસ્વરૂપમાં સ્થિર થાય છે. આમાં નિર્વિષય = વિષયશૂન્ય એમ એટલા માટે કહ્યું કે વિષય બુદ્ધિનો હોય છે. આશય એ છે કે ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયો પણ બુદ્ધિની જ વૃત્તિઓ છે. બુદ્ધિ પ્રવાહી જેવી છે. ઇન્દ્રિયો નાલિકા જેવી છે. બુદ્ધિ ઇન્દ્રિય રૂપી નળી વાટે બહાર નીકળી સામે રહેલા ઘટવગેરે વિષયને પામીને ઘટ વગેરે વિષયનો આકાર ધારણ કરી લે છે. તે-તે વિષયનો બુદ્ધિએ આ પ્રમાણે આકાર ધારણ કરવો એ જ બુદ્ધિએ અર્થનું ગ્રહણ કર્યું એમ કહેવાય છે. પુરુષ તો અપરિણામી છે. એ પોતે ક્યારેય આવા ઘટાકાર વગેરે રૂપે પરિણમતો નથી. પણ બુદ્ધિ દર્પણ જેવી હોવાથી પુરુષનું પ્રતિબિંબ એમાં પડે છે અને બુદ્ધિએ ધારણ કરેલો ઘટાદિઆકાર પુરુષને પોતાનો જ ભાસે છે. આને ઘટવિષયક જ્ઞાન કર્યું એમ કહેવાય છે. આમ વિષયાકાર શૂન્ય એવો પણ પુરુષ વિષયાકારવાળો ભાસે છે.

બુદ્ધિ જેમ બાહ્ય ઘટાકાર વગેરે રૂપે પરિણમે છે એમ આભ્યંતર સુખ-દુઃખ- કામ- ક્રોધ વગેરે આકાર રૂપે પણ પરિણમે છે.. બુદ્ધિની આ આંતરિક વૃત્તિઓમાં પણ પુરુષનું પ્રતિબિંબ તો પડે જ છે.. ને તેથી પુરુષ પોતાની જાતને સુખી-દુઃખી વગેરે રૂપે માને છે. એટલે બુદ્ધિની તે-તે વૃત્તિ કાળે પુરુષનો પણ તે તે રૂપે વ્યવહાર થાય છે. આને જ એ દર્શનકારો વૃત્તિસારૂપ્ય = વૃત્તિનું સાદૃશ્ય કહે છે.

પાતંજલ વિદ્વાનોએ ચિત્તની આવી પાંચ વૃત્તિઓ માની છે.

(૧) માન = યથાર્થ જ્ઞાન (૨) ભ્રમ = અયથાર્થ જ્ઞાન.. જેમ કે સુક્તિમાં (છીપલામાં) 'આ રજત છે' એવું જ્ઞાન. 'સામે દેખાય છે એ ઠુંઠું છે કે માણસ' આવા સંશયનો પણ આમાં જ સમાવેશ જાણવો. (૩) વિકલ્પ = અવસ્તુવિષયક શબ્દજન્ય બોધ. ભ્રમમાં બોધ હતો તો વસ્તુવિષયક... (રજત પણ વસ્તુ તો છે જ.) વિકલ્પ તો અવસ્તુવિષયક બોધ છે. એટલે કે એનો વિષય કોઈ વાસ્તવિક વસ્તુ હોતી નથી, માત્ર એક કલ્પના હોય છે. અને આવી કલ્પના માત્ર શબ્દ પરથી જ આવી શકે. પ્રત્યક્ષ વગેરે દ્વારા સસલાને શિંગડું ક્યારેય જણાઈ શકે નહીં. માત્ર શશશૃંગ શબ્દ પરથી એની કલ્પના ઊભી થઈ શકે છે. માટે આ વિકલ્પ શબ્દજન્ય જ હોય છે. પાતંજલ મતે પુરુષ ખુદ ચૈતન્ય છે. એટલે પુરુષનું ચૈતન્ય આવા બોધને તેઓ વિકલ્પ કહે છે. 'દેવદત્તનું ધન' માં દેવદત્તથી ભિન્ન ધન જેમ પ્રતીત થાય છે એમ પુરુષનું ચૈતન્યમાં પુરુષભિન્ન ચૈતન્ય પ્રતીત થાય છે. જે પાતંજલ મતે અવસ્તુ છે, કારણ કે એ પુરુષ પોતે જ ચૈતન્ય છે. (૪) નિંદ્રા = અભાવપ્રત્યય આલંબનવાળી વાસના એ નિદ્રા છે. ત્રણ દશાઓ જીવની (ચિત્તની) છે. જાગ્રત દશા, સ્વપ્નદશા અને નિદ્રાદશા. આમાં પ્રથમ બેમાં તો ચિત્ત રાજ્ય-ધનાદિ વિષયાકાર રૂપે પરિણમી પછી સુખ-દુઃખ મોહાદિરૂપે પરિણમે છે. પણ નિદ્રામાં આવો કોઈ વિષયાકાર પરિણામ હોતો નથી. અને છતાં 'હું સુખપૂર્વક સૂતો' વગેરે પ્રતીતિઓ એ વખતે સુખ-દુઃખાદિવૃત્તિઓનું સૂચન તો કરે જ છે, જે વૃત્તિઓનો કોઈ ભાવાત્મક વિષય આલંબન હોતો નથી. માટે નિદ્રાને અભાવ પ્રત્યય આલંબનવાળી વૃત્તિ કહેવાય છે. (૫) સ્મૃતિ = સ્મરણ.

આમ પાતંજલમતે ચિત્તની, બાહ્યવિષયાદિને પામીને માનાદિવૃત્તિઓ થાય છે, ને પછી એના આલંબને સુખ-દુઃખની કે કામ-ક્રોધ-અહંકારાદિ- હાસ્યાદિ- ભયાદિરૂપ મોહની વૃત્તિઓ આકાર લે છે. આ બધી જ ચિત્તની = બુદ્ધિની = અંતઃકરણની જ વૃત્તિઓ છે. પુરુષની નહીં. પુરુષ તો અનાદિ શુદ્ધ-બુદ્ધ છે, નિરંજન નિરાકાર

છે. પુષ્કર કમલની પાંખડીઓની જેમ નિર્લેપ હોય છે. માત્ર તે તે વૃત્તિઓમાં પ્રતિબિંબિત થવાથી તે -તે વૃત્તિમય ભાસે છે. એટલે કે ક્યારેક યથાર્થજ્ઞાની-ક્યારેક ભ્રાન્ત. ક્યારેક વિકલ્પમગ્ન ક્યારેક નિદ્રાધીન ક્યારેક સ્મર્તા... ક્યારેક સુખાનુભવિતા (=ભોક્તા), કયારેક દુઃખાનુભવિતા.. ક્યારેક ક્રોધી.. ક્યારેક અભિમાની.. ક્યારેક ઈર્ષ્યાખોર, ક્યારેક કામી... આવા બધા કૈંક પરિણામવાળો પુરુષ ભાસે છે.

આમ, સંસારમાં જીવાત્માને જ્ઞાન, સુખ, દુઃખ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, ક્રોધાદિ કષાયો, વિષયવાસના, હાસ્યાદિ લાગણીઓ વગેરે જે કાંઈ સંવેદનાઓ થાય છે એ બધા પતંજલિ ઋષિના મતે વસ્તુતઃ ચિત્તની વૃત્તિઓ છે. માત્ર પુરુષ પ્રતિબિંબિત થતો હોવાથી પુરુષને ચેતના હું જ્ઞાતા છું. ચેતન હું કર્તા છું, ચેતન હું વિષયોને ભોગવું છું, ચેતન હું સુખી (કે દુઃખી) છું, ચેતન હું ક્રોધી છું, આવું બધું ભાસ્યા કરે છે. હકીકતમાં જ્ઞાતા-ભોક્તા-કર્તા વગેરે કોઈ હોય તો એ બુદ્ધિ છે- ચિત્ત છે. પણ પુરુષને 'હું બુદ્ધિ નથી' 'હું બુદ્ધિથી ભિન્ન છું' એવો બુદ્ધિ સાથેનો પોતાનો જે ભેદ (વિવેક) છે એનો ગ્રહ=બોધ ન હોવાથી 'હું જ્ઞાતા છું' વગેરે ભ્રમ ભાસ્યા કરે છે. ભેદગ્રહ=વિવેક ખ્યાતિ= 'હું બુદ્ધિથી જુદો છું' એવું જ્ઞાન થઈ જવા પર આ ભ્રમ ભાંગી જાય છે.

ઉપર કહેલી ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો એ યોગ છે એવું પતંજલઋષિએ યોગનું લક્ષણ કહ્યું છે. ચિત્તવૃત્તિઓનો આ નિરોધ બે પ્રકારે થાય છે. (૧) અન્તઃસ્થિતિ = વૃત્તિઓનું અન્તર્મુખ બનીને રહેવું અને (૨) બહિર્હતિ = વૃત્તિઓની બહિર્મુખતાઓને પ્રયત્નપૂર્વક રોકવી.

આ બન્ને પ્રકારનો નિરોધ અભ્યાસથી અને વૈરાગ્યથી થાય છે, એમાં વૈરાગ્ય પણ બે પ્રકારનો છે. અપરવૈરાગ્ય અને પર વૈરાગ્ય.

ચિત્તવૃત્તિઓનો આ બે પ્રકારનો નિરોધ, અભ્યાસ અને બે પ્રકારનો વૈરાગ્ય .. આ બધી વાતો આપણે આગામી લેખમાં સમજીશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૪

પાતંજલયોગદર્શનની મુખ્ય મુખ્ય વાતો ગયા લેખમાં જોયેલી. અને છેવટે ચિત્તવૃત્તિઓનો બે પ્રકારે નિરોધ, એ નિરોધના કારણ રૂપ અભ્યાસ તથા બે પ્રકારના વૈરાગ્યનો ઉલ્લેખ કરેલો.... આ લેખમાં આ બે પ્રકારના નિરોધ વગેરેને સમજવાનો પ્રયાસ કરીએ. એમાં અન્તઃસ્થિતિ અને બહિર્હતિ.. આ બે પ્રકારનો નિરોધ છે.

ચિત્તવૃત્તિઓનો **બહિર્હતિ** નામે નિરોધ : અનંતભૂતકાળમાં અનંતીવાર પ્રવૃત્તિઓ કરી હોવાથી ચિત્તવૃત્તિઓ ઘડાયેલી છે. નવું-નવું જાણવાની કુતૂહૂલ વૃત્તિઓ એ સાત્ત્વિકવૃત્તિની બહિર્મુખતા છે. એને પ્રકાશ કહે છે. કોણ આવ્યું ? કોણ ગયું ? કોણ શું કરે છે ? કઈ વસ્તુ છે ? કેવી છે ? ક્યાં છે ? આવા બધાં કુતૂહલ અંદર પડેલા જ હોય છે ને તે તે અવસરે ચિત્ત તે તે ઈન્દ્રિયરૂપી નાલિકા દ્વારા તે તે વિષય તરફ ધસી જવા લાલાયિત થઈ જ જાય છે. કોઈ બીજો પ્રતિબંધક ન હોય તો એ બહાર ધસી જઈ તે તે વિષયાકારને ધારણ કરી જ લે છે. એટલે કે તે તે વિષયની જાણકારી મેળવી જ લે છે. તે તે કુતૂહલને પોષી જ લે છે. (આ પ્રકાશ નામે બહિર્મુખતા છે.) ચિત્તવૃત્તિ આ રીતે બહાર ધસી જવા માટે લાલાયિત થઈ ગઈ હોવા છતાં, એ વૃત્તિઓ સાથે સંઘર્ષ કરીને પણ, મક્કમ બનીને એને બહાર જતા રોકવી.. એટલે કે કુતૂહલને વશ થઈ જવાના વલણરૂપ વૃત્તિને વશ ન થવું.. ને દ્રઢતાપૂર્વક એને રુંધવી એ આ વૃત્તિનો નિરોધ છે.

એમ દેહાધ્યાસ- દેહની મમતા વળગેલી છે. તથા ઈન્દ્રિયોની પરવશતા અનાદિકાળથી પોષેલી છે. એટલે દેહ-ઈન્દ્રિય વગેરેને અનુકૂળ વિષયો ઉપસ્થિત થવા પર ચિત્તને એમાં પ્રવર્તાવવું. ચિત્ત એ તરફ ધસી જવું. આવું પણ અનાદિકાલીન વલણ ચિત્તને જે વળગેલું છે એ રાજસવૃત્તિની બહુર્મુખતા છે. એને પ્રવૃત્તિ કહે છે. કુતૂહલમાં માત્ર જિજ્ઞાસા હોય છે.. આમાં ઈન્દ્રિયને ખુશ કરવાનું વલણ હોય છે. રૂપ આવ્યું નથી ને આંખ દોડી ગઈ નથી. સ્વાદિષ્ટ વાનગી જોઈ નથી ને જીભમાં પાણી છૂટ્યું નથી. આવી બધી વૃત્તિઓ અનાદિકાળથી પડેલી જ છે, ને કોઈ પ્રતિબંધક ન હોય તો ચિત્ત તે તે વિષયની પ્રવૃત્તિ કરી જ લે છે. પણ હવે યોગને આત્મસાત્ કરવો છે. એટલે વિષય ઉપસ્થિત થવા પર ઈન્દ્રિય ગમે એટલા તોફાન કરે, એને વિષયમાં પ્રવૃત્ત થતી અટકાવવી, એટલે કે ચિત્તને તે તે ઈન્દ્રિય દ્વારા બહાર જતું રુંધવું.. એ આ બહિર્હતિ નામે ચિત્તવૃત્તિ નિરોધ છે.

જ્યારે અંદર ક્રોધાદિકષાયો માથુ ઊંચકે છે, ત્યારે સાત્ત્વિક અને રાજસવૃત્તિની બહિર્મુખતા દબાઈ જાય છે. આશય એ છે કે જેની સાથે પોતાને કાંઈ લેવા-દેવા નથી એવા પણ જગતના સમાચાર વગેરે માટે ટી.વી. ને છાપું ન છોડનારો, જ્યારે કોઈક એવા નિમિત્તે ગુસ્સાનો ધમધમાટ થાય છે ત્યારેટી.વી વગેરે બધું છોડી દે છે. એટલે સાત્ત્વિક ભાવની બહુર્મુખતા દબાઈ ગઈ. એ જ રીતે વિષયોમાં પાગલ જીવ ક્રોધાદિકાળે વિષયોને પણ છોડી દે છે. એટલે કે રાજસભાવની બહિર્મુખતા અભિભૂત થઈ ગઈ. આમ બંને પ્રકારની બહિર્મુખતાનો અભિભવ થઈ મોહની મૂઢતા ધારણ કરવી એ તામસભાવની બહિર્મુખતા છે. એટલે, નિમિત્ત મળવા પર અનાદિકાળના સંસ્કારને વશ અંદર ધમધમાટ થઈ ગયો હોવા છતાં એને બહાર ન આવવા દેવો.. એને રુંધવો.. આ પણ બહિર્મુખતાનો બહિર્હતિનામનો વૃત્તિ નિરોધ છે.

ટૂંકમાં, નિમિત્ત મળવાપર, અનાદિકાલીન સંસ્કારવશાત્, વિષય-કષાયાદિની વૃત્તિઓ જ અંદર સળવળે છે, છતાં દઢ સંકલ્પપૂર્વક, એ સળવળેલી વૃત્તિઓને રુંધવી, બહાર સફળ ન થવા દેવી એ બહિર્હતિ નામનો વૃત્તિ નિરોધ છે. આ બહિર્હતિના વારંવારના દ્રઢ અભ્યાસથી અન્તઃસ્થિતિ નામનો બીજો વૃત્તિનિરોધ કેળવાય છે.

આશય એ છે કે નિમિત્ત મળ્યું.. વૃત્તિઓ સળવળી.. સળવળેલી વૃત્તિઓ બહાર આવવા તોફાન મચાવી રહી છે. છતાં એની સામે ઝુક્યા વગર સંઘર્ષ કરીને પણ એને રુંધવામાં આવે છે તો એ વૃત્તિનું જોર કંઈક અંશે પણ ઘટે જ છે. અનંતાનંતકાળથી તો વૃત્તિના જોરને જ અનુસરવાનું થયેલું છે. ને એટલે જ એ જોર ઘણું જ ઘણું જ ઘણું જ આપણે ખુદ વધારેલું છે. એટલે હવે એની સામે પડવું એ સહેલી વાત નથી જ. પણ એને અનુસર્યા કરવામાં થતી હાલાકી તરફ હવે નજર ગયેલી છે ને તેથી એને રુંધવાની પ્રામાણિક ઈચ્છા પેદા પણ થયેલી છે. પણ એ જો માત્ર સામાન્ય ઈચ્છારૂપ જ હોય કે માયકાંગલા સંકલ્પરૂપ જ હોય, તો વૃત્તિઓ એને ગણકારતી નથી. અને નિમિત્ત મળવા પર એ ઈચ્છા કે મંદ સંકલ્પ, વૃત્તિઓને તાબે થવા આનાકાની કરે છે. ને તેમ છતાં, ખૂબ ખૂબ જોરાવર બની ગયેલી વૃત્તિઓ જીવને ધરાર તાબે કરીને જ રહે છે. આ તો કેવું છે ? નદી કોરીધાક હતી ત્યારે કાચી માટીની એક પાતળી પાળ કરી રાખેલી. પણ અચાનક ધસમસતા પાણીના ઘોડાપુર છૂટ્યા.. પેલી પાળની શું હેસિયત ? પાણીના પુર એને રફેદફે કરીને ચારે બાજુ ફરી જ વળે છે.. માટીને પણ ભેગી તાણી જાય છે. ઘોડાપુરને રોકવા તો કેવી મજબૂત દિવાલ જોઈએ ? બસ ! વૃત્તિઓના અનાદિકાલીન ઘોડાપુરને અટકાવવા એવો મજબુત-દઢ સંકલ્પ જોઈએ છે. (જેને આપણે પૂર્વે પાંચ આશયોમાં પ્રણિધાન નામના આશય તરીકે જોઈ ગયા છીએ.)

જીવે જો એવો દઢ સંકલ્પ કરેલો હોય, ને નિમિત્ત મળવા

પર, જીવને હંમેશ મુજબ વિષય-કષાયમાં તાણી જવા માટેવૃત્તિઓ ધમપછાડા કરી રહી હોય ત્યારે પણ મક્કમતાપૂર્વક જીવ જો એને તાબે થતો નથી ને ધરાર વૃત્તિઓને દબાવી રાખે છે, તો 'બહિર્હતિ' નામનો ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગ પ્રાપ્ત થાય છે. પણ માત્ર એકવારથી આ કાર્ય પૂરું થતું નથી. છતાં, ભલે અનંતમાં ભાગનું.. પણ કંઈક અંશે પણ વૃત્તિઓનું જોર એનાથી ચોક્કસ ઘટ્યું હોય છે. એટલે બીજી વાર નિમિત્ત મળવા પર જીવે કંઇક અલ્પાંશે પણ હવે સંઘર્ષ ઓછો કરવો પડે છે. ને જીવ એવો સંઘર્ષ કરીને બીજી વાર પણ વૃત્તિઓને તાબે થયા વગર રુંધે છે. વળી ત્રીજી વાર, વળી ચોથી વાર.. આવો સંઘર્ષ સતત ચાલુ રાખવો પડે છે. દીર્ઘકાળ સુધી ચાલુ રાખવો પડે છે. પણ એના બદલે જીવ જો જરાક પણ ગાફેલ થઈ જાય છે, તો વૃત્તિઓ પાછી એના પર ચડી જ બેસે છે. ને આ ગાફેલપણું જો લંબાય છે એટલે કે વૃત્તિઓને ચડી બેસવાની જીવ વારંવાર તક આપે છે (એટલે કે પોતાના પ્રણિધાનને-દ્રઢ સંકલ્પને વિસરી જાય છે.. મનને ઢીલું મૂકી દે છે.. સંઘર્ષ કરવાથી થાકીને વૃત્તિઓને શરણે થવાનું ચાલુ કરી દે છે) તો બની શકે છે કે અત્યાર સુધીમાં પ્રણિધાન અને સંઘર્ષદ્વારા જે વિજય મેળવેલો- વૃત્તિઓ પર કંઈક અંશે પણ જે વિજય મેળવેલો.. એને જીવ ગુમાવી દે છે. જીવ જો હજુ પણ સાવધ થતો નથી.. વૃત્તિઓને તાબે થવાનું ચાલુ જ રાખે છે.. તો બની શકે છે એ એના પ્રણિધાનથી પણ ભ્રષ્ટ થઈ જાય.. વારંવાર વૃત્તિઓને આધીન થઈ જવા પર નિરાશા આવી જાય છે.. હું કાયર છું.. નિઃસત્ત્વ છું.. વૃત્તિઓ સામે ઝઝૂમવાનું મારું કામ નહીં. વૃત્તિઓને જેમ બેફામ બનવું હોય એમ બનવા દો.. આનું જ નામ, વૃત્તિઓ પ્રણિધાનને પણ તાણી ગઈ.. ને પોતાનો વિજય થવા પર ફરીથી મુસ્તાક બની ગઈ...

પણ જીવ, જો દુર્ગતિઓમાં પરિભ્રમણ, ડગલે ને પગલે પરાભવ... પાર વિનાના દુઃખો, જીવની ઘોર કદર્થના.. આ બધું

નજર સામે વારંવાર લાવ્યા કરે છે.. ને એટલે પ્રણિધાનને = વૃત્તિઓ પર વિજય મેળવવાના સંકલ્પને દ્રઢ કર્યા કરે છે. ને જેટલે જેટલે અંશે વૃત્તિઓ પર વિજય મળતો જાય.. એનો હર્ષ માનતો જાય.. પ્રભુની કૃપા માનતો જાય.. એ બદલ પ્રભુનો પાડ માનતો જાય.. ક્યાંય અહંકારને વશ ન થાય.. તો વૃત્તિઓ પરના વિજયની માત્રા વધતી જાય છે. ને એ વધતાં વધતાં જીવની એક એવી ભૂમિકા આવે છે કે હવે નિમિત્ત મળવા છતાં વૃત્તિઓ બહાર આવવાનો (= જીવને વિષય-કષાયાદિમાં તાણી જવાનો) સળવળાટ કરતી નથી.. અંદર ને અંદર શાંત પડી રહે છે. વૃત્તિઓ જ વિષય-કષાયને અનુકૂળ રૂપે ઊઠતી નથી, એટલે જીવને હવે પૂર્વ જેવો સંઘર્ષ કરવો પડતો નથી, ને સહજ રીતે એ વિષય-કષાયથી પર રહી શકે છે. આવી ભૂમિકા એ અન્તઃસ્થિતિ નામનો વૃત્તિનિરોધ છે. વૃત્તિઓ ચિત્તની છે. એટલે કે ચિત્ત એનું કારણ છે. ચક્ષુ વગેરે નલિકા દ્વારા આ વૃત્તિઓ બહાર નીકળતી હોય છે. એના બદલે હવે પોતાના કારણભૂત ચિત્તમાં જ એ શક્તિરૂપે = યોગ્યતારૂપે સ્થિતિ = અવસ્થાન કરે છે. માટે પાતંજલવિદ્વાનોએ એને અન્તઃસ્થિતિ એવું નામ આપ્યું છે.

આમ, પ્રાપ્તિના ક્રમથી વિચારીએ તો પ્રથમ બહિર્હતિયોગ પ્રાપ્ત થાય છે, ને પછી અન્તઃસ્થિતિ યોગ.. છતાં, અન્તઃસ્થિતિ યોગ વધારે ઉચ્ચ કક્ષાનો હોવાથી પતંજલિઋષિએ એને પહેલાં કહ્યો છે ને પછી બહિર્હતિયોગને કહ્યો છે એ જાણવું.

હવે આ ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગ પ્રાપ્ત કરવાના બે સાધનોનો = અભ્યાસ અને વૈરાગ્યનો વિચાર કરીએ. એમાં અભ્યાસ એટલે સ્થિતિમાં શ્રમ= પ્રયત્ન કરવો એ. ચિત્તવૃત્તિઓ અનાદિકાલીન સંસ્કારવશાત્ (= વ્યુત્થાનસંસ્કારવશાત્) ઇન્દ્રિયનાલિકાદ્વારા બહાર નીકળી વિષયપ્રવૃત્તિ કરવા માટે થનગની રહી હોય છે. એને જ્યાંથી (ચિત્તમાંથી) ઊઠે છે ત્યાં જ પાછી સ્થિર કરવી.. એટલે કે

ચિત્તમાં જ સ્થિર કરવી... એ સ્થિર કરવા માટેનો વારંવાર પ્રયાસ કરવો એ અભ્યાસ છે. આ અભ્યાસ જો ચિરકાળ સુધી કરવામાં આવે, નિરંતર કરવામાં આવે અને આદરપૂર્વક કરવામાં આવે તો દ્રઢભૂમિ = સ્થિર થાય છે એમ પતંજલઋષિ કહે છે.

દીર્ઘાતિદીર્ઘકાળ સુધી ડાબી તરફ ઝુકાવી રાખેલા ને તેથી એ જ તરફ ઝુકેલા રહેવાના ગાઢ સંસ્કારવાળા બની ગયેલા લોખંડના સળિયાને હાથથી પકડી અતિજોર લગાવી સીધો કરવા માત્રથી કામ પતી જતું નથી. એ તો જેવો છોડી દેવામાં આવે કે તરત પાછો ડાબીતરફ ઝુકી જ જવાનો. એમ અનાદિકાળથી ગાઢ થયેલા વ્યુત્થાનસંસ્કારો = બહાર ધસી જવાના સંસ્કારો, એકાદવાર એને ચિત્તમાં વાળી દેવામાત્રથી ભૂંસાઈ જતા નથી. એ તો ફરીથી નિમિત્ત મળવા પર પાછું માથું ઊંચકે છે ને જીવ ફરીથી જોર ન લગાવે તો પાછા જીવ પર હાવી થઈ જાય છે. પેલા લોખંડના સળિયાને જેમ સુદીર્ઘકાળ સુધી જમણી તરફ ખેંચી રાખવો પડે છે એમ ચિત્તવૃત્તિઓને પરાણે પણ બહાર ધસી જતી રુંધવી પડે છે.. ને અતિ ચિરકાળ સુધી રુંધ્યા કરવી પડે છે. એ વગર વ્યુત્થાન સંસ્કારો ઢીલા પડતા નથી. આ ચિરકાળ એટલે ત્રણ-પાંચ-સાત ભવ જેવો દીર્ઘકાળ પણ શક્ય છે.

આટલા દીર્ઘકાળ સુધી વૃત્તિઓને અંદર તરફ જ વાળેલી રાખવાનો પ્રયાસ એટલે સામા પ્રવાહે તરવાની વાત છે. એ ખૂબ જ શ્રમ માગી લે છે.. પ્રવાહ બહાર ખેંચી જવા જોર લગાવી રહ્યો છે.. ને જીવ વૃત્તિઓને અંદરની તરફ ધકેલવા માટે જોર લગાવી રહ્યો છે. એટલે સંઘર્ષ તો થવાનો જ.. પણ એ સંઘર્ષથી જીવ જો થાકી જાય.. ને તેથી વચ્ચે વચ્ચે સંઘર્ષ કરવાનું છોડી દે.. વૃત્તિઓને છૂટો દોર આપી દે.. તો વ્યુત્થાન સંસ્કારો પાછા ફાલ્યાફુલ્યા જ રહે છે.. માટે આ કહેલો પ્રયાસ નિરંતર કરવાનો છે. એક વાર નિમિત્ત મળ્યું.. આધીન નહીં થવાનું.. બીજી વાર નિમિત્ત મળ્યું .. ફરીથી

આધીન નહીં થવાનું.. વળી ત્રીજી વાર... વળી ચોથી વાર.. આમ દરેક વખતે વૃત્તિઓને સંઘર્ષ કરીને પણ અંદર ચિત્ત તરફ જ વાળ્યા કરવાની.. એ માટેનો સતત પ્રયાસ કરતા રહેવાનું.. આવા નિરંતર પ્રયાસથી જ સફળતા મળી શકે છે.

એમ તો જીવ એકેન્દ્રિય વગેરે ભવોમાં જાય તો આ વૃત્તિઓ, સુદીર્ઘકાળ સુધી ને નિરંતર રુંધાયેલી જ રહે છે.. કારણ કે બહાર પ્રસરવાનું સામર્થ્ય જ નથી. પણ એનાથી જીવને લાભ કશો થતો નથી.. કારણ કે વૃત્તિઓનો આ નિરોધ જીવના પ્રયત્નથી થયેલ નથી ને આદરપૂર્વક થયેલ નથી. એટલે કે વૃત્તિઓને રુંધવાનો આ પ્રયાસ જેમ દીર્ઘકાલીન જોઈએ, નિરંતર જોઈએ.. એમ આદરપૂર્વકનો જોઈએ છે.. તો જ સફળતા પ્રાપ્ત થાય છે. સર્વજીવો હંમેશ માટે સુખના જ રસિયા છે. સુખ તો જોઈએ જ., વિષયપ્રવૃત્તિમાં જીવે અનંતાનંતવાર સુખ અનુભવેલું છે. વૃત્તિઓને ચિત્ત તરફ પાછી વાળવામાં આ સુખથી તો વંચિત રહેવાનું થાય છે.. ને વળી ભારે સંઘર્ષ અનુભવાતો રહે છે. સુખની અદમ્ય ઇચ્છા, વિષયપ્રવૃત્તિમાં સુખપ્રાપ્તિનો અનંતવારનો ખુદનો જ અનુભવ.. ને વૃત્તિનિરોધના પ્રયાસમાં તો સતત સંઘર્ષ... જીવ દીર્ઘકાળસુધી અને નિરંતર પ્રયત્ન કરી શી રીતે શકે ? એ પ્રયત્નમાં ટકી શી રીતે શકે ? (એટલે જ મોટા ભાગના જીવો યોગ પામ્યા પછી પણ યોગથી ભ્રષ્ટ થાય છે ને અનંતકાળ પાછા સંસારમાં ભટકીને પછી મોક્ષે જાય છે.) સંઘર્ષ-સાધ્ય એવો પણ યોગનિરોધ જો ગૌરવાસ્પદ લાગે.. એની પ્રાપ્તિ એ બહુ મોટી ઉપલબ્ધિ લાગે.. અને તેથી એના પ્રત્યે આદર જાગે તો જ એમાં ચિરકાળ સુધી નિરંતર ટકી શકાય છે. માટે યોગનિરોધનો પ્રયાસ આદરપૂર્વકનો હોવો જોઈએ. યોગવંચિતપણામાં સંસારના દારૂણ દુઃખો.. અને યોગનિરોધમાં મોક્ષની પ્રાપ્તિ... આ જોયા કરવાથી સંઘર્ષસાધ્ય એવા પણ યોગ પ્રત્યે આદર પ્રગટી શકે છે.

અભ્યાસનો વિચાર કર્યો. હવે યોગપ્રાપ્તિના બીજા ઉપાયભૂત

વૈરાગ્યનો વિચાર કરીએ. શ્રી પતંજલિઋષિએ વૈરાગ્ય બે પ્રકારે કહ્યો છે. અપરવૈરાગ્ય અને પર વૈરાગ્ય.

આ લોકના (મનુષ્ય ભવસંબંધી) વિષયો દૃષ્ટ કહેવાય છે. અને પરલોક દેવલોકાદિ સંબંધી વિષયોને પાતંજલવિદ્વાનોએ આનુશ્રવિક એવું નામ આપ્યું છે. આ બંને વિષયોની વિપાકદારૂણતા, વિપાકવિરસતા, અતૃપ્તિજનકતા વગેરેનું ચિંતન કરવાથી એની આસક્તિ ઘટવા માંડે છે. એ ઘટવાથી જીવને પ્રથમ અપરવૈરાગ્ય પ્રગટે છે. એને વશીકાર વૈરાગ્ય પણ કહે છે. કારણ કે આજ સુધી જીવ ઇન્દ્રિયોને -વિષયોને વશ હતો.. હવે એ, ઇન્દ્રિયોને - વિષયોને સ્વવશ કરે છે. 'વશ કરે છે માટે વશીકાર'. આગળ બીજો જે વૈરાગ્ય કહેવાશે તે પરવૈરાગ્ય છે = શ્રેષ્ઠ વૈરાગ્ય છે.. એની અપેક્ષાએ આ વૈરાગ્ય પૂર્વભૂમિકાનો છે, માટે એને અપરવૈરાગ્ય કહે છે. આ વૈરાગ્યમાં 'વિષયો મને આધીન છે, હું વિષયોને આધીન નથી' આવી વિચારણા હોવા છતાં કંઈક અંશે વિષયપ્રવૃત્તિ હોય તો છે.. પણ એ એવી હોય છે કે જે પરિણામે તૃષ્ણાને વધારનાર ન બનતા શમાવનાર બને છે.. ને તેથી પછી સર્વથા વિષયત્યાગ શક્ય બને છે. આમ અહીં ફળતઃ (= પરિણામે) વિષયોની પરાધીનતાનો અભાવ હોય છે.

આ અપરવૈરાગ્ય એ પર વૈરાગ્યનું કારણ છે, એટલે અપરવૈરાગ્યનું સેવન કર્યા કરનાર કાળાન્તરે પરવૈરાગ્યને પામે છે. એનું નામ છે 'ગુણવૈતૃષ્ણ્ય.' આશય એ છે કે જેને બુદ્ધિ અને પુરુષના ભેદનો નિશ્ચય થઈ ગયો છે એને ગુણો અંગે પણ 'આ ગુણોથી સર્યું' એવા વૈતૃષ્ણ્ય (તૃષ્ણા ન રહેવા) રૂપ વૈરાગ્ય પ્રગટ થાય છે. એટલે કે પહેલો અપરવૈરાગ્ય વિષયો અંગે હોય છે ને આ બીજો પરવૈરાગ્ય ગુણો અંગે હોય છે. જ્યાં સુધી વિષયોની તીવ્ર આસક્તિ હોય છે ત્યાં સુધી તો પુરુષતત્ત્વની વાસ્તવિક જિજ્ઞાસા જ હોતી નથી. પણ વિષયોની ભયંકરતા પિછાણવાથી થયેલા વશીકાર

વૈરાગ્યની હાજરીમાં ગુરુઉપદેશથી કે આગમવચનથી પુરુષને પિછાણવાનું બને છે. આ પિછાણનો = બુદ્ધિથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપને જોવાનો વારંવાર અભ્યાસ કરવાથી ધર્મમેઘ નામનું ધ્યાન લાધે છે. આ ધર્મમેઘ ધ્યાન ચિત્તમાંથી તામસ અને રાજસ મલને સંપૂર્ણતયા નષ્ટ કરી દે છે. એટલે ચિત્ત માત્ર સત્ત્વશેષ રહે છે જેના કારણે ચિત્ત અતિપ્રસન્ન બની રહે છે. આવી બધી પાતંજલ વિદ્વાનોએ માનેલી પ્રક્રિયા છે.

આપણે પ્રસ્તુતમાં આવીએ. પરવૈરાગ્ય એ ગુણવૈતૃષ્ણરૂપ છે. આમાં ગુણ એટલે પ્રકૃતિના સત્ત્વ-રજસ્-તમસ્ ગુણો એવો પણ અર્થ થાય છે. ગુણ એટલે 'પ્રકૃતિથી બુદ્ધિથી પોતે ભિન્ન છે' એવી વિવેકખ્યાતિ એવો પણ અર્થ જોવા મળે છે. અર્થાત્ (અત્યાર સુધી વિવેકખ્યાતિ ઉપાદેય લાગતી હતી- સાધ્ય લાગતી હતી.. હવે એના પ્રત્યે પણ ઉપેક્ષાનો ભાવ આવી ગયો છે એવી ભૂમિકા આ વૈરાગ્યમાં સિદ્ધ થયેલી હોય છે. આના પરથી એવો અર્થ પણ કરી શકાય કે ક્ષાયોપશમિક ગુણો પ્રત્યે પહેલાં જે આદરભાવ હતો - ગૌરવાસ્પદતા ભાસતી હતી-પરમ આદેયતા ભાસતી હતી... તે હવે, આત્માનું શુદ્ધસ્વરૂપ(=ક્ષાયિક સ્વરૂપ)નજર સામે રમવા માંડતા રહેતા નથી. હવે આ ક્ષાયોપશમિક ગુણો પણ તુચ્છ ભાસે છે. કારણ કે શુદ્ધ ગુણો આગળ એ કોઈ વિસાતમાં નથી. એટલે એ ગુણો પ્રત્યે ઉપેક્ષાભાવ કેળવાય છે જે આ પરવૈરાગ્ય છે. આ ઉપેક્ષાભાવ એટલે એ ગુણો પ્રત્યે બેકાળજી બની જવું એવો અર્થ નથી, પણ હવે નજર જે ક્ષાયિક ગુણો તરફ ગયેલી છે, એની અપેક્ષાએ પ્રાપ્ત આ ગુણો ગૌણ લાગે છે.

આમ, અપરવૈરાગ્યથી જીવ વિષયપ્રવૃત્તિમાં ઉદાસીન બને છે ને પરવૈરાગ્યથી જીવ પ્રકૃતિના- બુદ્ધિના અન્ય કાર્યોમાં પણ ઉદાસીન બની જાય છે, કારણ કે હવે પ્રકૃતિ પોતાનાથી ભિન્ન હોવી પ્રતીત થઈ ગઈ છે ને એના, અન્ય અયોગીજીવો માટે આકર્ષક

કહેવાતા ગુણો પણ હવે તુચ્છ ભાસવા લાગ્યા છે. આ બંને રીતે ચિત્તવૃત્તિઓનો તો નિરોધ જ થાય છે. એટલે બંને વૈરાગ્ય યોગને સંપન્ન કરવામાં ઉપકારી બને છે.

તથા, ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવાનો અભ્યાસ = વારંવાર પ્રયત્ન, અત્યંત બળવાન સ્થિતિને પેદા કરે છે. જેથી હિલોળા લેતા સુખના સાગર જેવા શાંતરસનું પ્રકૃષ્ટદર્શન થાય છે. આ દર્શનના પ્રભાવે મન શાંતરસપ્રવાહમાં અત્યંત મગ્ન થઈ જાય છે ને તેથી એ બીજે ક્યાંય ભટકતું નથી. આમ ચિત્તવૃત્તિનિરોધમાં અભ્યાસ પણ ઉપકારી નીવડે છે.

ટૂંકમાં, પાતંજલયોગદર્શનની માન્યતા આવી મળી - પુરુષ પુષ્કર પલાશવત્ નિર્લેપ છે. પ્રકૃતિમાંથી બુદ્ધિનું= ચિત્તનું નિર્માણ થયેલ છે.. આ ચિત્તની પ્રમાણ વગેરે પાંચ વૃત્તિઓ છે. એ વૃત્તિઓનો બહિર્હતિ અને અન્તઃસ્થિતિ.. આ બે પ્રકારનો નિરોધ એ યોગ છે. આ યોગના બે સાધન છે - અભ્યાસ અને વૈરાગ્ય. યોગનો પ્રયત્ન દીર્ઘકાલીન, નિરન્તર અને આદરપૂર્વકનો હોવો જોઈએ. વૈરાગ્યના બે પ્રકાર છે - અપર વૈરાગ્ય (વશીકાર) અને પરવૈરાગ્ય (ગુણવૈતૃષ્ણ્ય). આ અભ્યાસ અને બંને પ્રકારનો વૈરાગ્ય યોગનિરોધમાં ઉપકારક ઠરે છે.

આમ શ્રી પતંજલિઋષિએ દર્શાવેલ યોગની કંઈક સમજણ આપણે વિસ્તારથી વિચારી. આ વિચારણાને સ્પષ્ટ કરવા થોડો વિસ્તાર કર્યો છે. એમાં અનેક સ્થળે જીવ શબ્દનો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ આપણા જૈનદર્શનની અપેક્ષાએ સમજવો, પાતંજલયોગદર્શનની અપેક્ષાએ નહીં. એટલે કે પાતંજલયોગદર્શનની અપેક્ષાએ તો એને બુદ્ધિ કે ચિત્ત જ સમજવો, કારણકે જીવનું જે અશુદ્ધસ્વરૂપ છે એ જ પાતંજલ વિદ્વાનોને ચિત્ત તરીકે અભિપ્રેત છે એ વાત આપણે આગળ જોઈશું... એટલે જ પ્રકૃતિથી પુરુષને ભિન્ન જોવો.. એમાં પુરુષનું શુદ્ધ અલૌકિક સ્વરૂપ જોવું.. વિષયોની

ભયંકરતા નિહાળવી.. વિચારવી.. વિરક્ત બનવું.. વિષયપ્રવૃત્તિઓને રુંધવાનો દ્રઢ સંકલ્પ કરવો.. ને પછી એ માટે વારંવાર અભ્યાસ કરવો... આ બધું જ પાતંજલમતે બુદ્ધિ જ કરે છે. કારણ કે પુરુષ તો પુષ્કરપલાશની જેમ નિર્લેપ છે, સ્થિર એક સ્વભાવવાળો છે.. અકર્તા છે.. અભોક્તા છે.

સ્ફટિક સ્વયં નિર્મળ હોવા છતાં લાલવસ્ત્રનું સાન્નિધ્ય હોય ત્યાં સુધી લાલ દેખાય છે, ને એ ખસી જવા પર એનું શુદ્ધસ્વરૂપ ભાસે છે... એ જ રીતે બુદ્ધિ પુરુષને વળગેલી છે એટલે બુદ્ધિના કર્તૃત્વ- ભોક્તૃત્વ વગેરે ધર્મો પુરુષમાં ભાસે છે.. ને એ જ પુરુષનો સંસાર પર્યાય છે. ને બુદ્ધિ જ્યારે ખસી જાય છે ત્યારે આ કર્તૃત્વાદિ કશું ભાસતું નથી, ને તેથી પુરુષનું પોતાનું શુદ્ધ સ્વરૂપ ભાસે છે.. આ પુરુષનો મોક્ષપર્યાય છે. અલબત્ત, પુરુષ તો બંને અવસ્થામાં પોતાના એ જ શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને જાળવી રાખે છે, એમાં અંશમાત્ર પણ ફેરફાર થતો નથી, કારણકે એ નિર્વિકાર દ્રવ્ય છે, પણ બાહ્ય દૃષ્ટિએ કર્તૃત્વાદિ ભાસે એ સંસારપર્યાય, ને એ ભાસવાના બંધ થાય એ મુક્તપર્યાય.. આવો વ્યવહાર થાય છે.

પ્રકૃતિમાં (બુદ્ધિમાં) કર્તૃત્વનો જે ભાસ થાય છે એ પણ પ્રકૃતિનું અભિમાન જ છે, કારણ કે ચૈત્યન્યના પ્રતિબિંબ વિના એ શક્ય જ નથી. આ અભિમાનના કારણે પ્રકૃતિને જ દુઃખ થાય છે, ને તેથી આ દુઃખથી કાયમી છૂટકારો શી રીતે થાય ? એવો અધ્યવસાય પ્રકૃતિને થાય છે. પ્રકૃતિ આ અભિમાનને છોડે, આ કહેલો અધ્યવસાય સેવે ને પછી યોગ માટે પ્રયત્નશીલ બને એ માટે જ મોક્ષ ઉપદેશક ગ્રન્થો છે.. આવું પણ પતંજલિઋષિએ કહ્યું છે.

શ્રી પતંજલિઋષિએ આપેલા યોગના 'ચિત્તવૃત્તિનિરોધ એ યોગ' એવા આ લક્ષણમાં ગ્રન્થકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ શી ખામી દર્શાવે છે તે હવે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૬૫

શ્રી પતંજલિઋષિએ આપેલા 'ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગ' એવા યોગલક્ષણમાં ગ્રન્થકાર ઉપાધ્યયાજી મહારાજ શું ખામી દર્શાવે છે ? એ આપણે આ લેખમાં વિચારીશું.

જો આત્માને સર્વથા અપરિણામી = પુષ્કરપલાશવત્ નિર્વિકાર = સ્થિર એક સ્વભાવવાળો માનવામાં આવે તો આ યોગલક્ષણ બિલકુલ યોગ્ય ઠરતું નથી, કારણકે એવા આત્માને તો ક્યાંતો અવશ્ય સંસારનો અભાવ હોય ને ક્યાં તો અવશ્ય મોક્ષનો અભાવ હોય. આશય એ છે કે બુદ્ધિની હાજરીમાં પણ પુરુષ તો પોતાના નિર્લેપ સ્વભાવને બિલકુલ છોડતો જ નથી. એ તો બુદ્ધિની અસરને બિલકુલ ઝીલતો નથી.. પછી એને સંસારી કહી શી રીતે શકાય ?

**પ્રશ્ન :** બુદ્ધિના કર્તૃત્વાદિધર્મોથી પોતે લેપાયો ભલે નથી, પણ લેપાયો હોય એવો ભાસે તો છે ને !

**ઉત્તર :** રેલવે ટ્રેકના બે પાટા થોડે આગળ જઈને ભેગા થઈ જાય છે એમ બધાને ભાસે છે. તેમ છતાં વસ્તુતઃ એ ભેગા થતા ન હોવાથી 'સમાંતર જાય છે' એમ જ કહેવાય છે, 'ભેગા થઈ જાય છે' એમ કહેવાતું નથી, એમ પ્રસ્તુતમાં આત્મા જો કશી અસર ઝીલતો નથી, તો ભાસવામાત્રથી કર્તૃત્વાદિ એના બની જતા નથી, ને બની જતા નથી તો એ એનો સંસારપર્યાય કહી શકાતો નથી.

**પ્રશ્ન :** પ્રકૃતિથી ઉપહિત = સન્નિહિત હોવું કે પ્રકૃતિના વિકારોથી = બુદ્ધિથી - કર્તૃત્વાદિ ધર્મોથી ઉપહિત હોવું એનેજ એનો સંસારપર્યાય કહીએ તો ?

**ઉત્તર :** પ્રકૃતિ કે એના વિકારોથી ઉપહિત હોવાપણાનો એનો સ્વભાવ બુદ્ધિ ખસી ગયા બાદ બદલાય છે કે નહીં ? જો 'બદલાય છે' એમ કહેશો તો 'એ એક-સ્થિર સ્વભાવવાળો કૂટસ્થનિત્ય

છે' એવી તમારી વાત ઊભી નહીં રહી શકે. અને 'નથી બદલાતો' એમ જો કહેશો તો હજુ સંસારપર્યાય જ પૂર્વવત્ ઊભો હોવાથી મોક્ષનો અભાવ ચોક્કસ માનવો જ પડશે. તથા કર્તૃત્વના અભિમાનના કારણે દુઃખ, એનાથી અત્યંત છૂટવાનો અધ્યવસાય અને તદર્થ પ્રયત્ન.. આ બધું જ જો પ્રકૃતિને છે, તથા પુરુષ તો અબદ્ધ જ છે.. તો મોક્ષ પણ પ્રકૃતિનો જ કહેવો પડે, પુરુષનો નહીં. અને એવું જો માનશો તો તમારા જ મહર્ષિઓએ આવું જે કહ્યું છે કે *'પચ્ચીશતત્ત્વનો જાણકાર પુરુષ બ્રહ્મચર્યાશ્રમ વગેરે ગમે તે આશ્રમમાં રહ્યો હોય કે જટાધારી-મુંડિત મસ્તકવાળો હોય કે શિખાધારી હોય તો પણ મુક્ત થાય છે, આમાં શંકા નથી-* એ અસંગત ઠરી જશે, કારણ કે એમાં પુરુષને મુક્ત થવાનો કહ્યો છે.

વળી, પ્રકૃતિને તમે એક માનો છે કે અનેક ? જો એક જ માનશો, તો એક આત્માનો મોક્ષ થવા પર બધાનો મોક્ષ થઈ જશે, કારણ કે એક આત્મા પ્રત્યે જો પ્રકૃતિએ પોતાનો અધિકાર પાછો ખેંચી લીધો.. તો બધા આત્મા પ્રત્યેથી એ પાછો ખેંચી લીધેલો તમારે માનવો જ પડશે. ને એ જ તો સર્વઆત્માઓનો મોક્ષ છે. પણ તમે તો શુકદેવજી વગેરે અનેક આત્માઓનો મોક્ષમાન્યો હોવા છતાં અન્ય અનંતા આત્માઓનો તે માન્યો નથી પણ.

**પ્રશ્ન :** શુકદેવજી વગેરે પ્રત્યે પ્રકૃતિનો અધિકાર વિલીન થઈ ગયો, ને અન્યો પ્રત્યે નથી થયો, માટે અન્યોનો મોક્ષ નથી થયો.. એમ માનીએ તો ?

**ઉત્તર :** તો પ્રકૃતિને જે સર્વથા એક માની છે તે એક ન રહેતાં અનેક થઈ જશે, કારણ કે સ્વભાવભેદે વસ્તુભેદ હોય છે. એક પ્રકૃતિમાં એક કાળે વિલીનાધિકારત્વ અને અવિલીનાધિકારત્વ (પુરુષ પ્રત્યેનો પોતાનો અધિકાર વિલીન થઈ ગયો હોવો, ને નહીં થયેલો હોવો) આવા પરસ્પર વિરુદ્ધ બે સ્વભાવ માની શકાય નહીં. એટલે જો એને વિલીન અધિકારવાળી માનશો તો સર્વ આત્માઓનો મોક્ષ

માનવો પડશે ને જો એને અવિલીનઅધિકારવાળી માનશો તો એકેયનો મોક્ષ માની શકાશે નહીં.

**પ્રશ્ન :** અમે પ્રકૃતિને એક જ માનીએ છીએ. પણ પ્રકૃતિના વિકારભૂત ચિત્તને = બુદ્ધિને અનેક માનીએ છીએ. એટલે કે દરેક આત્માને પોતપોતાનું સ્વતંત્ર ચિત્ત છે. જે આત્માને વિવેકખ્યાતિ = પ્રકૃતિ અને પુરુષ ભિન્ન હોવાનો નિશ્ચય થઈ જાય છે.. વળી સર્વચિત્તવૃત્તિઓનો નિરોધ થઈ જાય છે ને તેથી ચિત્ત અવિકારી થઈ જાય છે, તે આત્માનું એ અવિકારી ચિત્ત પ્રકૃતિમાં વિલીન થઈ જાય છે ને એ આત્માનો મોક્ષ થઈ જાય છે. અન્ય આત્માઓનું ચિત્ત હજુ અવિકારી બન્યું નથી. પ્રકૃતિમાં વિલીન થયું નથી.. ને તેથી એ આત્માઓનો સંસાર ઊભો છે. આવું માનીએ તો ?

**ઉત્તર :** આનો અર્થ એ થાય કે પ્રકૃતિમાં ચિત્તવિલય (=બુદ્ધિ વિલય) એ જ પુરુષનો મોક્ષ બન્યો. એટલે પ્રકૃતિમાં એક પુરુષની અપેક્ષાએ મોક્ષ રહ્યો, અન્ય પુરુષોની અપેક્ષાએ અમોક્ષ રહ્યો.. પણ આ સંભવિત નથી, કારણ કે પ્રકૃતિને સર્વથા એક માનેલી છે. એટલે મોક્ષની આધારતા અને અનાધારતા આવા બે વિરુદ્ધ ધર્મો રહી શકતા નથી. જો પ્રકૃતિને પણ આત્માદીઠ સ્વતન્ત્ર-સ્વતન્ત્ર માનશો તો એ કર્મ જ માન્યું કહેવાશે. કારણ કે દરેક આત્માના કર્મો અલગ-અલગ છે. તેમજ કર્મ હોય તો સંસાર.. ને કર્મ ખસી જાય એટલે મોક્ષ... એમ મનાયેલું જ છે. માત્ર બુદ્ધિને આત્માનો ગુણ માનવાનો રહેશે.. કારણ કે બુદ્ધિ-ઉપલબ્ધિ-જ્ઞાન- ચેતના વગેરે એકાર્થક શબ્દો છે. એટલે ચેતના જો આત્મામાં છે, તો બુદ્ધિ પણ આત્મામાં જ હોય. બાકી બુદ્ધિને જો જડ માનવાની હોય, તો તો 'આ મારું કર્તવ્ય છે' એવો અધ્યવસાય જ એને સંભવિત ન રહેવાથી એમાં કર્તૃત્વ જ શી રીતે સંભવિત બને ? માટે બુદ્ધિને આત્માનો જ ગુણ માનવો યોગ્ય છે.

**શંકા :** પણ બુદ્ધિ તો બદલાયા કરે છે.. એટલે આત્માને પણ બદલાવું આવશ્યક બનવાથી સ્થિર એક સ્વભાવ નહીં રહે..

**સમાધાન :** નહીં રહે તો નહીં રહે.. શું વાંધો છે ? આમે તમારી પ્રક્રિયામાં પણ એમાં અનેક સ્વભાવ માનવા જ પડે છે. કારણ કે સંસારકાળ દરમ્યાન આત્માનો જે સંસાર સ્વભાવ હોય છે તે મોક્ષમાં ગયા પછી હોય છે કે નહીં ? 'હોય છે' એમ તો કહી શકાશે નહીં, કારણ કે મોક્ષકાળે મોક્ષસ્વભાવ તો હોય જ છે. પછી સાથે સાથે એનાથી વિરુદ્ધ એવો સંસારસ્વભાવ શી રીતે હોય શકે ? એટલે જો એમ કહેશો કે મોક્ષકાળે મોક્ષસ્વભાવ જ હોય છે, સંસારસ્વભાવ નહીં, તો સ્વભાવ બદલાઈ જવાથી સ્થિર એકસ્વભાવ ક્યાં રહ્યો ?

**શંકા :** અમે સંસારસ્વભાવ અને મોક્ષસ્વભાવ.. એવા બે સ્વતંત્ર સ્વભાવો માનતા જ નથી.. ઉભયસંમીલિત એક જ સ્વભાવ માનીએ છીએ.. એ જ સ્વભાવ બુદ્ધિની હાજરીમાં એને સંસારી બનાવે છે, ને ગેરહાજરીમાં મુક્ત બનાવે છે.

**સમાધાન :** આ તો તમે અમારા સ્યાદ્વાદને જ સ્વીકારી લીધો.. એટલે છેવટે જૈનશાસનનો જ જય થયો. આશય એ છે કે નિત્યત્વ- અનિત્યત્વ.. એકત્વ- અનેકત્વ.. આવા પરસ્પર વિરુદ્ધ ભાસતા બે ધર્મોનો, નિત્યાનિત્યત્વ.. એકાનેકત્વ.. વગેરે એક સ્વભાવરૂપે સ્વીકાર કરવો એ જ તો સ્યાદ્વાદ છે.. તમે પણ સંસારસ્વભાવ (= સંસારિત્વ = અમુક્તત્વ) અને મુક્ત સ્વભાવ (= મુક્તત્વ) આ બે પરસ્પર વિરુદ્ધ ભાસતા બે ધર્મોનો મુક્તામુક્તત્વ એક ધર્મ રૂપે સ્વીકાર કરી રહ્યા છો.. તો સ્યાદ્વાદ જ સ્વીકારી લીધો ને ! જૈનશાસનમાં જ પ્રવેશ કરી દીધો ને ! તમારું સ્વાગત હો !

(બત્રીશ-બત્રીશી ગ્રન્થમાં પાતંજલ યોગદર્શનની અન્ય માન્યતાઓ ને એના પર ઉપાધ્યાયજી મ.ની વિચારણાઓ છે.. પણ આપણે એ બધી આ લેખમાળામાં લેવી નથી.)

આમ, મૂળમાં આત્માને અપરિણામી માનો- કૂટસ્થનિત્ય માનો તો પતંજલિઋષિએ આપેલ યોગલક્ષણ ઘટતું નથી એ સિદ્ધ

થઈ ગયું. તથા, વચનનિરોધ અને કાયનિરોધ પણ યોગરૂપ છે જ... ને તમારું 'ચિત્તવૃત્તિનિરોધ' રૂપ લક્ષણ એમાં જતું નથી, એટલે એટલી એની અવ્યાપ્તિ.. ન્યૂનતા કહેવાય. તથા યોગના અધ્યાત્મ- ભાવના વગેરે પ્રકારો પણ યોગગ્રન્થોમાં દર્શાવેલા છે. એમાં અધ્યાત્મ વગેરેમાં ચિત્તવૃત્તિનિરોધ નથી, ને છતાં એ યોગરૂપ તો છે જ.. માટે આ પણ અવ્યાપ્તિ દોષ આવ્યો. એટલે આના કરતાં, 'મોક્ષનો મુખ્ય હેતુ બનનાર વ્યાપાર એ યોગ છે' આવું મેં (= ગ્રન્થકારે) જે લક્ષણ આપ્યું છે એ જ યોગ્ય છે.

હવે અન્યદર્શનકારો કેમ ભૂલે છે એ થોડું વિચારી લઈએ...

આપણે આત્માનું શુદ્ધ સ્વરૂપ અને અશુદ્ધસ્વરૂપ... આ બંને વચ્ચે કેટલો મોટો તફાવત છે એ પૂર્વે વિચારી ગયા છીએ.

જે વસ્તુને નિત્ય કહી એને જ અનિત્ય પણ કહેવી...

જે વસ્તુને એક કહી એને જ અનેક પણ કહેવી...

જે વસ્તુને ભિન્ન કહી એને જ અભિન્ન પણ કહેવી...

જે વસ્તુને દ્રવ્યાત્મક કહી.. એને જ પર્યાયાત્મક પણ કહેવી..

પ્રથમ નજરે સાવ વિરુદ્ધ લાગતી આવી વાતોને જગતના ચોગાનમાં કોઈ પણ જાતના હિચકિચાટ વિના બેધડકપણે કહેવી.. પ્રથમ નજરે વિરુદ્ધ જણાતી હોવાથી આ વાતોની અન્ય દર્શનકારો બધા ભેગા થઈને મશ્કરી કરી રહ્યા હોય.. ત્યારે પણ પોતાની વાતમાં અડગ રહેવું.. આ સર્વજ્ઞતા વિના શક્ય જ નથી. બીજાઓને હાંસીપાત્ર બનતી વાતોને અંશમાત્ર પણ વિચલિત થયા વિના વળગી રહેવાનું ક્યારે બને ? અસંદિગ્ધપણે સાક્ષાત્ દેખાતી હોય તો જ ને ! એટલે પ્રભુને તો કેવળજ્ઞાનથી બધું સાક્ષાત્ હોવાથી, વસ્તુમાત્રમાં વ્યાપ્ત સ્યાદ્વાદ પણ સાક્ષાત જ હતો.. ને તેથી પ્રભુએ એનું નિરૂપણ કર્યું.

પણ અન્યદર્શનના પ્રણેતાઓને કેવલજ્ઞાન તો હતું નહીં. એટલે વસ્તુ સર્વાંશે સાક્ષાત્ તો છે નહીં.. એટલે જે જે રીતે એનું અસ્તિત્વ અનુભવમાં આવે.. એના પરથી જ એ કેવી હશે ? એની કલ્પના કરવાની રહી.. ને એ કલ્પનાને અનુસરીને જ નિશ્ચય કરવાનો રહ્યો. હવે, કલ્પના જ કરવાની હોય તો, અમુક બાબતો પરથી જેની નિત્ય તરીકે કલ્પના થઈ ગઈ.. વળી એ નિત્ય હોવાનું સમર્થન કરનારા કેટલાક તર્કો પણ મળી ગયા.. એટલે 'એ નિત્ય જ છે' આ વાત મગજમાં જડબેસલાક થઈ ગઈ. એમ તો કેટલીક બાબતો એ વસ્તુને અનિત્ય હોવી પણ ચીંધતી હોય છે.. પણ નિત્ય તરીકે અનેક રીતે નિશ્ચિત થઈ ગયેલી વસ્તુને, અનિત્ય તરીકે પણ સ્વીકારવી.. અને તે પણ સર્વજ્ઞતાના કે સર્વજ્ઞવચનરૂપ આગમના પીઠબળ વિના માત્ર કલ્પનાના આધાર પર.. આ માનવમન માટે શક્ય નથી.. માટે એ નિશ્ચિત થઈ ગયેલી નિત્યતાને જ તેઓ વળગી રહે છે, અને અનિત્યતાની સૂચક બાબતોની પછી ગમે તે રીતે સંગતિ કરવા મથે છે.. આ સંગતિ નિર્દોષ હોવી શક્ય જ હોતી નથી.. એટલે પોતાને જ પૂર્વાપરવિરોધ થાય.. વ્યવહારથી સાવ વિપરીત હોય.. પોતે નિષેધેલી વાતને ક્યાંક પાછી પોતે જ બીજા શબ્દોમાં સ્વીકારી લેવી પડતી હોય.. આવું બધું કંઈક અસમંજસ તેઓએ કરવું જ પડે છે. કાંઈ ન સૂઝે.. તો છેવટે, અનિત્યતા વ્યવહારથી છે.. પરમાર્થથી તો એ વસ્તુ નિત્ય જ છે.. આવું કંઈક પણ સમાધાન વિચારી લઈ પોતાની 'એકાંત નિત્યતાની માન્યતાને સાચી ઠેરવી દીધી' એવા મિથ્યાસંતોષમાં રાચવું પડતું હોય છે.

બીજા કોઈક વિદ્વાનને પહેલાં એવી બાબતો પર ધ્યાન ગયું કે જે વસ્તુને અનિત્ય હોવી સૂચવતી હતી. વળી એના સમર્થક અન્ય તર્કો પણ મળી ગયા.. એટલે 'વસ્તુ અનિત્ય જ હોય..' આ વાત જડબેસલાક ફીટ થઈ ગઈ.. પછી વસ્તુની નિત્યતાને સૂચવનાર બાબતો અંગે એ વિદ્વાનો પણ ઉપર કહ્યા મુજબના કંઈક અનુચિત

પ્રયાસ કર્યા કરે છે. છેવટે કાંઈ ન સૂઝે તો વસ્તુ પરમાર્થથી તો અનિત્ય જ છે.. નિત્યતા તો માત્ર વ્યાવહારિક છે.. એવા મિથ્યા આત્મસંતોષથી ચલાવી લે છે.

આવું જ દ્રવ્ય-ગુણ કે દ્રવ્ય - પર્યાય કે સ્વરૂપ-સ્વરૂપવાન્ કે અવસ્થા- અવસ્થાવાન્ વચ્ચેના ભેદ-અભેદ અંગે છે.. જેમની દૃષ્ટિ ભેદ પર ગઈ એમણે એકાન્તભેદ માની લીધો, અભેદને નકાર્યો. જેમની દૃષ્ટિ અભેદ પર ગઈ એમણે એકાન્તઅભેદ સ્વીકારી લીધો અને ભેદને નિષેધ્યો. 'જે બે ભિન્ન છે, એ જ બે અભિન્ન પણ છે જ' આવી તો કલ્પના પણ ક્યાંથી આવે ? આવું જ એકત્વ- અનેકત્વ.. સામાન્યાત્મકત્વ- વિશેષાત્મકત્વ.. વગેરે જોડકાંઓ માટે જાણવું.

બૌદ્ધોની નજર સ્વરૂપ- સ્વરૂપવાન્ વચ્ચેના અભેદ પર ગઈ. એકાન્તે અભેદ માની લીધો.. વળી સ્વરૂપ તો પ્રતિક્ષણ બદલાયા કરે છે.. માટે સ્વરૂપવાન્ એવી વસ્તુ પણ પ્રતિક્ષણ બદલાયા કરે છે. આમ એકાન્તે અનિત્યત્વ સ્વીકારી લીધું.. ને સર્વં ક્ષણિકં સૂત્રને પ્રાણ બનાવી દીધું.. (સ્વરૂપ બદલાય એટલે સ્વરૂપવાન્ એવી વસ્તુ બદલાય... આ નિયમ બધાને માન્ય છે. આને ટૂંકમાં સ્વરૂપભેદે વસ્તુભેદ કહેવાય છે. વસ્તુતઃ આ વસ્તુભેદ પણ એકાન્તે નથી.. સર્વથા નથી... પણ કથંચિદ્ છે. પણ અનેકાન્તવાદની સમજણ વિના એની કલ્પના સ્વપ્નમાં પણ શક્ય નથી. એટલે બધા એકાન્તે વસ્તુભેદ સ્વીકારી લે છે. અને જેઓ સ્વરૂપ-સ્વરૂપવાન્ વચ્ચે સર્વથા ભેદ માને છે તેઓ સ્વરૂપભેદે પણ વસ્તુભેદ માનતા નથી.)

હવે વસ્તુ બિલકુલ ક્ષણિક હોય.. બીજી ક્ષણે એક અંશરૂપે પણ એ વિદ્યમાન હોય જ નહીં.. બીજી ક્ષણે અસ્તિત્વમાં આવનાર વસ્તુ સર્વથા ભિન્ન જ હોય... તો પૂર્વાનુભૂતનું સ્મરણ શી રીતે થાય? કોને થાય ? પુણ્ય-પાપનું ફળ કોને મળે ? સાધના કોણ કરે અને એના ફળરૂપે મોક્ષ કોનો થાય ? આવા બધા ઢગલાબંધ પ્રશ્નો નિર્માણ થાય જ. એની સંગતિ માટે દીર્ઘકાળ ટકનાર કંઈક માનવું જ

પડે. એટલે તેઓ પણ સંતાન-વાસના વગેરેની કલ્પના કરી આ સ્મરણ વગેરેની સંગતિ કરવા મથે છે. વળી આ સંતાન વગેરેને ક્ષણિક માનવાનો તો કોઈ મતલબ જ નથી, કારણ કે તો તો એ પણ ક્ષણિક વસ્તુ જેવા જ થઈ જવાથી સ્મરણ વગેરેની સંગતિનો પ્રશ્ન ઊભો જ રહે. અને જો એને અક્ષણિક માનવામાં આવે તો તો પોતાનો પ્રાણભૂત 'સર્વં ક્ષણિકં' સિદ્ધાન્ત જ ઊડી જાય. એટલે સંતાનને કાલ્પનિક માને છે, અને એ સંતાનમાં (= પ્રવાહમાં = ધારામાં) આવનાર તે તે ક્ષણીય વસ્તુઓને (સંતાનીઓને) પારમાર્થિક માને છે- ક્ષણિક માને છે. સ્મરણ વગેરેની સંગતિ સંતાનદ્વારા કરે છે. પણ જેમ કાલ્પનિક ગાય વાસ્તવિક દૂધ આપી શકતી નથી એમ કાલ્પનિક સંતાન વાસ્તવિક એવા સ્મરણવગેરેની સંગતિ શી રીતે કરી શકે ? આવો બે ને બે ચાર જેવો વિચાર તેઓને ખુદને તો આવતો નથી પણ બીજાઓ સમજાવવા માગે તો પણ સમજવા-સ્વીકારવા તેઓ તૈયાર નથી.. આ બધો મિથ્યાત્વમોહનીયનો પ્રભાવ જાણવો.

આશ્ચર્ય તો એ છે કે, જેઓ એકાન્ત નિત્યવાદી છે, તેઓને પણ કેટલાય પ્રશ્નો નિર્માણ થાય છે, ને એની સંગતિ કરવા તેઓ પણ કંઈક કાલ્પનિક વાતો રજુ કરે છે.. એ વખતે 'આવી કાલ્પનિક વાતોથી કાંઈ આ રીતે સંગતિ ન કરી શકાય' એવું તેઓને કહેનાર ક્ષણિકવાદી પોતાની કલ્પના અંગે આ તર્કને વિચારી શકતો નથી. આ દર્શન મોહનીયના ઉદયનો પ્રભાવ છે.

વસ્તુતઃ કેટલીય બાબતો એવી છે જે, વસ્તુને ક્ષણિક ન માનો તો કોઈ રીતે સંગત થઈ જ શકે નહીં. એમ કેટલીય બાબતો એવી પણ છે જે વસ્તુને નિત્ય ન માનો તો કોઈ રીતે સંગત થઈ શકે નહીં. માટે વસ્તુ પરમાર્થથી નિત્ય પણ છે ને પરમાર્થથી જ અનિત્ય પણ છે. એટલે કે નિત્યાનિત્ય છે. આ જ અનેકાન્તવાદ છે.

સાંખ્યદર્શને અને પાતંજલયોગદર્શને આત્માને નિત્ય માન્યો છે. એમ તો નૈયાયિકોએ પણ આત્માને નિત્ય માન્યો છે. પણ

નૈયાયિકોએ આત્માના જ્ઞાનાદિ ગુણોને સર્વથા ભિન્ન માનેલા છે. એટલે એમાં ફેરફાર થાય તો પણ આત્મા વગર ફેરફારે નિત્ય રહી શકે છે. પણ સાંખ્યાદર્શન માટે એવું માનવું શક્ય નથી. એણે તો પરિણામનાશે પરિણામનો પણ નાશ માન્યો છે. એટલે આપણને જે કાંઈ સંવેદનો થાય છે - 'જેવા કે આ ઘડો છે' 'આ કપડું છે..' વગેરે જ્ઞાન, વિવિધ ઇચ્છાઓ, વિષયપ્રવૃત્તિઓ, એનાથી થનાર સુખ-દુઃખના અનુભવો.. ક્રોધ-માનાદિ કષાયો, રાગ-દ્વેષ- હાસ્ય- ભય વગેરે લાગણીઓ.. વિવિધ ક્રિયાઓનું કર્તૃત્વ આ બધા જ પરિણામો નાશ પામે છે. માટે, આ બધાને જો આત્માના પરિણામ તરીકે સ્વીકારવામાં આવે તો તો આમાંના તે તે પરિણામનાશે આત્માનો પણ નાશ થઈ જવો માનવો પડે. જે માનવો એમના માટે શક્ય નથી, કારણ કે અનેકાન્તવાદની એમને એલર્જી છે. એટલે તે તે પરિણામરૂપે નાશ.. અને અન્ય પરિણામરૂપે અનાશ.. આવું તેઓ કહી શકતા નથી.. જો નાશ કહેવો હોય તો સર્વથા નાશ જ કહેવો પડે ને જો નાશ ન કહેવો હોય તો સર્વથા નાશનો અભાવ = સર્વથા અનાશ જ કહેવો પડે. એટલે કે અંશમાત્ર પણ નાશ નહીં = ફેરફાર નહીં- સ્થિર એક સ્વભાવ = કૂટસ્થ નિત્યત્વ કહેવું પડે.

સર્વથા નાશ-અનાશના આ બે વિકલ્પોમાંથી તેઓ નાશનો વિકલ્પ સ્વીકારી શકતા નથી. કારણ કે એનો અર્થ થાય પુરુષનો સર્વથા નાશ = ચૈતન્યનો સર્વથા નાશ. હવે ચૈતન્યનો જો સર્વથા નાશ માની લેવામાં આવે તો, ફરીથી ચૈતન્યને પેદા કરી શકે એવી કોઈ વસ્તુ દુનિયામાં ન હોવાથી ભવિષ્યમાં એ ક્યારેય પેદા જ થઈ ન શકે. ને એમ એક એક કરતાં દરેક પુરુષનો નાશ થઈ ગયા બાદ વિશ્વમાં એક પણ પુરુષ જોવા જ ન મળે. પણ આવું બનતું નથી, કે ક્યારેય બન્યું નથી. માટે પુરુષનો ક્યારેય નાશ થતો નથી. એટલે કે એનો હંમેશાં સર્વથા અનાશ જ હોય છે, અર્થાત્ એ કૂટસ્થનિત્ય છે. તેથી, જ્ઞાન-સુખ- દુઃખાદિ પરિણામો કે જે વિનશ્વરશીલ છે એ પુરુષના તો માની શકાતા નથી, તો કોના માનવા ? એ જેના પણ

માનવાના હોય એને ચેતન તો માની શકાય નહીં, કારણ કે તો તો પાછો ચૈતન્યનો નાશ વગેરે પ્રશ્નો આવી પડે. એટલે, આપણી સંવેદનાના જ્ઞાન-સુખાદિ પરિણામો જડ એવી પ્રકૃતિના પરિણામ તરીકે ઉત્પન્ન થયેલી જડ એવી બુદ્ધિના છે, એમ તેઓ કહે છે.

(ફરીથી, મિથ્યાત્વમોહનીયકર્મનાઉદયનો પ્રભાવ કેવો છે! બુદ્ધિ કહેવી અને છતાં જડ કહેવી. આ વાત સ્ત્રીને માતા કહેવી ને છતાં વાંઝણી કહેવી... ડિટ્ટો આવી હોવા છતાં પકડી શકતા નથી.. વળી બીજી વાત, આ જ્ઞાન-સુખાદિને તેઓએ બુદ્ધિના પરિણામ = ચિત્તની વૃત્તિઓ માની છે. એનો નાશ થવા છતાં બુદ્ધિનો (ચિત્તનો) નાશ તેઓ માનતા નથી. ને તેમ છતાં, એ જ્ઞાનાદિને પુરુષના પરિણામ માનીને 'જ્ઞાનાદિનાશ થવા છતાં પુરુષનો નાશ ન થાય' એવું તેઓ સ્વીકારી શકતા નથી. ખરેખર, મોહનો વિલાસ વિચિત્ર હોય છે !)

બુદ્ધિ જડ છે... ઘડો જડ છે.. છતાં, જ્ઞાનાદિ બુદ્ધિના જ પરિણામ તરીકે માનવા છે, ઘડાના નહીં.. એટલે જડ તરીકે સમાન એવા પણ બુદ્ધિ- ઘટ વચ્ચે કંઇક મુખ્ય તફાવત માનવો જ પડે. એ આ રીતે માન્યો- બુદ્ધિ ચૈતન્યથી ધબકતા પુરુષને સન્નિહિત હોવાથી બુદ્ધિમાં ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે.. ને તેથી એના જ્ઞાનાદિ પરિણામો થાય છે. ઘડામાં એ પ્રતિબિંબ પડતું ન હોવાથી એના એવા પરિણામો થતા નથી.

વસ્તુતઃ ક્ષાયોપશમિક જ્ઞાન, સુખ-દુઃખાદિલાગણીઓ, કામક્રોધાદિ ભાવો.. આવી બધી આપણી જે કાંઈ સંવેદનાઓ છે એ નથી સંપૂર્ણ શુદ્ધ એવા મુક્તાત્મામાં હોતી કે નથી માત્ર જડ એવા કેવલપુદ્ગલાત્મક ઘટ વગેરેમાં હોતી. એ તો કર્મ કે ઔદારિકશરીર વગેરે પુદ્ગલની સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલ આત્મદ્રવ્યમાં જ હોય છે. એટલે કે જડપુદ્ગલ અને ચેતનઆત્મા.. આ બંનેના સંમિશ્રણમાં જ હોય છે. જ્યાં જ્યાં આ સંમિશ્રણ છે ત્યાં ત્યાં (=

સંસારી જીવોમાં) એ જોવા મળે છે.. ને જ્યાં જ્યાં એ નથી ત્યાં ત્યાં (= મુક્તાત્મામાં કે ઘટાદિમાં) એ જોવા મળતા નથી. તો જ્ઞાનાદિને આ સંમિશ્રણમાંથી મૂળભૂત રીતે કોના પરિણામરૂપ માનવા? જડના કે ચેતનના ? આપણે કહીએ છીએ કે એ મૂળભૂત રીતે ચેતનના છે, માત્ર જડ એવા પુદ્ગલનું મિશ્રિતત્વ જોઈએ.

સાંખ્યદર્શનવાળા કહે છે કે એ મૂળભૂત રીતે જડ એવી બુદ્ધિના છે, માત્ર પુરુષનું પ્રતિબિંબ જોઈએ.

**પ્રશ્ન** : આમાં સાચું કોણ ?

**ઉત્તર** : એનો માધ્યસ્થ્યપૂર્વક વિચારણા કરીને નિશ્ચય કરવો જોઈએ. આપણે 'આપણે' છીએ, માટે સાચા... આવો વિચાર આત્મઘાતક છે. માધ્યસ્થ્યપૂર્વક વિચારણા આવી થઈ શકે -

(૧) જ્ઞાન, સુખ-દુઃખાદિ, કામ-ક્રોધાદિભાવો, હાસ્યાદિ લાગણીઓ.. આ બધું જ જો બાદ કરી નાખીએ.. તો પછી ચૈતન્ય છે શું ? આત્માને જ્ઞાનાદિ સિવાયનું એવું શું સંવેદન છે ? એવો કયો અનુભવ છે ? જેને ચૈતન્ય કહી શકાય ? વસ્તુતઃ આ જ્ઞાનાદિ જ ચૈતન્યના વિવિધ સ્વરૂપ છે.. આ જ્ઞાનાદિનો અનુભવ એ જ ચૈતન્યનો અનુભવ છે.. એટલે ચૈતન્ય જો આત્માનું છે, તો જ્ઞાનાદિ મૂળભૂત રીતે આત્માના છે.

(૨) 'ચેતન એવો હું જાણું છું (જ્ઞાન કરું છું.)' 'ચેતન એવો હું સુખી છું' વગેરે અનુભવ થાય છે, પણ ક્યારેય 'જડ એવો હું જાણું છું' 'જડ એવો હું સુખી છું' આવી લાગણી થતી નથી. માટે પણ જણાય છે કે જ્ઞાન વગેરે ચેતન એવા આત્માના પરિણામો છે, પણ જડના નહીં.

(૩) જ્યારે જડ અને ચેતન અલગ પડી જાય છે, પછી આ જ્ઞાન-સુખાદિને અનુરૂપ ગુણો શુદ્ધચેતનમાં મળે છે કે શુદ્ધજડમાં એ વિચારવું જોઈએ. શુદ્ધ જડમાં તો આપણે કે સાંખ્યદર્શનવાળા.. બંને માનતા જ નથી. શુદ્ધ ચેતનમાં (= મુક્તાત્મામાં) આપણે કેવળજ્ઞાન,

અનંતસુખ વગેરે માનીએ છીએ.. તેઓ માનતા નથી. તો આ બેમાં સાચું શું ? સાંખ્યમતવાળા તો અલગ પડી ગયેલ ચેતન કે જડ.. એકેમાં જ્ઞાનાદિ કશું માનતા નથી. તેથી એના આધારે નિર્ણય ન થઈ શકે. પણ આપણે કેવલજ્ઞાન- અનંતસુખ વગેરે મુક્તાત્મામાં માનેલા છે. એ જો સત્ય સાબિત થઈ શકે તો સંસાર અવસ્થાના જ્ઞાન-સુખાદિ પણ મૂળભૂત રીતે ચેતનના પરિણામો છે એ અનાયાસે જ સિદ્ધ થઈ જાય.

સાંખ્યમતે જ્ઞાન-સુખાદિ બુદ્ધિના પરિણામો છે. વળી બુદ્ધિ પોતે જ યોગવગેરેનો પુરુષાર્થ કરે છે. જે એ દ્વારા સંપૂર્ણ રીતે જ્ઞાન-સુખાદિથી શૂન્ય બની જાય છે. તો શું આ શક્ય છે ? ભલે અલ્પજ્ઞાન હોય.. દુઃખમિશ્રિત સુખ હોય.. છતાં સાવ જ્ઞાન ન હોવું.. સુખનું સંવેદન નહોવું.. એના કરતાં તો બેશક અલ્પજ્ઞાન- દુઃખમિશ્રિત સુખનું સંવેદન પણ ગૌરવાસ્પદ છે જ. તેથી, બુદ્ધિ સ્વયં પોતાના ગૌરવાસ્પદ સ્વરૂપને છોડી દેવા માટે અત્યંત કષ્ટપ્રદ દીર્ઘકાળસુધી નિરંતર સાધના કરે એ વાત શું દિમાગમાં જચે એવી છે ? વળી દીર્ઘકાળ અને નિરંતર.. આ બેની સાથે 'આદરપૂર્વક' પણ જણાવ્યું છે. પોતાના વર્તમાનસ્વરૂપ કરતાં હીનસ્વરૂપ માટે બુદ્ધિ આદરપૂર્વક પ્રવર્તે આવું માનવમાં શું ઔચિત્ય છે ? હકીકત એ છે કે સામા પ્રવાહે તરવા જેવી અત્યંત કષ્ટસાધ્ય સતત સંઘર્ષસાધ્ય નિરંતર દીર્ઘ-કાલીન આદરસહિતની સાધના શક્ય તો જ બને જો એના ફળસ્વરૂપે કોઈ અતિ અતિ અતિ વિશિષ્ટ કક્ષાની ચીજ પ્રાપ્ત થવાની હોય.. નજર સામે આવું કોઈ ફળ રમતું ન હોય તો અતિકષ્ટસાધ્ય સાધના કરવાનો ઉલ્લાસ જાગે જ શી રીતે ? એમ એ સાધનાને ટકાવી રાખવાનો ને ટકાવ્યા બાદ વધાર્યે રાખવાનો ઉલ્લાસ પણ બને શી રીતે ?

**શંકા** - પણ પુરુષનું શુદ્ધસ્વરૂપ પ્રગટ થવું એ જ એવું અત્યંત વિશિષ્ટ ફળ છે ને !

**સમાધાન** - પુરુષ તો સદા નિર્લેપ હોવાથી એનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ જ છે ને ! એ ક્યાં નવું પ્રગટ કરવાનું છે કે જેથી એ ફળ તરીકે નજર સામે રમ્યા કરે ? વળી, બુદ્ધિની વૃત્તિઓ અતિવિશિષ્ટ છે કે આ શુદ્ધ સ્વરૂપ ? જો શુદ્ધ સ્વરૂપ અતિવિશિષ્ટ હોય, તો તો બુદ્ધિમાં પ્રતિબિંબિત થવાની સાથે એ જ છવાઈ જવું જોઈએ અને તેથી સરવાળે ભાસ શુદ્ધ ચૈતન્યનો જ થવો જોઈએ, બુદ્ધિની વૃત્તિઓનો નહીં... દર્પણ પર એક અત્યંત આછું ભૂરું કિરણ પડી રહ્યું છે ને બીજો અતિ તેજસ્વી લાલ પ્રકાશ પ્રતિબિંબિત થઈ રહ્યો છે, તો સરવાળે લાલ પ્રકાશ જ ભાસે એ નિઃશંક છે.

એટલે આત્માના શુદ્ધસ્વરૂપને કેવલજ્ઞાન- અનંતસુખ વગેરેમય માનવામાં આવે તો જ એ અતિવિશિષ્ટફળરૂપ બનવાથી નજર સામે રમ્યા કરે ને યોગાભ્યાસના ઉલ્લાસને વધાર્યા કરે. અને આમ કેવલજ્ઞાનાદિ જો આત્મપરિણામરૂપ છે, તો 'આ ઘડો છે' વગેરે જ્ઞાનાદિ પરિણામોને પણ મૂળભૂત રીતે ચેતન એવા આત્માના જ માનવા યોગ્ય રહે છે, જડ એવી પ્રકૃતિના નહીં. એટલે સંસારી અવસ્થામાં - (જડ - ચેતનની સંમિશ્રણ અવસ્થામાં) સંવેદાતી જ્ઞાનાદિ સર્વે સંવેદનાઓ આત્માની જ છે, પ્રકૃતિની નહીં.. વસ્તુતઃ બુદ્ધિ પણ આત્માનો જ પરિણામ છે, ને તેથી બુદ્ધિની વૃત્તિઓ પણ આત્મપરિણામ જ છે. આત્મા જ કર્તા છે, ભોક્તા છે, પુણ્ય-પાપનો જનક છે.. આત્મા જ યોગની સાધના કરે છે ને આત્માનો જ મોક્ષ થાય છે.

પ્રકૃષ્ટમાં પ્રકૃષ્ટકક્ષાના મતિજ્ઞાનાદિ ચારે છાદ્મસ્થિક જ્ઞાનો ભેગા થાય તો પણ કેવલજ્ઞાનનો અનંતમો ભાગ જ રહે છે. એટલે કે આ ચારે ભેગા થઈને પણ કેવલજ્ઞાનને પેદા કરી શકતા નથી. એનો જ અર્થ એ થાય છે કે કેવલજ્ઞાનને પેદા કરી શકે એવી કોઈ ચીજ આ વિશ્વમાં નથી. એ જ રીતે સંસારનું સર્વસુખ ભેગું કરવામાં આવે તો પણ મુક્તાત્માના સુખનો અનંતમો ભાગ જ રહે છે. એટલે

કે સિદ્ધસુખ પણ પેદા કરી શકાય એવી ચીજ નથી. આ જ રીતે અનંતવીર્ય વગેરે માટે જાણવું. આમ આત્માનું શુદ્ધ સ્વરૂપ એ પેદા થઈ શકે એવી વસ્તુ નથી. તેથી સંસારી અવસ્થામાં પણ એ વિદ્યમાન જ હોય છે. સિદ્ધાવસ્થામાં નવું ઉત્પન્ન થયું હોય એવું હોતું નથી. વળી અનેકાન્તવાદ તરફ દૃષ્ટિ નથી. એટલે પાતંજલવિદ્વાનોએ આત્માને- પુરુષને સદાકાળ માટે શુદ્ધ-બુદ્ધ- નિર્લેપ- સ્થિરૈકસ્વભાવ માની લીધો... હવે, એ જો શુદ્ધસ્વરૂપવાળો જ છે.. ને શુદ્ધસ્વરૂપની સાથે અશુદ્ધસ્વરૂપ તો રહી જ ન શકે એવી એકાન્ત માન્યતા છે.. વળી અલ્પજ્ઞાન- સુખ- ક્રામક્રોધાદિ પણ અનુભવાય તો છે જ. એટલે એ અશુદ્ધસ્વરૂપના આધાર તરીકે પુરુષ ભિન્ન કંઈક માનવું પડે. તેથી એ આધાર તરીકે બુદ્ધિ માની.. ને આખી પ્રક્રિયા એ આધારે દર્શાવી.. પણ આપણે તો અનેકાન્તવાદને વરેલા છીએ, કારણ કે વિશ્વની તમામ વસ્તુઓ એને વરેલ હોવાથી સર્વજ્ઞ પ્રભુએ એ ભાખેલો છે. એટલે 'શુદ્ધ અને અશુદ્ધ.. બંને સ્વરૂપ એક સાથે રહી શકે છે એમ કહીએ છીએ. સંસારીજીવમાં શુદ્ધસ્વરૂપ યોગ્યતારૂપે રહેલું છે ને અશુદ્ધ સ્વરૂપ અભિવ્યક્ત રૂપે રહેલું છે.. પણ છે બંને આત્માના સ્વરૂપો જ.

યોગની સાધના દ્વારા આત્મા પોતે જ સ્વરૂપમાંથી અશુદ્ધિને ઘટાડતો જાય છે, શુદ્ધિને વધારતો જાય છે.. ને છેવટે સંપૂર્ણ શુદ્ધસ્વરૂપ પામી જાય છે, જે એનો મોક્ષ થયો કહેવાય છે.

એટલે, અનેકાન્તવાદમય જૈનશાસનની વાતો જ સર્વ યુક્તિ સંગત છે એ નિઃશંક પ્રતીત થાય છે.

આમ અગ્યારમી પાતંજલયોગલક્ષણ નામની બત્રીશીની કંઈક વિચારણા પૂરી થઈ. હવે આગામી લેખથી બારમી પૂર્વસેવાબત્રીશીની વિચારણા ચાલુ કરીશું.

❖ ❖ ❖

# સ્વ. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના જીવનની પ્રેરક વાતો

હજારો ગુમરાહ યુવાનોના રાહબર, ન્યાયનિપુણમતિ, વિક્રમની એકવીસમી સદીના પૂર્વાર્ધ કાળમાં શ્રી જૈનસંઘના અનન્ય ઉપકારી, વ્યાવહારિક અતિ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું હોવા છતાં પ્રબળ વૈરાગ્ય સાથે સંયમજીવન લેનાર તથા જીવનના અંત સુધી એવા જ વૈરાગ્યને જીવી જાણનાર સ્વ. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દી પ્રસંગે કોટિકોટિ વંદનપૂર્વક એમના જીવનની કેટલીક પ્રેરક વાતો જોઈએ.

❒ 'પ્રતિક્રમણ તો ભાનુવિજયનું જ.' (આચાર્યપદવી પૂર્વે પૂજ્યશ્રીનું નામ ભાનુવિજયજી હતું.)

❒ 'ચાંદની રાત હોય... ઉપાશ્રયમાં બીજા મહાત્માઓ સંથારી ગયા હોય. એવા અવસરે ઊભડક પગે બેસીને કામળી ઓઢીને કોઈ મહાત્મા, ચંદ્રપ્રકાશમાં કાંઈ લખી રહેલા જોવા મળે તો સમજવું કે એ ભાનુવિજયજી હશે.'

❒ સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્ર ચૂડામણિ દાદાગુરુદેવશ્રી **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબે પોતાના અનેક શિષ્ય-પ્રશિષ્યાદિ વ્યાખ્યાનવાચસ્પતિ હોવા છતાં આ શિષ્યને જ ૩૩-૩૩ વર્ષો સુધી પોતાની પાસે રાખી આજીવન અંતેવાસી બનાવવાની મહાકૃપા કરી.

આ બાબત શું એ નથી સૂચવતી ? કે...

- પૂજ્યશ્રી ધન્યાતિધન્ય હતા.. કારણ કે જે શિષ્ય પોતાના દિલમાં ગુરુને વસાવે છે તે ધન્ય છે અને આગળ વધી જે શિષ્ય સ્વગુરુના દિલમાં વસી જાય છે તે ધન્યાતિધન્ય છે.
- નિર્મળ બ્રહ્મચર્યમૂર્તિ કર્મસાહિત્યનિષ્ણાત ગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજને પ્રતીતિ હતી કે આ શિષ્યનું સંયમ નિર્મળ છે...
- આ શિષ્યનું વ્યાખ્યાન-નિરૂપણ શાસ્ત્રાનુસારી છે.
- આ શિષ્યની વિચારધારા તથા માર્ગદર્શન સ્વકેન્દ્રિત નથી, શાસનકેન્દ્રિત છે.
- આ શિષ્ય સાધુઓને સાચી રીતે સંયમ-સ્વાધ્યાયમાં આગળ વધારનાર છે.

- આ શિષ્ય ગામોગામ... સંઘ-સંઘમાં વિખવાદ, ઝઘડા ઊભા કરનાર નથી, પણ એ સુલઝાવી એકતા સ્થાપનાર છે.

★

**પૂજ્ય ગુરુદેવશ્રી...**

- પંચાચાર-પ્રવીણ હતા...
- તપ, ત્યાગ અને તિતિક્ષાની જીવંત મૂર્તિ હતા.
- समयं गोयम ! मा पमायए... એક સમયનો પણ પ્રમાદ ન કરવાના પ્રભુઉપદેશનું મૂર્ત્ત સ્વરૂપ હતા.
- ખૂબ જ અલ્પનિદ્રા... નિદ્રાવિજેતા હતા.
- વર્ધમાન તપની ૧૦૮ ઓળીના આરાધક વર્ધમાન તપોનિધિ હતા.
- વિજ્ઞાનની ચકાચોંધની અંજામણ, શિક્ષણની વિચિત્રતા તથા સમાજની અર્થકામના જ લક્ષ્યવાળી રીતરસમો... આ બધાના પ્રભાવે સમ્યગ્ જ્ઞાનક્રિયાના માર્ગથી સેંકડો યોજન દૂર ફંટાઈ રહેલી યુવાપેઢીને સમ્યગ્ જ્ઞાનક્રિયાના માર્ગે પાછા વાળનારી શિબિરોના આદ્ય સ્વપ્નદ્રષ્ટા, પ્રેરણાકર્તા અને વાચનાદાતા હતા.
- ખરા અર્થમાં ન્યાયવિશારદ હતા...

જે ગ્રંથને નિહાળીને કાશીના દિગ્ગજ પંડિતો પણ મોંમાં આંગળાં નાખી ગયા... એ 'ન્યાયભૂમિકા' નામના અદ્ભુત ગ્રંથના સર્જનહાર હતા. (ન્યાયદર્શનના ગ્રંથો અતિજટિલ ગણાય છે. એના ઊંડા પરિશીલનનો પરિપાક એટલે પ્રસ્તુત ગ્રંથ. ન્યાયદર્શનના પાયાના પારિભાષિક શબ્દોની સરળ-સ્પષ્ટ સમજણ આ ગ્રંથમાં આલેખાયેલી છે.)

- દરેક ક્રિયા અત્યંત બહુમાનપૂર્વક અને ઉપયોગપૂર્વક કરનારા હતા. તેઓશ્રીની ક્રિયા એ ઉત્તમ ધ્યાનયોગ હતો.
- શ્રેષ્ઠ પ્રભુભક્તિ કરનારા હતા...
- ૪૨-૪૨ વર્ષ સુધી 'દિવ્યદર્શન' સાપ્તાહિક દ્વારા તથા શતાધિક પુસ્તકો દ્વારા અવિરત બોધપ્રદ ચિંતનપ્રવાહ વહાવનારા હતા.
- સાધુઓને લગભગ રોજિંદી વાચના દ્વારા વૈરાગ્યમાં ઝીલતા રાખનારા હતા.

- ચિત્રકલા, સંગીતકલા અને શિલ્પકલાના જ્ઞાતા હતા.
- અદ્‌ભુત શાસનરાગ અને જ્વલંત વિષયવિરાગ ધરાવનારા હતા.
- નિર્યામણામાં કુશળ ને ગ્લાનસેવામાં તત્પર હતા.
- નિષ્કલંક બ્રહ્મચારી હતા.
- શ્રીસૂરિમંત્રના નિત્ય-નિયમિત સાધક હતા.
- પ્રાચીન કથાઓમાંથી જીવનરહસ્યોની ખોજમાં, શાસ્ત્રપંક્તિઓ અને સ્તવનો પર અદ્‌ભુત અનુપ્રેક્ષામાં તેઓશ્રી માહેર હતા.

❑ જયપુર-આત્માનંદ જૈન સભા ભવનમાં પૂજ્યશ્રી ચાતુર્માસ બિરાજતા હતા. બે મુનિઓને વ્યાકરણ ભણાવવા પંડિતજી ચંડીપ્રસાદજી રોજ આવે. ચોમાસું પૂરું થવા આવ્યું. એક વાર પંડિતજીએ હૃદય ખોલ્યું : "મહારાજજી ! કૈસી બડી વિભૂતિ હૈ આપકે ગુરુદેવ ! ઐસા સાધુ કહીં ભી આજ તક હમને નહીં દેખા ! ચાર માહ સે આતા હૂં, જાતા હૂં, દેખતા હૂં - આપકે ગુરુદેવ કો, તનિક ભી પ્રમાદ નહીં, દોપહર કભી સોતે નહીં, સારે દિન અપને ચિંતન ઔર લેખનકાર્ય મેં વ્યસ્ત રહતે હૈં, કોઈ આડંબર ભી નહીં રખા, અવધૂત હૈ સચ્ચે અવધૂત ! મેરા સિર ઝુક જાતા હૈ ઉનકો દેખકર !"

પૂજ્યશ્રીના ત્યાગ-વૈરાગ્ય-અપ્રમાદથી વગર ઉપદેશે વિદ્વાન બ્રાહ્મણપંડિત ખૂબ ભાવિત-પ્રભાવિત થઈ ગયા હતા.

❑ એક વાર પૂજ્યપાદ દાદા ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ એક મહાત્માને કહ્યું : "ભાનુવિજયને બોલાવ." "તહત્તિ" કહીને તુરત તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીને બોલાવવા ગયા. પૂજ્યશ્રી કાર્યમાં વ્યસ્ત હતા. તેથી ૨-૪ મિનિટ એમ જ ઊભા રહ્યા... એટલામાં ગુરુદેવશ્રીએ ઉપર જોયું. એટલે એમણે કહ્યું : "આપને પૂજ્ય ગુરુ મહારાજજી યાદ કરે છે."

આ સાંભળતાં જ ગુરુદેવશ્રીએ જરા ગુસ્સાથી એમને કહ્યું, "ગુરુદેવ બોલાવે છે તો મને તુરત કહેવું જોઈએ ને ? ઊભા કેમ રહ્યા ?

"આપ કાર્યમાં મશગૂલ હતા, તેથી ન બોલ્યો."

"ગુરુદેવના આદેશ આગળ મારું કાર્ય વળી કયું મોટું હતું...?" તેમ કહેતા તુરંત પોતાના ગુરુદેવશ્રી પાસે પહોંચી ગયા.

❑ "ના, તારે વ્યાખ્યાનમાં નથી જવાનું."

"પણ બા, પહેલાં તો વ્યાખ્યાનમાં તું પરાણે મોકલતી ને ખાસ કહેતી કે વ્યાખ્યાન સાંભળીએ તો ધર્મનું જાણવા મળે, જીવન સુધરે... ને હવે ના પાડે છે ?"

"હા, વ્યાખ્યાન સાંભળવાનાં, પણ બીજા મહારાજનાં; એ ભાનુવિજયનાં નહીં."

"પણ એમના વ્યાખ્યાનમાં તો સૌથી વધુ રસ પડે છે. શબ્દો હૃદયસોંસરવા ઊતરી જાય છે. સતત વૈરાગ્ય નીતરે છે, એમ થઈ જાય છે કે સંસાર કેટલો ભયંકર છે. નથી રહેવું સંસારમાં."

"હં, એટલે જ તારે નથી જવાનું. જે જાય છે તેને દીક્ષાની ભાવના થઈ જાય છે. ત્યાં ગયો છે તો ખેર નથી તારી."

સંવત ૨૦૦૭-૨૦૦૮ માં મા-દીકરાના આવા મીઠા ઝઘડા અનેક ઘરમાં ચાલુ થઈ ગયા હતા.

- One can become Jack of all things, one can become master of one thing, but none can become master of all things. આ અંગ્રેજી કહેવતને ગુરુદેવે ગલત ઠેરવી હતી. એક-એક યોગમાં ટોચે પહોંચ્યા હતા. પ્રકર્ષપ્રાપ્ત પ્રજ્ઞા, પ્રકર્ષપ્રાપ્ત સિદ્ધિઓ અને પ્રકર્ષપ્રાપ્ત પરિણતિ એ પૂજ્ય ગુરુદેવશ્રીની આગવી વિશેષતા હતી.

- વિ.સં. ૧૯૯૫નું ચાતુર્માસ પૂનામાં હતું. દિવાળીની રજાઓમાં એક માસ માટે બનારસથી પંડિતવર્ય શ્રી બદ્રિનાથજી શુક્લ ન્યાયગ્રંથોનું અધ્યાપન કરાવવા આવ્યા હતા. 'આત્મતત્ત્વવિવેક' જેવા જટિલ ગ્રંથોનું અધ્યયન ચાલુ થયું. 'પંડિતજીનો યોગ માત્ર મહિના માટે મળ્યો છે, જો ભોજનમાં વ્યતીત થતો સમય થોડો બચાવી લેવાય તો વધુ લાભ લઈ શકાય.' આ વિચારણાથી છઠ્ઠને પારણે છઠ્ઠ લગાતાર કરીને પંડિતજીના યોગનો પૂરેપૂરો લાભ લઈ લીધો. તે જ રીતે વિ.સં. ૧૯૯૯ માં પણ અધ્યયન માટે વધુ સમય મળે તે આશયથી ૧॥ મહિનો લગાતાર છઠ્ઠને પારણે છઠ્ઠ કર્યા હતા. કેવી વિરલ જ્ઞાનભૂખ !

- પૂજ્ય ગુરુદેવશ્રી, આત્મારામજી મહારાજની જેમ સાંપ્રદાયિક પક્કડ; વૈચારિક વ્યામોહ અને સંકુચિત દૃષ્ટિથી દૂર રહેતા હતા. આ તેઓશ્રીના બહુમૂલ્ય જીવનનું મહત્ત્વનું પાસું હતું. આથી જ તેઓશ્રી એક શાસ્ત્રવચનનું

અર્થઘટન કરતી વખતે પણ અનેક શાસ્ત્રોના સંદર્ભોને નજર સમક્ષ રાખતા અને તેથી તેઓશ્રી શાસ્ત્રવચનના નિચોડ રૂપે જે ઐદંપર્યાર્થ (=તાત્પર્યાર્થ) કાઢતાં તે ત્રિકાલ અબાધિત-અકાટ્ય પદાર્થ બની જતા.

- કાશીમાં દિગ્ગજ પંડિતોને ઉદ્‌બોધીને આપેલા વક્તવ્યનો એક અંશ :

"શિક્ષણ આપો... શિક્ષણ આપો" - ઘણી બુમરાણ થાય છે. પણ "કયું શિક્ષણ ? કઈ શિક્ષા ?" એનો કોઈને વિચાર નથી. જૈન દર્શન આ કહે છે કે, "રાગદ્વેષનો ક્ષય થાય તેવું શિક્ષણ એ જ ખરું શિક્ષણ." બાકી તો સરકસમાં કૂતરાંઓને પણ ઘણું શિક્ષણ અપાય છે." એક લેખકે કહ્યું કે, "Man has changed this earth physically-chemically and in many other ways, but the sorrowful thing is, he is utterly ignorant of the ultimate goal, as to why all this."

❑ **વર્તમાનકાળમાં...**

- આગમસાહિત્ય, કર્મસાહિત્ય, કે તે સિવાયના ગ્રંથો અંગે કોઈપણ મૂંઝવણ ઊભી થાય ત્યારે એના નિઃશંક સમાધાન માટે કોઈ પણ સમુદાયના મહાત્માઓ જે મહાત્માઓ તરફ નજર નાખે છે...
- સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આદિના ગ્રંથોનાં ઊંડાં રહસ્યોને પૂર્વાપર અવિરોધપણે સરળ ભાષામાં પ્રકટ કરનાર ભાવાનુવાદના રચયિતા જે મહાત્માઓ છે...
- સંસ્કૃત-પ્રાકૃતમાં નવું નવું સર્જન કરનારા જે મહાત્માઓ છે...
- હજારો યુવાનોને કલાકો સુધી જકડી રાખે એવી રસાળ ભાષામાં પ્રભુના ઉપદેશને વહાવનારા જે મહાત્માઓ છે...
- બોધપ્રદ હોવા છતાં ભારે રસપ્રદ કલમે આલેખાયેલાં ને ઘર ઘરમાં ભારે દિલચશ્પીથી વંચાતાં ઉપદેશપુસ્તકોના લેખક જે મહાત્માઓ છે...

આ બધા મહાત્માઓમાંના બહુ મોટાભાગના મહાત્માઓની પ્રતિભાના ઘડતરમાં પૂજ્યશ્રીનો સિંહફાળો હતો...

❑ અમદાવાદ-પાલડી-પંકજ સોસાયટીમાં શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિમંદિરમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પ્રસંગે વિવિધ ૨૨ સમુદાયોના બસોથી અધિક આચાર્યાદિ શ્રમણો અને અગિયારસોથી અધિક શ્રમણીઓની ઉપસ્થિતિ એ સૂચવતી

હતી કે પૂજ્યશ્રી શાસનના હતા. પૂજ્યશ્રીએ પોતાના-પરાયાનો ભેદ રાખ્યો નહોતો. અને તેથી કોઈપણ સમુદાયના સંયમીઓના સ્વાધ્યાય, સંયમ, સમાધિ અને અંતિમનિર્યામણા માટે દિન-રાત જોયાં નહોતાં.

❒ પૂજ્યશ્રીના જીવનપ્રસંગો વાંચતાં વાંચતાં કેટલીય વાર હૃદય અત્યંત ગદ્‌ગદ બન્યું છે. આંખો અનેક વાર અશ્રુભીની બની છે અને આખી સમગ્રતાથી તેઓશ્રીની ગુણગરિમા પર અમે ઓવારી ગયા છીએ. સાધનાનો એકેય પ્રદેશ બાકી નહીં રહ્યો હોય જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રતાપી પગલાં ન પડ્યાં હોય. તેઓશ્રીના શરીરનું એકેય રૂંવાડું એવું નહીં હોય જ્યાંથી સાધનાનો રણકાર ન નીકળતો હોય. તેઓશ્રીના સંયમજીવનની એકેય પળ એવી નહીં ગઈ હોય કે જેમાં તેઓશ્રીએ મોક્ષ ભણી કૂદકા ન લગાવ્યા હોય. શાસ્ત્રોને તેઓશ્રીએ માત્ર જાણ્યાં નહોતાં, જીવ્યા હતા.

❒ પંચમકાળનો અને છટ્ઠા સંઘયણનો એક માનવી સાધનાના પંથ ઉપર કેવી હરણફાળ ભરી શકે છે, કેવું પ્રચંડ સત્ત્વ ફોરવી શકે છે, કેવી મહાન ગુણસિદ્ધિઓને આંબી શકે છે અને કેવાં મહાન વિસ્મયો સર્જી શકે છે તે નિહાળવા માટે પૂજ્યશ્રીનો સ્મૃતિગ્રંથ "ભુવનભાનુનાં અજવાળાં" વાંચવા દરેક વાચકને ભલામણ છે.

❒ ૮૦ વર્ષની ઉંમરે પણ કોઈ લશ્કરી કર્નલની ખુમારીથી ઉત્સાહ અને હોંશપૂર્વક માઈલોનો વિહાર કરતાં કે અલ્પ નિદ્રા અને અલ્પ આહાર લઈને પણ અપ્રમત્તપણે ઉચ્ચ સંયમસાધનામાં દિવસભર રત રહેનાર આ મહાયોગીએ આશ્ચર્યકારક અઢળક સિદ્ધિઓ હાંસલ કરી છે. દુનિયાભરના ખિતાબો અને એવોર્ડો પણ ન મૂલવી શકે તેવું ભવ્ય જીવન તેઓશ્રીએ જીવી બતાવ્યું છે.

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા.નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી
કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧
૬-૮) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૯-૧૦) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૧) સત્પદાદિ પ્રરૂપણા
૧૨) હારિભદ્રયોગભારતી
૧૩) યોગવિંશિકા
૧૪) સિદ્ધિનાં સોપાન
૧૫) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૬) તત્ત્વ નિર્ણય
૧૭-૨૧) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૨) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટીપ્પણો
૨૩-૨૫) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૬-૨૭) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૮) સપ્તભંગીવિંશિકા
૨૯) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૦) નિક્ષેપવિંશિકા
૩૧) क्या जिनपूजा करना पाप है ?
૩૨) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૩) નયવિંશિકા
૩૪-૩૮) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧-૨-૩-૪-૫

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. લિખિત
## ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં...(ગુજ.+હિન્દી=૫૯૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૧૪૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિકખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...
૧૦) જેલર

BHARAT GRAPHICS-Ahmedabad
(079) 22134176, Mo. 9925020106